# મારા મનગમતા વિચારોની ડાયરી


લેખક
તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યભગવંત
**શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ના શિષ્ય
**મુનિશ્રી પ્રશમરતિવિજયજી**



**પ્રવચન પ્રકાશન**
૪૮૮, રવિવાર પેઠ,
પૂના-૨



પુસ્તક : **મારા મનગમતા વિચારોની ડાયરી**
લેખક : **મુનિશ્રી પ્રશમરતિવિજયજી**
વિષય : **જીવનચેતનાના લેખો**
આવૃત્તિ : **પ્રથમ**
મૂલ્ય : **૨૫-૦૦**



© : PRAVACHAN PRAKASHAN, 2006



**પ્રાપ્તિસ્થાન**

પૂના : **પ્રવચન પ્રકાશન**
૪૮૮, રવિવાર પેઠ, પૂના-૪૧૧૦૦૨
ફોન : ૦૨૦-૩૨૯૨૨૦૬૯
મો. ૯૮૯૦૦૫૫૩૧૦
Email : Pravachan Prakashan@vsnl.net

અમદાવાદ : **સરસ્વતી પુસ્તક ભંડાર**
૧૧૨, હાથીખાના, રતનપોળ,
અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૦૭૯-૨૫૩૫૬૬૯૨

**અશોકભાઈ ઘેલાભાઈ શાહ**
૨૦૧, ઓએસીસ,
અંકુર સ્કૂલની સામે, પાલડી,
અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન : ૦૭૯-૨૬૬૩૩૦૮૫
મો. ૯૩૨૭૦૦૭૫૭૯

ટાઈપ સેટિંગ : **વિરતિ ગ્રાફિક્સ,** અમદાવાદ-૩૮૦૦૧૬
ફોન : ૦૭૯-૨૨૬૮૪૦૩૨

લાભાર્થી પાને આવશે

# પ્રકાશકીય

વિ. સં. ૨૦૬૨. ડીસા શહેરમાં ચાતુર્માસ. તપાગચ્છાધિરાજ પૂજ્યપાદ આચાર્યભગવંત **શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના તેજસ્વી શિષ્યરત્નો પ્રવચનકાર બંધુબેલડી પૂ. મુનિરાજશ્રી **વૈરાગ્યરતિ-વિજયજી મ.,** પૂ. મુનિરાજશ્રી **પ્રશમરતિવિજયજી મ.** ની નિશ્રામાં સકલ શ્રીસંઘ ઉલ્લાસ ઉમંગથી આરાધનાઓમાં જોડાયો હતો. ડીસાનું **'રખેવાળ'** દૈનિક પણ ચાતુર્માસથી બાકાત નહોતું. બનાસકાંઠાના તળવિસ્તારો સુધી ફેલાવો ધરાવતાં આ દૈનિકનાં પાને રોજ ચાતુર્માસચિંતનનાં મથાળાતળે એક લેખ છપાતો. ડૉક્ટરો, પ્રૉફેસરોથી માંડીને ગામડાના પૂજારીઓ સુધી આ લેખોએ વર્ચસ્વ જમાવ્યું હતું. ખાસ આ લેખો વાંચવા માટે 'રખેવાળ' ખરીદનારા હતા. આ લેખો માટે જ રખેવાળ-ને પાડોશીનાં ઘેરથી ચોરી જનારા પણ હતા. આ લેખો માટે રખેવાળને પહેલું વાંચવાનો મીઠો ઝઘડો કરનારા પણ હતા. આ લેખોની કાપલીઓ ભેગી કરીને ફાઈલ બનાવનારા પણ હતા.

આ લેખો આજે પુસ્તકાકારે પ્રકાશિત થઈ રહ્યા છે તેનો અમને અઢળક આનંદ છે.

**— પ્રવચન પ્રકાશન**

# અનુક્રમણિકા


મારા મનગમતા વિચારોની ડાયરી ........ ૧
સારા અક્ષરો ........ ૩
પંખીનો સાક્ષીભાવ ........ ૫
આ જીવન છે ........ ૭
વરસાદ ........ ૯
તારીખ પાડવાની મજા ........ ૧૧
બડી ખૂબ સૂરત થી વો જિંદગાની ........ ૧૩
જે સપના જોયા હોય તે જ સાકાર કરી શકાય ........ ૧૫
તમારા વિચાર : તમારી પહેચાન.... ........ ૧૭
સારા માણસો ........ ૧૯
મનપાંચમના મેળામાં ........ ૨૧
ખોટા ભરોસે રહેતા નહીં ........ ૨૩
મનને ના પાડતાં શીખો ........ ૨૫
ખોટા વિચારો ........ ૨૭
તમે ધારો છો એટલા તમે હોંશિયાર નથી ........ ૨૯
સમયની સંગાથે ........ ૩૧
આળસ અને આળસ અને ........ ૩૩
અધૂરાં કામ : અધૂરાં નામ ........ ૩૫
ધાર્યું ધણીનું થાય છે ........ ૩૭
ક્રોધની તીનપત્તી ........ ૩૯
સ્પર્ધા પરાધીન બનાવે છે ........ ૪૧
ભૂલ થાય છે ત્યારે ........ ૪૩
ભૂલ બતાવીએ ત્યારે ........ ૪૫
ભૂલ દેખાય છે ત્યારે ........ ૪૭





ભૂલનું પુનરાવર્તન ........ ૪૯
ખુલાસો અને દિલાસો ........ ૫૧
એક્લા એક્લા વિચારવું ........ ૫૩
છાંયડો રે છાંયડો ........ ૫૫
સત્ય અને અસત્ય ........ ૫૭
ઈર્ષાનું તત્ત્વજ્ઞાન ........ ૫૯
ફરિયાદ સાચી : રજૂઆત ખોટી ........ ૬૧
તમે કેટલું બધું બોલો છો ? ........ ૬૩
દુઃખના દહાડા ........ ૬૫
જીવતો જાગતો ચમત્કાર ........ ૬૭
માન-સન્માન ........ ૬૯
ભૂતકાળ ........ ૭૧
તમે કહો છો કે ........ ૭૩
કોઈ જોડે કોઈ તોડે ........ ૭૫
મીઠાઈ અને રસોઈ ........ ૭૭
પ્રેમની પરિભાષા ........ ૭૯
સંબંધમાં પ્રેમ : પ્રેમમાં સંબંધ ........ ૮૧
અધિકાર ભાવના ........ ૮૩
આનંદ કી ઘડી આઈ ........ ૮૫
પ્રતિભાવ અને પ્રત્યાઘાત ........ ૮૭
તમે આપેલાં દુઃખોની દુનિયા ........ ૮૯
જરા યાદ કરો કુરબાની ........ ૯૧
રાતે સૂતા પહેલાં ........ ૯૩
જાગ રે જુવાન ........ ૯૫
યુવાની ........ ૯૭
આવતી કાલે સવારે ........ ૯૯
લો અમે તો આ ચાલ્યા ........ ૧૦૧

# મારા મનગમતા વિચારોની ડાયરી

મને સારા વિચારો ગમે છે. સારા વિચારો મેળવવા સારાં પુસ્તકો વાંચું અને સારા પ્રવચનકારોને સાંભળું, મારી યાદશક્તિ કમજોર. ઘણું વાંચું ને સાંભળું. યાદ થોડું જ રહે, ઘણું ખરું ભુલાઈ જાય. સારા વિચારો મનને મળે છે અને સમજાય છે તે ઘડી આનંદની હોય છે. સુંદર મજાની વાત જાણીને મજા આવી જાય, બુદ્ધિ અને ભાવનાને હર્ષ મળે, નવું શીખવા મળ્યું તેનો સંતોષ પણ સાંપડે.

સારા વિચારો શબ્દો બનીને આવે છે, વાક્યોની હારમાળા. એમાં મહત્ત્વનું અને નવતર એક વાક્ય તો સર્વશ્રેષ્ઠ હોય જ. મને એ ગમે, ગાથાની જેમ ગોખી લેવાનું મન થાય, એક અક્ષર પણ આઘો કે પાછો ના થવો જોઈએ, એ જ શબ્દો અને એ જ વિચાર. ઘડી બે ઘડીના સત્સંગમાં સારું સાંભળવા મળ્યું તેમાં બધી જ વાતો સારી હતી. એકાદ બે વાતો હૃદયસ્પર્શી હતી. ભીતરને હલાવી દે એવી હતી. સાંભળી તે જ ક્ષણે હું ઝૂમી ઉઠેલો. મેં એ વાત મારી ડાયરીમાં લખી લીધી. રોજ થોડું વાંચન કરું છું, પુસ્તક પાસેથી થોડાક નવા મુદ્દા મળ્યા. ચાર-પાંચ પાનાં વાંચ્યાં. તેમાં એકાદ સુવાક્ય મળ્યું. મને એ એકદમ ગમી ગયું. મારી ડાયરીમાં મેં તે નોંધી લીધું. હવે રોજનો આ ક્રમ બની ગયો છે. સાંભળું કે વાંચું તેમાં નવું હોય તે નોંધી લઉં. મારી ડાયરીનાં પાનાં ભરાઈ ગયાં છે. એ મારો સમૃદ્ધ ખજાનો છે. મારી પાસે આવેલા વિચારોને મેં આવકાર આપીને મારી ડાયરીમાં બિરાજમાન કર્યા છે. એક એક વાક્ય સાથે મારી અલાયદી ઓળખાણ છે. એક પણ વાક્ય મારાથી અજાણ્યું નથી. દરેક વાક્ય સાથેનો સંદર્ભ સ્વતંત્ર છે. એ દરેક વાક્યો વારંવાર વાંચું છું. એ વાક્ય હવે પારકું નથી. એ વાક્ય મારું છે. મને એ યાદ છે. મને એ વાક્યનો મર્મ સમજાયો છે. વાક્યે વાક્યે પ્રેરણા છે. વાક્યે વાક્યે અનુભૂતિ છે. મેં ડાયરી બનાવી છે. મને ફાયદો જ ફાયદો છે. મેં લખ્યું ન હોત તો એ વાક્ય મને યાદ હોત નહીં. એ વાક્ય દ્વારા મળતો આનંદ મારી પાસે હોત નહીં. મેં લખ્યું. એ વાક્ય મારી સંપત્તિ બની ગઈ. પૈસા હાથમાં આવ્યા પછી તિજોરી કે પાકિટમાં ન મૂકો તો



ચોરાઈ જાય તેમ સુંદર વાક્ય હાથમાં આવ્યા પછી એને ડાયરીમાં ના લખો તો વેરાઈ જાય. પૈસા ચોરાયાનું દુઃખ મેં જોયું છે. વાક્ય ચોરાયાનું દુઃખ અનુભવતો હોય તેવો વિરલો જોવા મળ્યો નથી.

સારા શબ્દો દ્વારા સારો વિચાર મળે છે. સદ્‌વિચારને સ્ટૉર કરવો જોઈએ અને શૅર કરવો જોઈએ. સદ્‌વિચાર ક્યાંથી મળ્યો તે મહત્ત્વનું નથી. એ નસીબથી જ મળે છે. એક વખત સદ્‌વિચાર મળ્યો તે સુવાક્યરૂપે ડાયરીમાં આવી જાય. એ વિચાર, એ સુવાક્ય સાંભળ્યું ત્યારે જે આનંદ મળેલો તેથી સવાયો આનંદ એ વાક્યને લખતી વખતે મળેલો અને લખ્યા પછી ડાયરીમાં જમા થઈ ગયેલું આ વાક્ય વારંવાર વાંચતી વખતે ખૂબ જ રાજીપો થયો છે. મનગમતું ગીત ગણગણતી વખતે મજા આવે તેમ આ ડાયરીનાં પાને પાને મજા આવી છે.

મારી ડાયરીમાં અક્ષરો મારા છે, વિચારો સારા છે, મારી ડાયરીમાં વિચારો જીવી રહ્યા છે તે અનેક માધ્યમો દ્વારા એકઠા થયા છે. મારે હંમેશ માટે મારી ડાયરીની માવજત કરવાની છે. મારી ડાયરીમાં રોજ નવું સુવાક્ય ઉમેરાવું જોઈએ. મારી ડાયરીમાં પ્રવેશ પામતું સુવાક્ય શ્રેષ્ઠ અને સાત્ત્વિક હોવું જોઈએ.

મારા મનગમતા વિચારો. પૈસાના કે ધંધાના કે ઘરના વિચારો કુદરતી આવે છે. એ મારા વિચારો છે. પણ મારા મનગમતા વિચારો કેવળ મારી ડાયરીમાં છે. મારી ડાયરીમાં બેસેલાં સુવાક્યો મારી પસંદગી પૂરવાર કરે છે. મારી ડાયરીમાં બેસેલા સુવાક્યો મારા સ્વભાવને ઘડે છે. મારી ડાયરીમાં સુવાક્યો આવ્યા છે અને આવ્યા કરશે. ભવિષ્યમાં મારું મન ખોટા રસ્તે જતું હશે તો મારી ડાયરીનાં આ સુવાક્યો મને રોકશે. કેમ કે આ મારા મનગમતા વિચારો છે.

# સારા અક્ષરો

મોતીના દાણા સફેદ હોય છે છતાં કાળી શાહીથી લખાયેલા અક્ષરોને આ મોતીના દાણા સાથે સરખાવવામાં આવે છે. મામૂલી પૅન છે. સાદો કાગળ છે. સસ્તી શાહી છે. તો અક્ષરોમાં મોતીના દાણા આવી જાય છે તેનું કારણ શું ? મજાનો સવાલ છે. જવાબ જાતે શોધી લેવાનો.

હું લખું છું ત્યારે મારા તરફથી રજૂ થનારી વાતને નકામી નથી જ માનતો. મારી રજૂઆતને હું મહત્ત્વની માનું છું. મારી વાતનો સંદેશો બરોબર પહોંચે તે માટે હું કાળજી રાખું છું. મેં જણાવ્યું હોય તે યોગ્ય રીતે સમજાય અને મને તેનો સમયસર જવાબ મળે તેની સમજદારી સાથે હું લખું છું. મારા સારા અક્ષરોનું મૂળ આ માનસિકતા છે. મને નથી ગમતું અને મારે આ પરાણે લખવું પડે છે તેવું મને ક્યારેય લાગ્યું નથી. મને રસ પડે છે માટે જ હું લખું છું. મારા લખવાથી મારું જીવન મજબૂત બને છે. હું લખું તે મારાં ભવિષ્યના મહેલ માટે મૂકાતી નાની ઈંટ જેવું લખું. મને લખવા મળે છે કેમ કે મને લખતા આવડે છે. મારાં ગૌરવની નિશાની છે કે હું લખું છું.

સારા અક્ષરો સામા માણસને ગમે છે. સારા અક્ષરો સામા માણસને મારી તરફેણમાં લઈ આવે છે. સારા અક્ષરોની સાથે મારો સ્વભાવ પણ સારો પૂરવાર થાય છે. સામા માણસને અને ભવિષ્યની તમામ સંભાવનાને સમજ્યા બાદ હું લખું છું. મારું લખવું તે પરિણામસાપેક્ષ કર્મ છે. હું સમયની કિંમત સમજીને લખું છું. હું કશીય હીનતાની ગ્રંથિ વિના લખું છું. મારા સારા અક્ષરો સાથે મારી વિચારધારા સંકળાયેલી છે. લખતી વખતે હું કેવળ સારું લખાય તેનો જ વિચાર કરું છું. વર્તમાન સમયે હાથમાં આવેલું કામ સારી રીતે કરવું જોઈએ. આ કામ પછી બીજું કામ હાથમાં આવશે ત્યારે તે કામ સારી રીતે કરીશું, અત્યારે તો એ કામ દૂર છે. એ કામની ધૂનમાં વર્તમાન કામને ખરાબ કરી નાંખવાનું ન હોય. આમાં બને એવું કે ભવિષ્યનું એ કામ જ્યારે વર્તમાન ક્ષણે કરવાનું કામ બનીને



હાથમાં આવશે તે વખતે તમને નવું ભવિષ્ય અને નવું કામ યાદ આવશે. તમે એ સમયે પણ વર્તમાન કામને વેઠ બનાવીને પતાવશો. દરેક નવું કામ ભવિષ્યનાં કામની કલ્પનાને લીધે તમે બગાડ્યાં જ કરશો. તમારી બેજવાબદારીને લીધે તમારું વર્તમાન અને ભવિષ્ય બંને ડામાડોળ રહેશે. તમને સારા અક્ષરો લખવાની કળા મળી છે તે તમે વાપરશો નહીં તો તમારી માટે કોઈ દયા ખાશે નહીં. સારા અક્ષર ન હોવાને લીધે જે અવ્યવસ્થા થાય છે, તેનો ભોગ બન્યા વિના તમારો છૂટકો નહીં રહે. તમારે વર્તમાનમાં જીવીને ભવિષ્યનું ઘડતર કરવાનું છે. તમે ભવિષ્યમાં જીવીને વર્તમાનનું પડતર કરી રહ્યાં છો.

મારી ઉતાવળ મારા અક્ષરોને બગાડે છે. હું શિસ્તબદ્ધ છું. મને ગુમાવી દેવાનું નથી ગમતું. મારે ઝપાટાભેર કામ પતાવવાનું હોય ત્યારે હું આગળ દોડું છું. ચાલવાને બદલે દોડો તો ઝડપ વધે છે પણ ચાલ નથી બગડતી. લખવામાં તો ચાલવું જ પડે છે. લખવામાં દોડો તો ચાલ બગડે છે. હું મારા વિચારોને સાચા પૂરવાર કરી શકું છું. હું ગભરાયા વિના સંવાદ સાધી શકું છું. હું મારી વાતને ગંભીર અને યોગ્ય વાત માનું છું. હું મારી રજૂઆત સામે મને શું જવાબ મળશે તે વિચારી શકું છું.

મારા સારા અક્ષરો મારા સ્વભાવને સારો પૂરવાર કરે છે. જોકે, વધુ પડતા સારા અક્ષરો ક્યારેક અસલિયત છૂપાડતો દંભ હોય છે. અતિશય સારા અક્ષરોની પાછળ જીદ્દી સ્વભાવ પણ ડોકાતો હોય છે. મારે મારા અક્ષરો સારા રાખીને આખરે તો સારા માણસ પૂરવાર થવાનું છે. ફાટેલાં કપડાં ગરીબીની નિશાની. ખરાબ અક્ષર કમજોરીની નિશાની. સારા કપડાં સુખની નિશાની. સુંદર અક્ષર માનસિક દૃઢતાની નિશાની.

# પંખીનો સાક્ષીભાવ

ઘરની બહાર મોટું ઝાડ છે. રોજ સાંજે પંખીઓ ટોળે વળે છે. તેમને ઘરની બારીમાં ડોકિયું કરવાનું ગમતું નથી. બલ્કે, બારી પાસે હું ઊભો રહું તો એ દૂર ઊડી જાય છે. પંખીને મારામાં રસ નથી. પંખીને મારો ડર છે. પંખીને હું કામ નથી લાગતો. પંખીને મારા વિના ચાલે છે. પંખી જન્મ્યું ત્યારથી માંડીને આજ સુધીમાં એ પંખીની જિંદગીમાં મારો કોઈ ફાળો નથી. એની રીતે એ જીવે છે. મારી આસપાસ રહેતા માણસો માટે મારે આ પંખી જેવા બનવું જોઈએ. એ બધા રોજ દેખાય છે. એમને રોજ જોવા જ પડે છે. મારી માટે એ કામ-ના નથી અને મારી માટે એ નકામા નથી. એમની જગ્યા પર એ છે. મારી જગ્યા પર હું છું. પંખીને પોતાનો માળો અને પોતાનું આકાશ ગમે છે. આ સિવાય તેને બીજે કશે જવું નથી ગમતું. પોતાનો માળો શોધી લે છે. મારે મારું ઘર અને મારા કામકાજ સિવાય બીજી કોઈ બાબતોમાં માથાં મારવાનાં નથી. મારું પેટ ભરાય તેટલી મહેનત કરવા સિવાયની ભાંજગડમાં મારે નથી પડવું. બીજા લોકો ભૂલ કરે છે તેની ટીકા કરવાની જવાબદારી મારી નથી. બીજા લોકોને મારાથી વિશેષ મોટાઈ મળે તેનાથી મારે જલવાનું હોય જ નહીં. મારો માળો તે જ મારું સુખ. એને જે મળ્યું તેને મારે શું લાગેવળગે ? મને એ નડતો હોય જ તો હું એનાથી અળગો રહું. ડરુ નહીં પણ સાવધ રહું. મને એ મૂરખ સમજતો હોય તો ભલે સમજતો. એની હોંશિયારી રહેશે એની પાસે. એની માન્યતાને લીધે મારું જીવન કે મારો સ્વભાવ ઘડાય નહીં. મારી માટે બીજા લોકો પારકા છે. મારે એમની સાથે કોઈ લેવાદેવા નથી. મારા ઉપકારી ન હોય તેવા લોકો સાથે મારે ઝાઝો વહેવાર રાખવાનો નથી. જેમને મળ્યા વગર ચાલે છે તેમને ભાવ આપીને મારે મારો સમય બગાડવાનો હોય નહીં. જોકે હું સ્વાર્થી નથી. મારા જ કૂવામાં ડૂબકી મારનારો દેડકો નથી, હું. મારી નજર સૌની સામે છે. મને જોનારા ઘણા છે તો મને દેખાનારા પણ ઘણા છે. મારી માનસિકતા એકદમ સ્પષ્ટ છે. કામ વિનાના મોટા લોકો વિશે પણ મારે વિચારવાનું નથી. બજારમાં થઈ રહેલી જબ્બર



ઉથલપાથલની ચર્ચા કરીને હાથમાં કશું આવવાનું નથી. વાસ્તે મારે એની ચર્ચામાં નથી જ પડવું. મને જે મળ્યું છે તેનો મને સંતોષ છે. મને મળ્યું છે તે મારી જ મહેનતનું પરિણામ છે. બીજાનું છીનવીને મેં મારું ઘર જમાવ્યું નથી. બીજાને ધક્કો મારીને મેં મારી જગ્યા બનાવી નથી. મેં મેળવ્યું તે મારી ડાળ પર પહોંચ્યું છે. મેં મેળવેલી જગ્યા સાથે મારી કાર્યક્ષમતા જોડાયેલી છે. મારી ભૂખ મર્યાદિત છે. મારી ઉડાન ગગનવિહારી છે. મારી પાંખોમાં વાદળો અને હવાઓ સમાય છે. મારે તો મારાં જ ભાગ્યમાં રમવાનું છે. મારી માટે મારા સિવાય બીજું કોઈ ધ્યાનપાત્ર નથી. મારે વિચારવાનું હોય કેવળ મારી માટે. મારે તો ફક્ત મારી જ બાબતની ચિંતા રાખવાની હોય. મારી સાથે બીજા કોઈનો વહેવાર કેવી રીતનો છે તે મારે જોવાનું નથી. મારે તો મારો વહેવાર જ સંભાળવાનો છે. મને પંખીનો સ્વભાવ ખૂબ ગમ્યો. પંખી માણસ સાથે વાત કરતું નથી. પંખી માણસની સાથે ભળતું નથી. પંખી માણસથી દૂર રહે છે. પંખી પોતાની દુનિયામાં મસ્ત રહે છે. પંખીની દુનિયા નાની અને નિર્દોષ છે. મારી દુનિયા અટપટી છે. મારી દુનિયામાં સરળતા હોય. મારી દુનિયામાં અપેક્ષાઓનો મોટો બોજો ન હોય. આખાં ગામની ચોવટ મારે કરવાની ના હોય. મારી પાસે ઓછા લોકો આવે તો મને ચાલતું હોય. મારી સાથે રહેનારા પર મને સંપૂર્ણ અને સાચુકલો વિશ્વાસ હોય. મારા નાનકડા પરિવારની બહાર મારી નજર ન હોય. સ્પર્ધા ન હોય. મારી સાથે મારો આત્મસંતોષ હોય. મારી પાસે મારો આત્મવિશ્વાસ હોય. મને બીજાથી દૂર રહેવાનું ગમતું હોય. મને પોતાનો ટહુકો વેરતા આવડતું હોય. મારું જગત કલબલાટથી ભર્યું ભર્યું હોય. માણસો વિના જીવીને પંખી સુખી રહે છે તેમ પારકી પંચાત વિના હું નિરાંતે જીવી શકું તો ભયો ભયો.

# આ જીવન છે

તમારે સૌને પ્રેમ આપવાનો છે. તમારે જીતવાનું કે હારવાનું નથી. તમારે વિશ્વાસ જીતવાનો છે. તમારે તમને મળી રહેલા પ્રેમની સામે હારવાનું છે. તમારે બીજાને શાંતિ મળે, સંતોષ મળે તે માટે મહેનત કરવાની છે. તમારા હાથે બીજાને દુઃખ પહોંચી ગયું હોય તે યાદ કરી પ્રામાણિકતાથી સતત રડવાનું છે, તમારે આંખોમાં જોવા મળતી સચ્ચાઈથી તમારે સૌનાં દિલ જીતવાનાં છે. તમારે 'ના' સાંભળવી પડે તો તમારે એનું દુઃખ લગાડવાનું નથી. તમારી વાતનો સ્વીકાર કરવા રૂપે તમારે 'હા' સાંભળવાની થાય ત્યારે આભાર માનીને કૃતજ્ઞભાવ વ્યક્ત કરવાનો છે. તમારે બીજાને સમજવા તૈયારી રાખવાની છે. બીજાને સમજાવી દેવાથી જીવન જીવાતું નથી. બીજાને સમજવાથી જીવન જીવાય છે. તમારું મન માંગે તે બધું તમને મળી શકવાનું નથી. મનની ડિમાન્ડ કરતાં વધુ મહત્ત્વ સંજોગોને આપવાનું છે. સંજોગો જેવા હશે તેવી રીતે જીવવું પડશે. તમને બધી જ વખતે બધું મળી શકતું હોય તો જીવનમાં મજા ના રહે. સંઘર્ષ પછીની ઉપલબ્ધિ હોય છે તેથી આત્મવિશ્વાસ ઘડાય છે. મફતમાં બધું તો મળત તમે હરામખોર બની જાત. તમને પડી રહેલી તકલીફોએ તમને મજબૂત બનાવ્યા છે. તમે મળેલી નિષ્ફળતામાંથી બોધપાઠ મેળવી શક્યા છો. તમારી પાસે થોડાક અનુભવોનું ભાથું છે. પરિવારના સભ્યો કે બીજા લોકો પોતપોતાની ભાવના સાથે જીવે છે. તમારે તેમની ભાવનામાં સ્થાન મેળવવાનું છે. સદ્‌ભાવ આપો છો તે તમારી સફળતા છે અને તમે સદ્‌ભાવ પામો છો તે તમારો વિજય છે. તમે વરસોમાં જીવો છો, તમે વરસો સાથે તમારા જીવનને જોડો છો. આટલા વરસો એળે ગયા એમ કહેવાનો પ્રસંગ ઊભો થવા દેવો નથી. તમારા વરસો ભરપૂર હોવા જોઈએ. તમે તમારી જાતને સંપૂર્ણ સન્માન આપી શકો તો તમને અભિમાન થશે નહીં. તમે તમારી ઇચ્છાને બરોબર સમજી શકો તો તમારામાં સ્પર્ધા જાગશે નહીં. તમે તમારી ભાવનાઓને ઓળખી



શકશો તો તમને હતાશા થવાની નથી. તમારી પાસે આજે જે કાંઈ પણ છે તેમાં તમારાં ભાગ્યનો ફાળો છે. આ રીતે તમે ભાગ્યશાળી પૂરવાર થયા છો. તમારે થોડી થોડી વાતે ઓછું લગાડી દેવાનું ના હોય. તમે જેટલા સુખી છો તેટલા સુખી બધા નથી. કોઈ ભૂખે મરે છે, કોઈ ઝૂંપડીમાં રીબાય છે. તમારાં રોટી, કપડા અને મકાન સહીસલામત છે. સમાજમાં શ્રીમંત ગણાતા માણસો નહીં બલ્કે સમાજમાં ખરેખર સારા અને ઉત્તમ ગણાતા માણસોની સાથે તમારે સારા સંબંધો છે. તમારી સાથે રહેલા લોકોને તમે સંતોષ આપ્યો છે. તેમને તમારી પર શ્રદ્ધા હોય તેવું તમારું વ્યક્તિત્વ છે. તમે તુચ્છ અને પામર વાતો કરતા નથી. તમે જરાસરખી ચિંતામાં ગભરાઈ જતા નથી. તમે હિંમતબાજ છો. તમે નિર્ણય લઈને એ નિર્ણયનો અમલ કરી શકો છો. તમે તમારા નિર્ણયમાં ભૂલ થયેલી દેખાય તો નિર્ણય ફેરવી શકો છો. તમે મજબૂત છો અને જડ નથી, તમને ગમે તેવું બનતું જ હોય છે. તમે સમજદાર છો, તેથી સંતોષ જીવંત રાખો છો. તમારે આવી રહેલાં વરસોમાં એકમાત્ર પ્રસન્નતાને જ લક્ષ્યમાં રાખવાની છે. તમારી સાથે બીજા જે વહેવાર કરે તે એમની પાસે જ રહેશે. તમે તમારી પ્રસન્નતા ચૂકવા માંગતા નથી. બીજાની પ્રસન્નતાના ભોગે તમે પ્રસન્ન રહેવા માંગતા નથી. તમે આ બધું વાંચ્યું. તમને આ બધું ગમ્યું. તમે આ રીતે કરવા અને રહેવા તત્પર છો. બેસ્ટ ઑફ લક. તમે સારા માણસ છો. તમારી સારા માણસ તરીકેની વ્યક્તિમત્તા જ તમારાં જીવનને સારું બનાવે છે. તમે સારા છો. સારા જ રહેવા માંગો છો. આ જીવન છે.

❋ ❋ ❋

# વરસાદ

હું કૂવાના કાંઠે બેઠો. મેં જોયું, કૂવાનું પાણી આખું ગામ વાપરે છે. કૂવો કેટલો બધો કામનો છે ? સૌને તેનું મીઠું પાણી મળે છે. મેં ધ્યાનથી જોયું, કૂવાની પાસે જે આવે તેના હાથમાં બેડું અને દોરી હોય છે. બેડું દોરીથી બાંધીને કૂવામાં ઉતારો, ભરો અને ખેંચીને ઉપર લાવો પછી જ કૂવો પાણી આપે છે. મને થયું : 'કૂવો મહેનત કરાવીને પછી દાન આપે છે. શો મતલબ છે આવા દાનનો ?' લેવા આવે તેને વગર મહેનતે મળવું જોઈએ. મારું મન ઉદાસ થઈ ગયું.

હું ઉઠીને ગામ બહાર નીકળ્યો. સામે મોટું તળાવ જોયું. હું હરખાયો. કૂવો તો ભૂલાઈ જ ગયો. કેમ કે તળાવનું પાણી તરત મળતું હતું. કૂવાની જેમ દોરીથી ખેંચવાની જરૂર ન હતી. કૂવાના પાણીમાં છબછબ નથી થતું, તળાવનાં પાણીમાં કેટલી આસાનીથી છબછબ થાય. દાન તો તળાવ આપે છે, લેનારે જોઈએ તેટલું લેવાનું, કોઈ શરત નહીં, કોઈ ખેંચતાણ નથી, કોઈ મહેનત નહીં. તળાવ મોટું પણ હોય છે. આખા ગામને એક તળાવ સાચવી લે છે. મને થયું, તળાવ પણ ખોટું તો કરે જ છે. જેને પાણી જોઈતું હોય તે ગામ બહાર લેવા આવે અને ભલે લે પાણી. આ સારું છે. પણ એક જ ગામને પાણી આપે છે તળાવ. પાણી તો ગામોગામ જોઈએ. દરેક ગામને તળાવ પાણી નથી આપતું. તળાવનું મન સંકુચિત છે. એક જ ગામ સાથે બંધાઈ ગયું છે.

હું ઉઠીને ચાલવા માંડ્યો. જંગલની વાટે ચાલતો રહ્યો તો નદી મળી. હું તળાવને ભૂલી ગયો. તળાવ અને નદી, પાણી તો સરખી રીતે આપે છે પણ નદી તો ગામે ગામ પાણીનો પૂરવઠો પહોંચાડે છે. મારી સામે વહેતી નદીએ પાછળ કેટલાય ગામોને પાણી પાઈ દીધું છે. આગળ કેટલાય ગામોને પાણી પાશે. મને તો નદી માટૈ ગૌરવ થયું. દાન તો આને કહેવાય. ક્યાંય અટક્યા વગર અને કશેય બંધાયા વગર આપતા રહો. મને નદી ખૂબ જ ગમી. પછી મને થયું : આ નદી પણ ભારે કરે છે. એ ભલે ઘણાં ગામોને સાચવે છે, પણ



નદી દરેક ગામો પાસે જતી નથી. જે ગામ નદી પાસે આવ્યું છે તેને નદીએ આપ્યું છે. જે ગામ દૂર રહ્યું તેને નદીએ કશું જ આપ્યું નથી. નદીનું દાન ઉદાર છે તો ભેદભાવથી કલંકિત પણ છે. જે ગામ નદી પાસે નથી આવ્યા તેમનો શો વાંક ? તેમને પાણી કેમ ના મળે ?

હું નિરાશ ભાવે પાછો ફર્યો. ખૂબ જ ગરમી હતી. સખત બફારો થતો હતો. મને લાગ્યું વરસાદ પડશે કે શું ? મેં આકાશમાં જોયું. તે જ ઘડીએ વરસાદ તૂટી પડ્યો. હું કિલ્લાના ઊંચા બુરજ પર ચડી ગયો. મેં જોયું વરસાદ બધે જ વરસતો હતો. કૂવા પર, તળાવ પર, નદી પર, વરસાદ દરેક જગ્યાએ વરસતો હતો. જમીન પર, મકાન પર, છાપરા પર, ઘાસ, જનાવર, માણસો, સૌ કોઈની ઉપર. વરસાદે ગામડે ગામડે વરસતો હતો. વરસાદ ખેતરે ખેતરે પાણી ઝીંકતો હતો. વરસાદ પાસે કોઈ ગયું નહોતું. વરસાદ સામે ચાલીને સૌની પાસે આવી પહોંચ્યો હતો. કશાય આમંત્રણ વિના, કોઈ જ ભેદભાવ વિના અને કોઈ જ તકલીફ દીધા વિના દાન આપી રહેલા વરસાદને જોઈને મને થયું. તો આ છે દાન. માંગે તેને તો સૌ આપે, વણમાગ્યું આપ્યું તે સાચું દાન. રવીન્દ્રનાથ ટાગોરની કવિતાનો આ વિચારવિસ્તાર વરસાદની જેમ જ રોમરોમને ભીંજવી દે છે ને ?

❁ ❁ ❁

# તારીખ પાડવાની મજા

તમે ના પાડો તો કડવા લાગો છો. હા તો પાડવી નથી. તમે બહાનાં શોધો છો. સીધી જ માગણી મૂકવામાં આવી છે. તમારી સમક્ષ ચુનૌતી છે. તમે તારીખ પાડો છો. હમણાં નહીં. પછી જોઈએ છીએ. પછી કરીશું. તમારી પર હવે દબાણ થઈ શકતું નથી. તમે ના પાડતા નથી. તમે હા પાડી નથી. તમે તો સહીસલામત જ છો. તમે વાત ટાળી દીધી. તમે થોડો સમય એમનેમ ખેંચી કાઢ્યો. તમે જીતી ગયા. તમે ધાર્યા મુજબ છટકી ગયા. તારીખ પાડવાનું આ સરસ રાજકારણ છે. મહત્ત્વનો સમય પસાર થઈ જશે પછી વાત ઊભી થશે જ નહીં. અત્યારનો મુદ્દો આપોઆપ ઉડી જ જશે.

તમારા સ્વભાવનો આ ઢાંચો છે. તમે એ ખોટી રીતે વાપરો છો. આવું નહીં કરવું જોઈએ. વ્યાજબી વાત, સારું કામ તમારી સમક્ષ આવે ત્યારે તમારે તારીખ પાડવાની હોય જ નહીં.

આ ઢાંચો વાપરવા માટેની જગ્યા બીજી છે, આપણાં જીવનમાં. તમને ગુસ્સો આવી રહ્યો છે. સામા માણસે તમને વિક્ષેપમાં મૂક્યા. તમે તેનાથી છંછેડાયા. હવે એક ઘા અને બે કટકા કરવાનું તમને ઝનૂન ચડ્યું છે. આ આવેશ છે તે તમે યાદ કરજો. તમારે આ ગુસ્સો કરવાનો નથી. તમે છંછેડાઈ ચૂક્યા છો. જામગરી ચંપાઈ ગઈ છે. બસ, ધડાકો થાય એટલી જ વાર છે. તમે સતર્ક બની શકો છો. જરા જાતને રોકો. આજ સુધી ગુસ્સો કેટલીય વાર કર્યો જ છે ને. નક્કર પરિણામ આવ્યું નથી. આ વખતે પણ ગુસ્સો કરવાથી હાથમાં કાંઈ આવવાનું નથી. મગજ ખરાબ થઈ ગયું છે તે ભલે. અત્યારે ગુસ્સો કરવો નથી. થોડો સમય પસાર કરી દેવાનો છે. ગુસ્સાની તારીખ પાડી દો. પાસ ઑન કરો. આગળ જવા દો ગુસ્સાને. તમારી સમક્ષ એક અઘટિત માંગણી આવી છે. તમે એ સ્વીકારી લો તો તમને કોઈ રોકવાનું નથી. તમે ખુદ તેમાં લલચાયા પણ છો. તમારે જ નક્કી કરવાનું છે. રસ્તો શોધો. તમે જાતે જ ઢીલા પડી ગયા છો. ફસાયા તો પાછળથી ખૂબ પસ્તાવો કરવાના છો. અત્યારે તમે સલામત છો. તમારી જાતને તમારે સંભાળવાની છે. તારીખ પાડી દો. ખરાબ ઑફરનો



અસ્વીકાર કરવામાં નુકશાની છે જ નહીં. તમારું મન એ તરફ આકર્ષાયું હોય તો તમે કેવળ તારીખ પાડીને છૂટી શકો છો. તારીખ પાડવામાં તમને જ આશ્વાસન મળે છે. અને તારીખ પાડ્યા બાદ બંને દરવાજા ખુલ્લા છે. જે કરવાની ઈચ્છા હોય તે કરવાની દિશા ખુલ્લી છે. સામેથી આવેલો પ્રસ્તાવ થોડા સમય માટે અટકાવીને તમે તમારા પગ મજબૂત કર્યા છે. હવે તમે એ પ્રસ્તાવ નકારવા માટેનું માનસિક આયોજન કરી શકશો. પોતાનાં મનને સમજાવી શકશો. તમારી સમક્ષ સંજોગો આવતા રહે છે. તમે એની અસર હેઠળ આવતા રહો છો. તમે અટકીને ફેરથી વિચારવા માટે ટેવાયા નથી. ખરાબ વિચાર કે ઉગ્ર આવેશને વ્યક્ત કરતી વખતે આ તારીખ પાડવાની જરૂર હોય છે. તમારા શબ્દોનું પરિણામ સામા માણસનાં મનમાં ખરાબ પડી શકતું હોય તો ચેતીને ચાલજો. આજે બોલવું છે તે કાલે બોલજો. આજે કરવું હોય તે કાલ કરજો. ઝઘડવું હોય તો કાલે ઝઘડજો. ખરાબ નિર્ણયની બાબતમાં જે તારીખો પાડે છે, એ ખરાબ હશે તો પણ એની સારા બનવાની સંભાવના ઉજળી છે.

આ પોલીસી શીખી લો. જૂઠું બોલવાનું મન થયું, તારીખ પાડી દો. નિંદા કરવાનું મન થયું, તારીખ પાડી દો. માર ખાધો છે, લડાઈ આગળ ચલાવવાનું મન થયું, તારીખ પાડી દો. તમે જીવનમાં જે કામ કરો તે સારું કરો. સારાં કામ કરવામાં તારીખ ન પાડો. તત્કાળ અમલ કરી દો. સારા કામ કરવામાં તારીખ પાડનારો ખરાબ કામના હવાલે ભરાઈ પડે છે. ખરાબ કામમાં તારીખ અવશ્ય પાડજો.

તમારું મન રમતિયાળ બાળક જેવું છે. એનો મૂડ બદલાયા કરે છે. એને એક જગ્યાએ સ્થિર રહેવાનું ફાવતું જ નથી. અત્યારે તમારું મન ખોટા રવાડે ચડેલું હોય તો તે મુદ્દે, તારીખ પાડી દો. થોડો વખત જશે. મૂડ બદલાશે. જે વાત માટે તારીખ પાડી હશે એ વાત કેન્સલ થઈ જશે. ખરાબ વાતની તારીખ પાડવાની મજા લો.

# બડી ખૂબ સૂરત થી વો જિંદગાની

નાનપણના દિવસો. મજા જ મજા હતી. માથે જવાબદારી નહોતી અને દિલમાં હરામખોરી નહોતી. ભૂલની સજા કરનાર પર દ્વેષ નહોતો થતો. પાપો જાણી જોઈને કરવાની દાનત રાખી નહોતી. અક્કલ ઓછી હતી તેમ દુર્બુદ્ધિ પણ ઓછી હતી. નવું શીખવામાં મજા આવતી હતી, છીએ એવા જ રહેવું છે તેવો સંતોષ બાંધી લીધો નહોતો. માથે વડીલોનું છત્ર ગમતું હતું. જૂઠું કદાચ બોલતા હતા પણ છળકપટ કરતા નહોતું આવડતું. ભરપૂર બાળપણ માણ્યું છે. નદીમાં ધુબાકા માર્યા છે પણ બીજાને કટાક્ષોના ચાબખા નથી માર્યા. ગલીના નાકે રમતમાં હારજીત થઈ છે. તેમાં મારા - પરાયાનો ભાવ નથી રાખ્યો. બીજે દિવસે નઈ ટીમ, નયા દાવ. કાલનો બળાપો આજે કાઢ્યો નથી.

બાળપણમાં પરતંત્રતા હતી. નિર્ણય લઈ શકીએ તેવું વ્યક્તિત્વ નહોતું છતાં મનમાં લઘુતા ગ્રંથિ હતી નહીં. પ્રસન્ન અને રાજી રહેતા હતા. બાળપણમાં મા કે બાપની સામે બોલવાની હિંમત ચાલતી નહોતી. જીદ કરી હોય તે જુદી વાત, પરંતુ સ્વાર્થ ખાતર મા બાપને વખોડી કાઢ્યા હોય તેવું બન્યું નથી. નાનપણમાં પાંચ-દસ પૈસા કે રૂપિયા બક્ષિસમાં મળે તો રાજી જરૂર થતા પરંતુ પૈસાની કમાણી પાછળ રીતસરનું હડી કાઢતા નહોતા. નિરાંત હતી. નવાં કપડાં પહેરવાનું ગમતું, પરંતુ ફૅન્સી ડ્રેસ અને ભભકાદાર મોંઘાં કપડાં પહેરીને બીજાને આંજી દેવાની દાનત નહોતી.

નાનપણમાં પાપો થતાં, પાપોની પક્ષપાત નહોતો. નાનપણમાં દોષો હતા પણ એ દોષોને છોડવાની યોગ્યતા જીવતી રાખી હતી. નાનપણમાં બોલવા માટે થોડા જ શબ્દો આવડતા હતા પણ ગંદા, અભદ્ર કે નીચ શબ્દોનો દુકાળ જ હતો. સારું હતું. નાનપણમાં અરસપરસ ઝગડો કરી બેસતા, મારામારી પણ થતી પરંતુ રાજકારણ અને દંભ તો હતાં જ નહીં. નાનપણમાં ઊંઘ તરત આવી જતી, ટૅન્શન કે ડરને લીધે અનિદ્રાનો ભોગ બન્યા નહોતા. નાનપણમાં હંસી મજાક હતી, રમૂજ હતી. પરંતુ પોતાનાં જ અભિમાનને પંપાળવાની વૃત્તિથી થતો ઉપહાસ નહોતો.



નાનપણમાં વાર્તાઓ સાંભળતા, શું કરાય અને શું ના કરાય તેનો ઉપદેશ ખેલદિલીથી સાંભળી લેતા, પોતાની વાત જ સાચી એવી જીદ કે જક રાખી નહોતી. નાનપણમાં સ્વાર્થનું સમીકરણ નહોતું. કામ લાગે તેવા માણસો સાથે સારો વહેવાર રાખવો અને કામ ન લાગે તેવા માણસો સાથે કોરો વહેવાર રાખવો એનું કાંઈ આવડતું નહોતું. ભોળા હતા, ભલા હતા.

પ્રેમ અને લાગણી આપનારને સાચાં દિલથી ભેટી શકતા હતા બાળપણમાં. પ્રેમની કદર નથી થતી તેવી ફરિયાદો કરી જ નથી. નાનપણના હવાલે રહીને ભોળપણ, સરળતા, નિખાલસભાવ જેવા કેટલાય સદ્‌ગુણો સાચવી રાખ્યા હતા. નાનપણમાં હસવાનું સાચું હતું, રડવાનું સાચું હતું. મનમાં ન હોય તે બહાર બતાવવું નાનપણમાં શક્ય નહોતું. ભીતરમાં દુર્ભાવ નહોતા અને જેવા ભાવ હોય તેવા વ્યક્ત કરવાની મોકળાશ હતી.

આજે મોટા થઈ ગયા છીએ. દુકાન કે રસોડું સંભાળીએ છીએ. ઘર ચલાવીએ છીએ. સમાજમાં સારી નામના છે. લોકો આપણને સુખી માને છે પરંતુ નાનપણનું માસૂમ સુખ આજે ક્યાં છે ?

હસવામાં અને રડવામાં દંભ છે. સંબંધોમાં સ્વાર્થ છે. નજરમાં વાસના છે. હૈયામાં ઈર્ષા છે. શબ્દોમાં ચાલાકી છે. પ્રેમમાં ગણતરી અવશ્ય છે. ભૂલોનો બચાવ કરવાની તાકાત આવી ગઈ છે. પાપોને છૂપાડવાની હોંશિયારી મળી ગઈ છે. બીજાને હરાવવામાં ફાવટ આવી ગઈ છે. વાંધો ઊભો થાય તે વૈર બની જાય છે. ખોટું લાગે તેમાંથી ખલનાયકી થઈ જાય છે. નાનપણના સુંદર દિવસો હવે હાથમાં નથી રહ્યા છે. કેવળ એ દિવસોની છે. યાદ મહાકવિ ભવભૂતિએ સંસ્કૃત ભાષામાં વ્યથા રજૂ કરી છે. તે હિ નો દિવસ ગતાઃ. અમારા બાળપણના દિવસો ચાલી ગયા છે. હિંદી ભાષામાં જગજીત સાહેબે ગાયું છે.

**ન દુનિયા કા ગમ થા ન રિશ્તો કા બંધન**
**બડી ખૂબસૂરત થી વો જિંદગાની**
**વો કાગજ કી કશ્તી વો બારિશ કા પાની.**

જાણી જોઈને પાપ નહોતા થતા. પાપો છોડવાની પૂરેપૂરી તૈયારી હતી. આવી ખૂબસૂરત બાળવયને સો સો સલામ.

# જે સપના જોયા હોય તે જ સાકાર કરી શકાય

ઊંઘમાં આવનારાં સપનાં ખોટાં છે. ખુલ્લી આંખે જોવાતાં સપનાં નિરર્થક ગણાયા છે. કલ્પનાના સથવારે ચોક્કસ ભવિષ્યનો વિચાર કરવો તે ખરાં સપનાં છે. તમે જે કરવાનું નક્કી કરો છો તે તમારું સપનું છે. તમે ડૉક્ટર બનવાનું નક્કી કરો છો તો તે તમારું સપનું છે. તમે વકીલ, એન્જીનિયર કે પ્રોફેસર બનવાનું નક્કી કરો છો તો તે તમારું સપનું છે. તમે જે સપનાં જોતાં નથી તે તમે સાકાર કરી શકતા નથી. તમે જે સપનાં જોયા હોય છે તે જ તમે સાકાર કરી શકો છો. સસલુ સિંહ બનવાનું સપનું જોઈ જ શકતું નથી. સિંહ સસલુ બનવાનું સપનું જોઈ જ શકતો નથી. માટે સસલું સસલું રહે છે અને સિંહ સિંહ રહે છે.

સિંહને સસલું થવાનો વિચાર આવે તે સિંહની મૂર્ખામી છે. સસલાને સિંહ બનવાનું સપનું આવે તે સસલાનું દોઢ ડહાપણ છે. પોતાનું ગજુ હોય તેટલાં જ સપનાં જોવાય. જે થઈ શકે છે તેનાં જ સપના જોવાય. જે થઈ શકતું નથી તેનું સપનું જોવાની જરૂર નથી, જે કરી શકાય છે અને જે કરવું જરૂરી છે, તેનું સપનું અવશ્ય જોવું જોઈએ.

તમારું સપનું તમારા આત્મવિશ્વાસને ધારદાર બનાવે છે. તમારું સપનું તમારી કાર્યક્ષમતાનો દરજ્જો ઊંચો બનાવે છે. તમારું સપનું તમારી હિંમતને વધારે છે. તમે સપનું જોતા નથી. તમે લાંબાગાળાનો કશો વિચાર કરતા નથી. દિવસો અને વરસો ઢોળાતાં પાણીની જેમ વેડફાઈ જાય છે. તમે શું કરી શકો છો તેની તમને કલ્પના નથી. નાની કીડી પોતાના કરતાં વધારે વજનવાળી વસ્તુને ખેંચી જાય છે. તમે કલ્પના કરો તો તમને સમજાય કે ખરેખર તમારી શક્તિ શું છે ? તમે જે થાય છે તે જોયા કરો છો. તમે તમને જે મળે છે તે હાથમાં લેતા રહો છો. તમે તમારી નજરે ભવિષ્યને નિહાળતાં નથી. તમે સરેરાશ આદમીની માફક જીવ્યા કરો છો.



તમને જે નથી મળ્યું તેની માટે તમે રડતા નહીં. તમારા હાથમાંથી કાંઈ છીનવાયુ હોય તો તમે એની માટે ઝઘડતા નહીં. તમે બીજાની તુલનામાં તમારી જાતને નીચી આંકતા નહીં. તમે તમારી તાકાત પર કેન્દ્રિત બનો. તમે જે કામમાં રસ લો છો એ કામમાં તમે સફળ બની શકો છો. સફળ બનવું સહેલું છે. રસ લેતા થવું એ જ મુશ્કેલ છે. તમે પાંચ પચીસ સ્વાર્થી લક્ષ્યો નક્કી કરીને આખી જિંદગીને એ લક્ષ્યો પાછળ જોતરી દીધી છે. તમને આ વિશાળ સૃષ્ટિમાં લહેરાતાં લખલૂટ સપનાઓ દેખાતાં નથી. તમે કૂવાના દેડકાની માફક તમારી જ દુનિયાને સારી માન્યા કરો છો. બહારનું વિશ્વ તમે જોઈ જ નથી શક્યા. ચીલાચાલુ જિંદગીમાંથી બહાર નીકળવાનું છે.

તમારી આંખોને સ્વસ્થ અને સુરેખ સપનાની ભેટ તમે ધરો. તમે જોયેલાં સપનાં નિષ્ફળ જવાના નથી. તમે જોયેલા સપનાં અધૂરા રહેવાના નથી. તમે પામર સપનાં જોતા હશો તો તમે પામર બની રહેશો. મજબૂત સપનાં જોતા હશો તો તમે મજબૂત બનશો. તમે પવિત્ર સપનાં જોતા હશો તો તમે પવિત્ર બનશો. તમારે શું કરવું છે તે તમે નક્કી કરો.

સારા બનવા માટે સારાં સપનાં જુઓ.

ઉત્તમ બનવા માટે ઉત્તમ સપનાં જુઓ.

શ્રેષ્ઠ બનવા માટે શ્રેષ્ઠ સપનાં જુઓ.

❄ ❄ ❄

# તમારા વિચાર : તમારી પહેચાન

તમે વિચારો છો તે તમારી ચેતના છે. તમારાં મનમાં ચાલતા વિચારો પરથી તમે તમારી જાતને સારી રીતે ઓળખી શકો છો. વિચારોને જોવા, વિચારોને તપાસવા, વિચારોને ઘડવા. તમને વિચારવાનું ગમે છે તે નક્કી છે. વિચારવાથી પરિસ્થિતિ સમજાય. વિચારવાથી નિર્ણય મજબૂત થાય. વિચારવાની સ્વતંત્રતાને આજે ખોટી રીતે ક્વૉટ કરાઈ રહી છે. તમે વિચારો છો તેની પર બીજાનું દબાણ ન આવે તે બરોબર છે. બીજાની સારી અને સાચી વાતને તમે સ્વીકારવા જ તૈયાર ન હો તે બરોબર નથી. તમારા વિચાર સાથે સંકળાય તેવા ત્રણ મુદ્દા છે.

એક, તમે જે વિચારો તેમાં સ્વાર્થની મુખ્યતા ન હોવી જોઈએ. તમે વસ્તુ સ્થિતિની સાથે રહીને વિચારશો, તમે તમારા તરંગો પ્રમાણે વિચાર કરો અને તમારા વિચાર પ્રમાણે કશું થાય નહીં તો તમારો જ વિચાર તમને દુઃખી કરે છે. તમારી અપેક્ષા મુજબ, તમારી ઇચ્છા મુજબ પરિસ્થિતિનું પરિણામ આવશે તેમ માનીને વિચારી ન શકાય. તમારે તો વાસ્તવિકતાને ઓળખીને જ વિચાર કરવો જોઈએ. તમે વાસ્તવિકતાથી દૂર હશો તો તમારો વિચાર તમને દુઃખી બનાવશે. તમે હકીકતને સમજી શકતા હશો, તમે મુદ્દા પાસે જઈને અટકી શકતા હશો તો જીત તમારી થશે. તમે આડેધડ વિચાર્યા કરશો તો મજા મરી જશે.

બે, તમે જે વિચારો છો તેમાં સ્થિરતા હોવી જોઈએ. તમારો વિચાર તમારા સ્વભાવ મુજબ આવે છે. તમે એક વિચાર પર આવો છો તે પહેલાં તમે એ વિચારની યોગ્યતા અને અયોગ્યતાને તપાસી શકો છો. તમે જે યોગ્ય છે તેની કબૂલાત આપી છે. તમે જે યોગ્ય નથી તેને પહેલેથી જ ટાળી દીધું છે. તમે તમારા વિચારમાં સ્પષ્ટ છો. તમને એ વિચાર ગમ્યો છે માટે જ તમે અપનાવ્યો છે. હવે તમે વિચારને બદલી ન શકો. તમારા કમાણીના પૈસા પર તમારી માલિકી છે. પૈસો હાથમાં આવ્યો તે ગુમાવી શકાય નહીં. વિચાર મનમાં જાગ્યો



અને સ્પષ્ટ થયો તે હવે બદલી શકાય નહીં. વિચારનો નિશ્ચય કરવા માટે મનોમંથન જરૂરી છે. વિચાર બંધાઈ ગયા પછી સ્થિરતા જરૂરી છે.

ત્રણ, તમારા વિચારોમાં સતત પ્રશસ્ય ઉમેરો થવો જોઈએ. તમે પરમ જ્ઞાની નથી. તમે મહાવિજ્ઞાની નથી. તમે સાધારણ આદમી છો. તમે જે વિચારશો તે સારું હશે તેમ તમે જે ન વિચાર્યું હોય તેવી બાબતો પણ સારી હોઈ શકે છે. તમે આજ લગી ખૂબ સારું વિચાર્યું છે. તમે જે વિચાર પામ્યા તેનું ઊંડાણ તમે શોધી શકો છો. તમે જે વિચાર્યું તે દિશામાં આગેકૂચ અને આગે કદમ કરી શકો છો.

તમારા વિચારો તમારી સમૃદ્ધિ અને તાકાત છે. તેની પર તમારું ઘડતર થવું જોઈએ. વિચારો તમને ઘડે છે, એ શરૂઆતનો તબક્કો છે. તમે વિચારને ઘડો છો તે આગળનો તબક્કો છે. તમે આગળ વધો, તમારા વિચારો દ્વારા તમારા વિચારોમાં.

✿ ✿ ✿

# સારા માણસો

સારા માણસ હોવાનો અર્થ એ નથી કે તમે હરહંમેશ માટે સારા જ રહો છો. નદીમાં જેમ પૂર અને ખાલીપો આવે છે. દરિયામાં જેમ ભરતી ને ઓટ આવે છે તેમ માણસમાં સારા હોવાની અને ખરાબ હોવાની ઘટના ક્રમસર ઘટ્યા કરે છે. સારો માણસ કાયમ માટે સારો રહી શકે તો ઉત્તમ. પણ, સારો માણસ ક્યારેક ખરાબ પૂરવાર થઈ જાય છે. ખરાબ માણસ ક્યારેક સારો પૂરવાર થઈ જાય છે. રૂપાળો માણસ કાયમ રૂપાળો રહે છે તેવું બને. ગુણવાન માણસ કાયમ ગુણવાન જ રહે તેવું બનતું નથી. ભૂલો સારા માણસ કરે તો એ નડે. ઉત્તમતા, ખરાબ માણસો બતાવે તો તે એમને પણ ઉજમાળ બનાવે. પૈસાની નૉટ એક સરખી જ રહે છે અને એક જ ભાવ કાયમ ચૂકવે છે. માણસમાં એવું નથી બનતું. માણસ મૂલ્યવાન પણ નીવડે છે અને તુચ્છ પણ પૂરવાર થાય છે. આગમ સૂત્રો અજબ વાત કરે છે. **અણેગચિત્તે અયં પુરિસે.** માણસની માનસિકતા ઘણી વિવિધા ધરાવે છે. તેને કેવળ સારી કે કેવળ ખરાબ માની શકાય નહીં. તમે તમારી જાતને સારો માણસ માનીને ચાલતા હશો અને તમને તેનું અભિમાન હશે તો તમારું સારા માણસ હોવું એ પણ અપરાધ બની જશે. તમારા હાથે સારાં કામો થયા એટલા પૂરતા તમે સારા છો. તમારા હાથે થશે તે બધા કામો સારાં જ હશે તેવું માની લેવાય નહીં. તમારે સતત સારા પૂરવાર થવાનું છે. શસ્ત્રો સતત વપરાય છે અને સતત ઘસાઈને ધારદાર બનતા રહે છે. એકાદ લડાઈમાં જીતી શકેલું શસ્ત્ર, એવી ને એવી હાલતમાં બીજી લડાઈ વખતે વાપરવામાં આવે તો જોખમ થઈ શકે છે. હથિયાર દરવખતે નવેસરથી સજાવવાના હોય છે. સારા માણસને દર વખતે અને હરપ્રસંગે સારા પૂરવાર થવું પડે છે. જ્યોર્જ બર્નાર્ડ શૉએ સરસ વાત કરી છે, તમે એ માણસ મરી જાય પછી જ એને સારો માણસ માનજો. જ્યાર સુધી જીવે છે ત્યાર સુધી એ ખરાબ પૂરવાર થાય તેવી સંભાવના પણ ઊભી જ છે. તમારી પાસે હજી



થોડાં વરસો જીવવાના બાકી રહ્યાં છે. પાછળ રહી ગયાં છે તે વરસોમાં તમારે શું કરવું જોઈતું હતું તેનો વિચાર કરીને જીવ બાળવાનો અર્થ નથી. બીત ગઈ સો બીત ગઈ. આજે અને આજ પછી તમારે સારા માણસ તરીકેની અસ્મિતા જાગતી રાખવાની છે. સારો માણસ શું કરે છે ? એ પોતાના હાથે થયેલી જૂની ભૂલોને નવી તક આપતો નથી. એ જૂનાં દુઃખોને યાદ કરીને પંપાળતો નથી. એ સારી વાતો સાંભળવાનું ચૂકતો નથી. એ ઢીલી વાતો સાંભળવાનું પસંદ કરતો નથી. એ જીતવા માટે લડે છે પરંતુ અહં માટે નથી લડતો. એ નિર્ણય લીધા પછી ફેરવતો નથી પરંતુ નિર્ણય લેતા પૂર્વે હજારવાર વિચાર કરે છે. સારો માણસ દેખાવમાં માનતો નથી. સારો માણસ પ્રભાવ જમાવવામાં માનતો નથી. સારો માણસ સારા સ્વભાવમાં માને છે. સારો માણસ ભૂલ ન કરે તેવું નથી. સારા માણસના હાથે ભૂલ થઈ શકે છે. સારા માણસે સૌથી વિશેષ ધ્યાન આનું રાખ્યું હોય છે. સારા માણસ બની રહેવા માટે તો પોતાની આકાંક્ષા સાથે બાંધછોડ કરી શકે છે. માણસો સારા હોતા નથી, માણસો સારા બનતા હોય છે. તમે સારા માણસ બનો એ પૂરતું નથી. તમે સારા માણસ સતત બની રહો તે જરૂરી છે. શ્રીમંત બન્યા પછી શેરબજારે ખોટમાં ડૂબાડ્યા હોય તેવા પામરો તમે જોયા છે. સારી માણસાઈ કેળવ્યા પછી તેની માવજત ન કરી તેને લીધે પતન પામેલા લોકો પણ ઈતિહાસમાં નોંધાયા છે. તમે જ્યાં છો ત્યાં ટકી રહો તે તમારું લક્ષ હોવું જોઈએ. તમે હિમાલય ચડી રહ્યા છો. પગ લપસી શકે છે. મજબૂતાઈ સાથે દૃઢ રહો. ટકી રહ્યા તો ઉપરની દિશામાં પ્રગતિ છે જ.

# મનપાંચમના મેળામાં

**મા**ણસ માત્રનો ચહેરો અલગ હોય એમ માણસ માત્રનું ચિંતન અલગ હોય. ચિંતન તો ઠીક છે, માણસ માત્રની વિચારશૈલી પણ અલગ હોય છે. કામ કરવાની પદ્ધતિઓ બદલાતી રહે છે તેનું મૂળ આ અલગ અલગ ખોપડીઓ હોય છે. સમાજમાં પોતપોતાની જવાબદારી સંભાળી રહેલા લોકો જોવા મળે છે. કેટલાક લોકો કામ કરવું છે એટલું નક્કી કરીને મંડી પડે છે. કામ માટે પસીનો પાડવા તે તૈયાર હોય છે. કામ માટેનું આયોજન કરવા માટે બેસી રહેવામાં સમય બગડે, કામ નક્કી થયું હવે કરવા માંડો, આયોજન કર્યા વગર ચાલુ થઈ જાય છે. એ લોકો સરવાળે પાંચ દિવસનું કામ પચાસ દિવસે પૂરું કરે છે. કામ કર્યાનો આનંદ એમને મળે છે. પિસ્તાળીસ દિવસ મોડું થયું તે એમને સમજાતું જ નથી. પદ્ધતિ વિનાનાં કામોમાં શક્કરવાર કશો હોતો નથી. કેટલાક લોકો કામો કરવાનું પ્લાનીંગ કરે છે. ઘણાં બધાં કામો વિચારી લે છે. પણ પછી કામ તો ચાલુ થતા જ નથી. કરવાનું મન ઘણું હોય છે પણ મેળ જ પડતો નથી. કામ રહી જાય છે. કામ કરવાની વાતો કરનારા બહાદુરોના હાથે હંમેશા પોતાનાં કામોનું અકાળ મૃત્યુ થાય છે. આ લોકો સલાહ આપશે, વાહવાહ કરી શકશે. નાનાં કામો કરી બતાવશે. નક્કર સર્જન તેમનાથી થઈ શકશે નહીં. કેટલાક લોકો ડર્યા કરે છે. મારાંથી કામ થઈ શકે છે તે બાબતે એમને ભયાનક શંકા હોય છે. કામ શરૂ થાય તે પૂર્વે જ તે હારી જતા હોય છે. કામ કરીને પણ તેમના ફાળે ભૂલો અને વિફળતા આવે છે. આત્મવિશ્વાસ વિનાના દરેક કામો બોદા પૂરવાર થાય છે. કેટલાક લોકોને ઉતાવળ હોય છે. પોતાની ઉતાવળને એ ઝડપમાં ખતવી દે છે. કામ કરવાને બદલે કામ પૂરું કરવામાં એમને વધારે મજા આવે છે. કામ પૂરું ન થાય ત્યાં સુધી માનસિક તનાવ રહે છે તે બરોબર છે. કામ પૂરું થયા પછી પણ તનાવ રહે છે અને કામનું ફળ મળી જાય તે પછી પણ જે જે બાકી રહી ગયું તેનું ટૅન્શન હોય છે. માથે ભાર રાખીને ફરનારા લોકોને સાચી સફળતા કે શાંતિ



મળતી જ નથી. કેટલાક લોકો છેલ્લી ઘડી સુધી પોતાની વાત લંબાવ્યા કરે છે. હજી આમ કરવું જોઈતું હતું, હજી આટલું તો બાકી જ છે, હજી થોડી વાર છે. આવી લટકતી સેરો રાખીને જીવનારા લોકો આત્માને ટાઢક આપી નથી શકતા. કેટલાક લોકો હારી ચૂક્યા હોય છે. નસીબને વાંક આપીને પોતાની આળસને પોષ્યા કરે છે. બુદ્ધિ ઓછી હોય અને ચલાવે વધારે. શક્તિ હોય નહીં અને ખોડંગાતા સપનાની હારમાળા ચાલતી હોય. બીજો ત્રીજો જે કરે તે જોઈને તેવું કરવાના અભરખાં ખૂબ જાગે. કામ કરી ન શકે. બીજાને ખમી ન શકે. અધૂરું પેટ અને અધૂરી ભૂખ એ જ આ લોકોની નિયતિ. કેટલાક કાર્યકુશળ હોય છે. સંતોષ તેમ જ સફળતા સુધી પહોંચવું છે. તકેદારીપૂર્વક ભૂલથી સાચવે. થયેલી જૂની ભૂલોનો ઈતિહાસબોધ હોય છે, તેમની પાસે. તે જીતે છે. કેટલાક માણસો આયોજનના બાદશાહ હોય છે. પૂર્વતૈયારીને પૂરો સમય આપ્યા પછી તેઓ મેદાનમાં ઉતરે છે. તેમની ધારણાઓ તેઓ પાર પાડે છે. કેટલાક લોકો દર વખતે જૂની ભૂલોનું પુનરાવર્તન કરીને નવી નિષ્ફળતા પામ્યા કરે છે. કેટલાક લોકો પોતાના સ્વભાવને સમજ્યા વિના બીજાને સમજાવી દેવામાં રસ લે છે. દુનિયા છે. બધી જાતના માણસો મળે. તમે કેવા માણસ છો તે વિચારો. તમે કેવા માણસ બનવા માંગો છો તેનો નિર્ણય લો.

# ખોટા ભરોસે રહેતા નહીં

તમે નિર્ણય લો છો. તમારો નિર્ણય તમને વ્યાજબી પણ લાગે છે. તમે તમારા આત્મવિશ્વાસમાં રહીને આગળ વધો છો. ક્યારેક આત્મવિશ્વાસ સાચો હોવા છતાં માનસિક પરિતોષ નથી મળતો. તમે મેળવેલી શક્તિ વિશે તમને વિચારતા આવડ્યું નથી માટે આવું બને છે. તમારી પાસે કાર્યશક્તિ છે અને ગુણશક્તિ છે. કાર્યશક્તિનાં જોરે તમે સફળતા મેળવી છે. તમારા હૌંસલા બુલંદ છે. તમે તમારી કાર્યશક્તિ સારી હોવાને લીધે તમારી જાતને સારી વ્યક્તિ માની રહ્યા છો. આમ, તમે ખરાબ પણ નથી. તમને ખરાબ કહીને ઉતારી પાડવામાં આવે તો તમે એ વાત પડકારીને ખોટી પૂરવાર કરી શકો એટલી હદે સારા છો અને તેમ છતાં તમે સો ટકા સારા નથી. તમારી પાસે સદ્‌ગુણો પંદરવીસ છે. એ સદ્‌ગુણોની સંખ્યા ચારસો કે પાંચસોની નથી. થોડા સદ્‌ગુણ છે. થોડા જ સારા છીએ. પૂરેપૂરા સારા નથી. ભૂલો થાય છે, કમજોરી આવે છે, પાપોમાં ફસાઈએ છીએ. આ ખરાબી જીવી રહી છે. સારા ગુણોની સાથે આ દોષો પણ અંદર બેઠા છે. પૂરેપૂરા સારા બનવાનું બાકી રહ્યું છે.

તમારી જાતે તમે કોઈ જજમૅન્ટ લો છો, તે વખતે તમે તમારા આત્મવિશ્વાસને લીધે એ જજમેન્ટને સાચુ માનો છો. તમે વિચાર્યું છે તે સાચું જ છે તેમ માનીને તમે ચાલો છો. તમારી માન્યતા નવી હતી ત્યારે તમે એ બદલી શકતા હતા. તમારા અંતરંગ વિશ્વાસે એ માન્યતાને મજબૂત બનાવી. એ માન્યતામાં ગેરસમજ હતી તે મજબૂત થઈ. એ માન્યતામાં ખોટો તર્ક હતો તેને મજબૂતાઈ મળી. મનમાં જાગેલો વિચાર સાચો માની લીધો. કાર્યશક્તિમાંથી નીપજેલા આત્મવિશ્વાસે ગોટાળો ઊભો કર્યો. તમે એક સાથે ઘણી બધી જવાબદારી સંભાળી શકો છો. તમે સફળતાપૂર્વક ધંધો ચલાવ્યો છે. એમાં તમે ભૂલ થવા દીધી નથી. તમે સહીસલામત આગળ વધી શક્યા છો. કાર્યશક્તિની સફળતા પર તમે મુસ્તાક છો. તમે એ કાર્યશક્તિને ગુણશક્તિ સમજીને ચાલો છો તે ભૂલ છે. ગુણશક્તિ અલગ છે. દુનિયાદારીનાં કામકાજ તમે નીપટી શકો



છો તે તમારી કાર્યશક્તિ છે. તમે તમારાં મનને અને આત્માને સંભાળી શકો તે તમારી ગુણશક્તિ છે. તમે ધંધો સારો કરો તે કાર્યશક્તિ છે. તે ધર્મ સારો કરો તે ગુણશક્તિ. તમે રસોઈ સારી બનાવો તે કાર્યશક્તિ છે. તમે રોજ અતિથિસત્કાર કરો તે ગુણશક્તિ છે. કાર્યશક્તિના ભરોસે કાર્ય સારાં કામ થાય. કાર્યશક્તિના ભરોસે સારા વિચારો આવે જ એવો નિયમ નથી. સારા વિચારો અને સારા નિર્ણયો માટે ઊંચા દરજ્જાની ગુણશક્તિ કેળવવી જોઈએ. એવી ગુણશક્તિ ના હોય તો પોતાના વિચારો અને નિર્ણયોને સારા માનવાની ભૂલ કરી શકાય નહીં. તમે અવારનવાર ક્રોધમાં આવો છો અથવા ખોટા મુદ્દે ફસાઈ પડો છો. તમારી ભૂલ તમને સમજાતી નથી. સફળ હોવા છતાં આવી ભૂલ થઈ છે માટે એનું દુઃખ વધારે લાગે છે.

જીવનનાં બે ખાનાં જુદા કરી દો. તમારા મનમાં જાગતી ઈચ્છાઓ, અપેક્ષાઓ અને સ્પર્ધાઓમાં કેવળ કાર્યશક્તિના આધારે જજમૅન્ટ ના લેશો. એ બધી બાબતોને ગુણશક્તિનાં જોરે મૂલવો. કાર્યશક્તિ તમારી દરેક ઈચ્છાને, તમારા દરેક નિર્ણયને વ્યાજબી ઠેરવીને તમને ઉત્સાહિત કરશે. બે ભાઈઓ વચ્ચે ઝઘડો થયો હશે તો કાર્યશક્તિ બંને ભાઈઓના આત્મવિશ્વાસને ઊંચો રાખશે. એ કાર્યશક્તિનાં જોરે બંને ભાઈઓ લડી લેવા તૈયાર થઈ જશે. પોતે હારવાના નથી તેવી માન્યતા કાર્યશક્તિને લીધે બંધાશે. આની સામે ગુણશક્તિ બંને ભાઈઓ વચ્ચે સમજૂતીનું સ્તર ઊભું કરશે. ગુણશક્તિ બંને ભાઈઓને સમાધાન કરી લેવા તૈયાર કરશે. કાર્યશક્તિ બુદ્ધિનું કામ છે. ગુણશક્તિ ભાવનાનું કામ છે. કાર્યશક્તિનું લક્ષ્ય સફળતા. ગુણશક્તિનું લક્ષ્ય સરળતા. ગુણશક્તિને કાર્યશક્તિની જેમ પૂરેપૂરી ખીલવી દીધી હોય તો ચિંતા રહેતી નથી. ગુણશક્તિ નબળા વિચારોને તક નહીં આપે. ગુણશક્તિ જો અધૂરી હશે તો કાર્યશક્તિનાં જોરે એને અન્યાય થવાની સંભાવના રહે છે. માટે જ્યારે જ્યારે કોઈ અભિપ્રાય બાંધીએ, કોઈ કારણ નક્કી કરીએ, કોઈ નિર્ણય લઈએ કે કોઈ નવું કામ શરૂ કરીએ ત્યારે ત્યારે તેને ગુણશક્તિની નજરે મૂલવવાનું રાખો. એકલી કાર્યશક્તિના ખોટા ભરોસે રહેતા નહીં. તમારી કાર્યશક્તિ એ તમારા હાથમાં રહેલું હથિયાર છે. તમારી ગુણશક્તિ એ તમે સાધેલો લક્ષ્યવેધ છે. લક્ષ્ય વિનાનું હથિયાર હત્યા જેવું જોખમી છે.

# મનને ના પાડતાં શીખો

નદીમાં ઘાસનું તણખલુ તણાય તેમ આપણે ઈચ્છા પાછળ ખેંચાઈએ છીએ. ખાવાનું મન થયું, ખાઈ લીધું. પીવાનું મન થયું, પી લીધું. રોવાનું મન થયું, રોઈ લીધું. આપણને ઈચ્છા થાય છે તે એકદમ મહત્ત્વની લાગે છે. જેની ઈચ્છા થઈ તેના વિના નહીં જ ચાલે તેવું લાગે છે. જમવા બેઠા ત્યારે પાપડ ખાવાનું મન થયું. જો પાપડ પીરસવામાં ન આવે તો ખોટું લાગે અને ઝઘડો થાય. પાપડ ખાવાનું મન ના થયું હોય તો પાપડ ન મળે દુઃખ નથી થતું. પાપડ મહત્ત્વનો નથી. પાપડની ઈચ્છા થઈ તે મહત્ત્વની સમસ્યા છે. ઈચ્છા થાય તે અધૂરી રાખી શકાતી નથી. ઝઘડા અને ફરિયાદોમાં વસ્તુઓ મહત્ત્વની બને છે. હકીકતમાં વસ્તુ માટેની ઈચ્છા મહત્ત્વની તકલીફ છે. આપણને ઈચ્છા થશે એ પૂરી કર્યા વિના ચેન મળશે નહીં. ઈચ્છાને ના પાડે તેની માતાએ સવાશેર સૂંઠ ખાધી જ હશે. અઘરું છે.

નબળું શરીર રોગની તાકાત વધારી મૂકે છે તેમ નબળું મન ઈચ્છાની તકલીફ વધારી દે છે. સારી ઈચ્છાની બાબતમાં આ બધું વિચારવાનું નથી. સ્વાર્થી ઈચ્છાને સમજવી છે, સુધારવી છે. આપણી ઈચ્છા પૂરી ન થાય અને આકાશ તૂટી પડે તેવું કદી બનતું નથી. આપણી ઈચ્છા મુજબ ન થાય તો ભૂખ્યા મરવું પડે તેવું પણ કયાં બને છે ? આપણી ઈચ્છા સાથે આપણે જાતે બાંધછોડ કરવાની આદત પાડી હોય તો બીજા દ્વારા આપણે દુઃખી ના બનીએ. પોતાની જાતને જે રોકી શકે છે તે બીજાને દુઃખી બનાવે તે શક્ય નથી. આપણાં મનમાં જાગતી અપેક્ષા આપણને આકુળવ્યાકુળ બનાવી દે છે. જેની ઈચ્છા થઈ તેના વગર ચાલશે નહીં તેવી માન્યતા બંધાઈ જાય છે. પૈસાની ઈચ્છા થઈ, પૈસા વગર નહીં ચાલે. બંગલાની ઈચ્છા થઈ, બંગલા વગર નહીં ચાલે. મીઠાઈની ઈચ્છા થઈ, મીઠાઈ વગર નહીં ચાલે. ઈચ્છાનું આ પ્રૅશર આપણને હેરાન કરી મૂકે છે. બજારમાં નવી આઇટમ જોઈ, ઈચ્છા થઈ. એ મેળવ્યા વિના શાંતિ નથી



મળતી એક આ વાંધો.

બીજી તકલીફ ઈચ્છાની એ છે કે દરેક ઈચ્છાને પૂરી કરવાનું શક્ય નથી. પૂરી કરો પછી પણ એ ઈચ્છા ફરીથી માથું ઊંચક્યા કરે છે. બગીચામાં ફરવા જવાનું મન થાય છે. ફરી આવીએ છીએ. થોડા દિવસ પછી ફરીવાર ત્યાં ફરવા જવાનું મન થાય છે. બ્રેક લાગતી નથી.

ઈચ્છાની બાબતમાં સુખી થવાનો રસ્તો એક જ છે. ઈચ્છા પૂરી ન થાય તો દુઃખ પડે છે તેમ માનવાનું છોડી દો. અધૂરી ઈચ્છા દુઃખદાયક નથી. ઈચ્છા અધૂરી હોવાનું સંવેદન દુઃખદાયક છે. એની બાદબાકી કરો. આપણાં મનમાં ઈચ્છા હોય તે પૂરી થઈ ન હોય તો મન સતત બળતરા અનુભવે છે. મગજ પર સખત તાણ રહે છે. એ ઈચ્છા પૂરી ન થવાનું કારણ શોધવામાં આવે છે. કોઈ વ્યક્તિને લીધે આ ઈચ્છા અધૂરી રહે તેવું માની લેવામાં આવે છે. ઈચ્છાની પછવાડે ખેંચાઈ જવાને લીધે અંતે એ વ્યક્તિ સાથે દુશ્મનાવટ ઊભી થાય છે. ઈચ્છાને મહત્ત્વ મળે એટલે ઈચ્છા અધૂરી રહી તે સહન થાય જ નહીં. આપણને ઈચ્છા થાય છે ત્યારે આપણે એમ બોલતા હોઈએ છીએ કે મને આમ કરવાનું મન થાય છે. આ મનનું થવું કે મન થવું એ અંતરંગ ઘટના છે. આપણે વિચારશું નહીં તો જેનું જેનું મન થશે તેની તેની પાછળ દોરવાતા રહીશું.

રોટી, કપડા ઔર મકાન. આ ત્રણ મૂળભૂત આવશ્યકતા છે. તે પૂરી કરવાનું મન થશે ત્યાર સુધી ઠીક છે. રોટીથી આગળ વધીને બત્રીસ પકવાન્નની ઈચ્છા હશે તો મનને ના જ પાડવી જોઈશે. કપડાથી આગળ વધીને મોંઘા દાગીનાની ઈચ્છા થશે તો મનને ના જ પાડવાની રહેશે. મકાનને બદલે બંગલા કે ફાર્મહાઉસની ઈચ્છા હશે તો મનને જ રોકવું પડશે. આપણી ઈચ્છાની સીમારેખા નક્કી કરવાની જરૂર છે. જે જોવા મળે તેની ઈચ્છા થયા કરે એવી પરવશતા ન ખપે. રોજ એક કામ કરીએ. મનમાં જાગતી ઢગલાબંધ ઈચ્છામાંથી એકાદ બે ઈચ્છાને પૂરી ના કરીએ. ઈચ્છા મનમાં થાય તો મનને ના પાડીએ. બીજા આપણને ના પાડે તો દુઃખ થાય છે કે ઝઘડો થાય છે કેમ કે ઈચ્છાને ના પાડવાની આદત પડી નથી. આપણે જ આપણી ઈચ્છાને ક્યારેક ના પાડી શકતા હોઈશું તો બીજાની ના સાંભળીને દુઃખ કે સંઘર્ષ થશે નહીં.

# ખોટા વિચારો

**રા**તે ઊંઘ ઉડી ગઈ હતી. ઘરમાં કોઈ જ ન હોતું. બહાર હવા ઘણી હતી બારી સતત ખખડતી હતી. અંધારું ઘણું હતું. એટલી બધી બીક લાગતી હતી કે વાત ન પૂછો. પથારીમાંથી ઊભા થતા પણ ડર લાગતો હતો. કંઈ થઈ જશે એવી ભીતિથી મન ફફડતું જ રહેલું. આખરે સવાર પડી. ઘર સહીસલામત હતું. તમે પોતે સાબૂત હતા. કોઈ આપત્તિ આવી નહોતી. રાતે ગભરામણના વિચારો આવેલા તે ખોટા હતા એ હવે સમજાયું.

એ ભાઈએ સમય આપેલો. તમે એ સમયે તેમની રાહ જોવા લાગ્યા. એ ન આવ્યા. સમય ઘણો જ વીતી ગયો. એ આવ્યા જ નહીં. તમે મનમાં તેમને ગાળો આપી. તમને એ માણસ પર અવિશ્વાસ થયો. તમને તમારી બુદ્ધિ માટે શંકા નીપજી. તમે તમારા અને એના સંબંધ વિશે ફેરવિચારણા કરવા લાગ્યા. ત્યાં એ ભાઈ આવ્યા. તેમણે તમારી માફી માંગી. ખુલાસો કર્યો. તમારો ગુસ્સો અને અવિશ્વાસ ખોટા હતા તે તેમને સમજાયું.

તમારી ઈચ્છા હતી તે મુજબ ન થયું. તમે એ માટે એક વ્યક્તિને દોષપાત્ર માની રહ્યા હતા. તમે એટલું બધું વિચારી લીધું હતું કે એ વ્યક્તિ સાથે વાત કરવા પણ તમે તૈયાર હતા નહીં. તમને સો ટકા ખાતરી હતી કે આ વ્યક્તિની જ ભૂલ છે. તમે એ વ્યક્તિને મળ્યા. વાત કરી. તમને એ વ્યક્તિની વાત વ્યાજબી લાગી. તમે તમારી ભૂલ સુધારી લીધી. એ વ્યક્તિ માટે તમારાં મનમાં દુઃખ હતું તે તમે ભૂંસી નાંખ્યું.

તમે જે વિચારો છો તે જ મુજબ તમારાં સુખ ઘડાતા હોય છે. તમે વિચારો છો એ મુજબ તમને દુઃખ લાગતું હોય છે. તમારા સતત ચાલતા વિચારોને લીધે તમારા મનમાં હતાશા અને દુઃખ રહેતા હોય ત્યારે તમે તમારા વિચારોને ખોટા માની એમને સુધારવાનો પ્રયાસ કરજો. સામાન્ય રીતે તમને તમારા વિચારો ખોટા નથી લાગવાના. તમે જાણો છો તેમ તમારા વિચારો ખોટા હોય છે તેવું તમે જોયું છે. આજે તમને જે માનસિક વેદના થાય છે તેનું મૂળ તમારો વિચાર



છે. તમે વિચારવા દ્વારા દુઃખી બની રહ્યાં છો તે તમે શોધી કાઢો. તમારો વિચાર સાચો જ છે તેમ ધારી લીધું છે તમે. તમારી ફરિયાદ તમને આ જ કારણોસર વ્યાજબી લાગે છે. તમારું દુઃખ ખરેખર ગંભીર દુઃખ લાગે છે. તમે પહેલાં ઘણી વખત વિચારો કરવામાં ભૂલ કરી છે તે તમે યાદ કરો. તમે માની લીધેલું એવું નહોતું એ તમને યાદ આવવું જોઈએ. ખોટું અને ઊંધુ વિચારતા રહ્યાં ત્યાર સુધી તમને તનાવ રહ્યો. તમને સમજાયું કે તમારો વિચાર ખોટો હતો તો તમે દુઃખમાંથી બહાર આવી ગયા. તમારી આ જૂની ભૂલ આજે ફરીથી તમને હેરાન કરી રહી છે. તમે જે દુઃખનો અનુભવ કરો છો તેવું કશું ખરેખર છે જ નહીં. તમને સમાચાર મળે કે અમુક ભાઈ મરી ગયા અને તમે એ સમાચારને સાચા માનીને ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગો અને પછી એ સમાચાર ખોટા નીકળ્યા તો તમને તમારું દુઃખ પણ નિરર્થક લાગ્યું છે. સમાચાર સાચા હોત તો તમે દુઃખી દુઃખી રહેવાના હતા. સમાચાર ખોટા નીકળ્યા તમે રાજીના રાજી રહ્યા. દુઃખ આવ્યું હતું તે નકામું નીકળ્યું. વિચારની બાબતમાં આવું બને છે. તમે જે વિચારના ભરોસે રડો છો અને નિરાશ થાઓ છો એ સમાચાર ખોટા હોવાની સંભાવના છે. વિચાર પર આંધળો ભરોસો રાખીને તમે દુઃખને નજીક લાવ્યા કરો છો. તમારી વિચારણાને સાચી માની લેવાની જરૂર નથી. તમે ન ધારી શકો તેવું પણ કોઈ તત્ત્વ હોઈ શકે છે. વિચારને ખંખેરી કાઢો. તમે નક્કી કરશો તો તમારો વિચાર જરૂર બદલાશે. તમે ઢીલા રહેશો તો તમારો વિચાર તમારું ગળું દબાવ્યા કરશે. દુઃખને ટાળવા તમે દવા લો છો. સંબંધો બાંધો છો અને ખાસ્સી બધી મહેનત કરો છો તેમ દુઃખને ટાળવા વિચારને બદલવાનો નાનો અને નક્કર પુરુષાર્થ શરૂ કરો. વિચાર જશે તો દુઃખ જશે. વિચાર સામે લડો. વિચારને બદલો. દુઃખોની હકાલપટ્ટી કરો.

# તમે ધારો છો એટલા તમે હોંશિયાર નથી

તમને પોતાની બુદ્ધિમત્તા માટે સંતોષ હોય તે સ્વાભાવિક છે. તમે વાતો કરવા બેસો છો. દરેક મુદ્દા અંગે તમારો અભિપ્રાય તૈયાર હોય છે. તમને ના ગમતી હોય તેવી પ્રવૃત્તિના વિરોધ માટે તમારી પાસે દલીલો હોય છે. તમે માણસ માત્ર માટે સમીક્ષા કરી શકો છો. તમને વિચારવા માટે મન મળ્યું છે અને બોલવા માટે જીભ મળી છે. તમે સ્વતંત્ર છો, બંનેનો ઉપયોગ કરવામાં. તમે એમ ધારી લો છો કે હું કહું તે વ્યાજબી જ હોય. આ ધારણા ખોટી છે. બીજા પણ વિચારી શકે છે. બીજાની પાસે પણ બોલવાની આવડત છે. તમને બીજા ત્રીજા વિષય ઉપર ચર્ચા કરવાથી એક સંતોષ મળે છે. તમે બીજા કરતા પોતાને વધુ હોંશિયાર માનો છો. તમે બીજાની સાથે તમારી જાતની સરખામણી કરીને તમારા અહંને વિશેષ પંપાળો છો. તમને સલાહ આપવાનું ગમે છે. તમે આસાનીથી મોઢામોઢ સંભળાવી શકો છો. હિંમતબાજ છો. તમને યોગ્ય અને અયોગ્ય શું છે તેની સમજ પડે છે. અલબત્ત, બીજાની બાબતમાં જ. તમારી બાબતમાં તમને ઓછી સમજ પડે છે. તમે બીજાને જેવા પૂરવાર કરવા માંગો છો એવા તો ખુદ તમે જ છો. તમને બીજામાં જૂઠ પ્રપંચ દેખાયા કરે છે કેમકે તમારા જૂઠાપ્રપંચને તમે જાણો છો. તમને બીજામાં ખામીઓ દેખાય છે કેમકે તમે જ ખામીઓના ખોળામાં રમ્યા કરો છો. તમે બીજાને નીચા પૂરવાર કરીને તમારી બૂરાઈ ઢંકાઈ ગઈ છે તેવો મિથ્યાગર્વ અનુભવી લો છો. તમે ધારો છો એટલા તમે હોંશિયાર નથી. તમે દર વખતે એકમાત્ર તમારી જ વાતને વ્યાજબી માન્યા કરો છો. તમને બીજા ત્રીજા લોકોની વાત વ્યાજબી હોય તેમાં રસ નથી. તમને તમારા સિવાય બીજા કોઈને મહત્ત્વ મળે તે નાપસંદ છે. તમે એક રસોડે જમો છો તો બીજાને પીરસાય એટલું જ તમને પીરસવામાં આવશે. તમારી રોટલીમાં જેવું અને જેટલું ઘી હશે તેટલું જ બીજાને મળ્યું હશે. ખોટી સરખામણી કરવાની આદત છોડી દો. તમારી વાતને તમારી સાથે બેસીને ચર્ચવામાં આવે છે ત્યારે તમારે તમારી ભૂલ કબૂલવી પડે તેવા તમે કમજોર છો.



તમે વિચાર કેવળ એટલો જ કરો કે તમે જ એકલા હોંશિયાર હશો ને બીજા હોંશિયાર નહીં હોય તો આ દુનિયા ચાલશે કેવી રીતે ? હજારો હજારો જવાબદારીઓ અને સેંકડો સેંકડો વ્યવસ્થાતંત્રોને તમે એકલા શી રીતે સંભાળી શકવાના હતા ? તમારે તો એ પણ વિચારવાનું છે કે ગઈકાલ સુધી તમે પણ ભૂલો કરીને ફસાયા કરતા હતા, માર ખાતા હતા. આજે થોડા પગભર થઈ ગયા છો એટલા માત્રથી તમે મહાન અને પ્રતિભાવાન બની જતા નથી. તમે હતા એવા ને એવા જ છો. ફરક તમારાં ભાગ્યમાં પડ્યો છે. ભાગ્યની ભાગીદારીના દિવસોમાં તમે તમારી જાતને હોંશિયાર માની લો છો તો ભાગ્ય પરવારશે ત્યારે તમારી બુદ્ધિ ચાલી જશે એમ ? તમે આજે સારી જગ્યાએ છો તેનો તમને સંતોષ હોવો જોઈએ. તમારાથી એનું અભિમાન કરી શકાય નહીં. તમે પોતાને મોટા માણસ માનીને ચાલી રહ્યા છો. તમે શીખવાનું ભૂલીને શીખામણ આપવાની દિશા પકડી લીધી છે. તમે બીજા માણસોને પગથી માથા સુધી ઓળખવાની ધૂનમાં પોતાના સ્વભાવને જ નથી ઓળખી શક્યા. તમે સુખી હશો. તમે સંપન્ન હશો. તમે હોંશિયાર હશો. પણ તમારી ધારણા કરતાં ઓછા હોંશિયાર છો. તમને મળેલાં સુખ કરતાં વિશેષ સુખ તમારી ધારણા દ્વારા તમને મળી શકે છે. તમને સો રૂપિયા મળ્યા હોય તેમાંથી તમે હજાર રૂપિયા મળ્યાનો આનંદ પામીને રાજી થઈ શકો છો. તમે એક રાજા સામે જીતીને આખી દુનિયા સામે જીતી ગયા હોવાનો ગર્વ અનુભવી શકો છો પરંતુ તમે એકાદ બે અવસરે હોંશિયાર પૂરવાર થયા છો. દર વખતે નહીં. હોંશિયાર હોવાની ધૂનમાં તમારું જહાજ ટાઈટેનિકની જેમ ડૂબી ન જાય, તેનું ધ્યાન રાખજો.

# સમયની સંગાથે

ઘડિયાળનો કાંટો કોઈની રાહ જોતો નથી. કૅલૅન્ડરનાં પાના કોઈની શરમ રાખ્યા વગર આગળ નીકળી જાય છે. મહિનાના દિવસો સવારે આવીને રાતે ડૂબ્યા કરે છે, રોજે રોજ. તમારી જિંદગીમાં વરસો ૮૦ હોય તો તમારે ૮૦ વરસ પ્રમાણે પ્લાનીંગ કરવાનું રહે. એક જિંદગીને ૮૦ વરસોનું સંગઠન ચલાવે છે. એક વરસને બાર મહિનાનું સંગઠન ચલાવે છે. એક મહિનાને ત્રીસ દિવસનું સંગઠન ચલાવે છે. એક દિવસને ચોવીસ કલાકનું સંગઠન ચલાવે છે. એક કલાકને ૬૦ મિનિટનું સંગઠન ચલાવે છે. એક મિનિટને ૬૦ સેંકડનું સંગઠન ચલાવે છે. મતલબ એ થયો કે ૮૦ વરસની જિંદગીનું ઘડતર એક એક સેકંડથી થાય છે. તમારે સોચવાનું છે.

તમારો સમય કોને અપાય છે, કેટલો અપાય છે. તમારો સમય કેટલો નકામો જાય છે, કેટલો કામ લાગે છે. તમારો સમય તમારી ધારણા મુજબ વપરાય છે કે તમારી ધારણા બહાર વપરાય છે. તમારે સમયને સાચવીને તમારી આખી જિંદગીને સાચવવાની છે. ટીપે ટીપે સરોવર ભરાય તેમ સેકંડે સેકંડે જિંદગી ઘડાય. નાની તિરાડની ઉપેક્ષા કરનારો મોટી ભીંતને તૂટતી રોકી શકતો નથી. થોડી સેકંડોની ઉપેક્ષા કરનારો પણ આખી જિંદગીને બગડતી રોકી શકતો નથી. તમે આયોજન વિના કામ કરો છો. સારું લક્ષ બાંધ્યા વિના ધંધે વળગી જાઓ છો, તેમાં સમયનો ખો નીકળી જાય છે. સમયની બાબતમાં તમે સ્વતંત્ર છો. તમારે સમય ક્યાં વાપરવો તે નક્કી કરવાનું છે. જો તમે સમયની વ્યવસ્થા ગોઠવી શકતા નથી તો તમે ક્યારેય સ્વતંત્ર જિંદગી જીવી શકતા નથી. ગુમાવેલા પૈસા પાછા આવી શકે, ચોરાયેલા દાગીના પાછા મળી શકે પણ ગુમાવેલો સમય પાછો મળવાનો નથી. આજનું ઘડિયાળ બાર વગાડશે અને આવતી કાલનું ઘડિયાળ બાર વગાડશે ત્યારે સમયનો આંકડો એક ભલે દેખાતો પણ પૂરા



ચોવીસ કલાકનો ફરક પડી ગયો હશે.

સમયની સંગાથે રહો. સમય જે શિસ્તથી ચાલે છે એ જ શિસ્તથી તમારી જવાબદારી સંભાળો. સમય જેમ નિયમિત છે તેમ કામમાં નિયમિત રહો. સમયમાં બાંધછોડ નથી તેમ તમારા સારાં કામોમાં બાંધછોડ કરવાનું શક્ય નથી.

તમારાં દરેક કામો સાથે તમારો સમય જોડાશે. તમે જે કામ કરશો તે કામને તમારે સમય આપવો જ પડશે. તમારી ઈચ્છા મુજબ તમે કામ કરો અને તેમાં તમારી પાત્રતાને અન્યાય થતો હોય તો એ સમયનો બગાડ છે. તમારી ઈચ્છા અને તમારી પાત્રતાનો સુમેળ રચીને કામ નક્કી કરો. તમારો સમય યોગ્ય જગ્યાએ યોગ્ય રીતે વપરાય તો તમે સમયની સંગાથે રહ્યા છો. તમે યોગ્ય જગ્યાએ અયોગ્ય રીતે સમય વેડફો, અયોગ્ય જગ્યાએ પણ અયોગ્ય રીતે સમય વેડફો તે સમયનો સથવારો તોડવા જેવું કામ છે. સમય સાથે સંકળાતું કામ સારું હોય અને કામ સાથે સંકળાતો સમય સારો પૂરવાર થાય તે માટે તમે જવાબદાર બનો.

તમારી પાસે પોતાની માલિકીનું કહી શકાય તેવું તત્ત્વ એક જ છે, તમારો સમય. પૈસા કમાઈને મેળવવા પડે, સમય જન્મજાત મળે. પરિવાર મૂડ પ્રમાણે સાચવે, સમય તો સતત સાચવે.

સમયને બગાડવાનો નથી. સમયને ઉજાળવાનો છે.

# આળસ અને આળસ અને

**પા**ણીમાં પડી રહેતી ભેંસોની જેમ કેટલાક લોકો આરામ છોડવા તૈયાર હોતા નથી. એમને કામ સોંપો તે પહેલાં જ એ ના ભણી દે છે. એમને કામ ભળાવ્યા પછી તમારે એમની પાછળ પાછળ ઉઘરાણીએ દોડતા રહેવું પડે છે. એ ભૂલી જાય છે. એમને ટાઈમ હોતો નથી. એ બિઝી હોવાનો દેખાવ કરે છે. કામ ન કરવાનો અપજશ લેવા એ તૈયાર નથી. કામ કરવાની આળસ આવે છે. રામનું નામ પવિત્ર મનાય છે. પરંતુ હરામ શબ્દ બેકાર લોકો માટે વપરાય છે. રામની આગળ બારાખડીનો છેલ્લો અક્ષર મુકાવનારા આ આળસુ લોકો જ છે. તેમને મફતનું ખાવાની મજા આવે છે. તેઓ શરીર વધારવા સિવાય બીજું કાંઈ કામ કરતા નથી. તેમને કોઈ મહત્ત્વાકાંક્ષા નથી. તેમને કશી પરવા નથી. તેમની દુનિયામાં તેઓ સુખી હશે પરંતુ તેમને લીધે અગણિત લોકો દુઃખી દુઃખી રહેતા હોય છે. નાનપણમાં આ લોકોએ ભણવામાં કંટાળો કરેલો. મોટા થયા તો દુકાને બેસવાનો કંટાળો, પૈસા આવે તો ગણવાનો કંટાળો. આ બિરાદરોએ જન્મ લેતા પહેલા માતાના પેટમાંથી બહાર નીકળવાનો કંટાળો કર્યો જ હશે. આળસ એ જિંદગીનો ભયાનક દુશ્મન છે. તમે કામ નહીં કરો તો તમે નુકશાન પામવાના છો. તમારે કામ કરવું જ પડશે. તમારી આળસની સાથે તમારી મૂર્ખામી જ જોડાઈ શકે. તમારે વિચારવું જોઈએ તમે નાના હતા ત્યારે તમારી માતાએ તમને મોટા કરવા માટે મહેનત કરી. તમારા જનમ પછી તમારી માતાએ આળસ કરીને તમને રડતા રાખ્યા હોત તો ? તમારા પિતાજીએ તમારી માટે રમકડાં અને નાનાં કપડાં લાવવામાં કંટાળો કર્યો હોત તો ? તમારા વડીલોએ તમને સ્કૂલે ભણવા મોકલવામાં કંટાળો કર્યો હોત તો ? જરા ગંભીરતાથી વિચારો. તમારી માટે જવાબદાર સ્વજનોએ તમારી તરફ કંટાળો કર્યો હોત તો તમારી જિંદગી ખાલીખમ હોત. આજે તમારી આળસ તમારાં સ્વજનોનું જીવન વેરાન કરી રહી છે. તમારામાં આવડત છે. તમે અભણ નથી. કેવળ આ આળસ જ તમને



બાંધી રહી છે. ઘણાં કામો તમે ટાળવા માંગો છો અને ટાળી શકતા નથી. તમારાં પાપે કામો બગાડે છે. ઘણાં કામો એક માત્ર તમારી આળસને લીધે જ નિષ્ફળ જાય છે. તમને ઠપકો મળે તો ય તમે સુધરતા નથી. તમને માર પડે તો ય તમે બદલાતા નથી. આળસમાં હાડકાં વધુ પડતાં વજનદાર થઈ જાય છે. આળસુ લોકો પોતાના પરિવાર માટે બોજો બની જાય છે. આળસ રાખનારો પોતાની જિંદગીને છતી આંખે આંધળી બનાવી રાખે છે. તમે જાણો છો કે આ કરવાથી મને ફાયદો છે અને છતાં બહાનું શોધીને તમે એ કામ કરતાં નથી. કામનું જે થવું હોય તે થાય. તમને તો ફાયદો મળવાનો હતો તે ના જ મળ્યો. તમે જાણો છો કે આ કામ હમણાં જ કરવું જરૂરી છે. તમે લંબાવ્યા કરો છો. આખરે ગોટાળો વળે છે ને તેને લીધે તમારાં નામને બટ્ટો લાગે છે. તમે સમજી શકશો. તમે કરી શકતા હતા એવાં કામ તમે ન કર્યાં તેને લીધે કેટલા બધા લોકો નારાજ થઈ ગયા છે. તમારી આળસે કેટલાય લોકોના દિલ દૂભવ્યા છે. તમારી જિંદગીને ચાર ચાંદ લગાવી શકે તેવા ઘણા અવસરો આળસના વાંકે ઝૂંટવાઈ ગયા છે. તમે કોઈની માટે વિશ્વાસપાત્ર રહેતા નથી. તમે બીજાથી દૂર ભાગો છો. આળસને લીધે બીજા તમને મળવાનું ટાળે છે. આળસુ લોકોને સારા મિત્રો મળતા નથી. આળસુ લોકોના હાથે સારાં કામો થતાં નથી. સારાં અને ઉત્તમ કાર્યો પસીનો પાડ્યા વિના થઈ શકતા નથી. સફળતા કદાચ પુણ્યયોગે એમને ય મળી જાય. સારાં અને નક્કર કાર્યો વિના મહેનતે નથી જ થઈ શકતા. તમારી આળસને લીધે તમારાં જીવનમાં ઉમદા કાર્યો થઈ રહ્યા નથી. શ્વાસો લઈને જીવન જીવી કાઢનારાં જનાવરોમાં અને આળસુ લોકોમાં ખાસ કોઈ ફરક જોવા નહીં મળે.

❀ ❀ ❀

# અધૂરાં કામ : અધૂરાં નામ

તમને સોંપેલું કામ તમારી શક્તિ પ્રમાણે તમે કરો છો. તમે કામ હાથમાં લો છો. તમને આ કામ દ્વારા જશ મળે તેવી ઈચ્છા છે. તમે થોડી મહેનત કર્યા પછી કંટાળો છો. તમને થાય છે કે આ કામ સાથેનો જશ મને ન મળે તો શું તકલીફ છે ? તમને જશ જોઈતો હતો. કામ કરવામાં થાક લાગ્યો તેથી તમે વિચારી લીધું કે જશ ન મળે તો શું નુકશાની છે. તમે નિર્ણય લીધો. નથી કરવું કામ. તમે કામ અને જશને એક સમજો છો. તે જ તમારી ભૂલ છે. તમારા હાથમાં આવેલું કામ કરવાની તમારામાં તાકાત છે. તમે તમારી તાકાત ન વાપરો તો તમે જાતના ગુનેગાર બનો છો. તમારે કશી ચોરી કરવાની નથી. તમારે હોંશથી પ્રવૃત્તિમાં જોડાઈ જવાનું છે. તમે પ્રવૃત્તિનાં પરિણામને જશ માની લો છો. પ્રવૃત્તિ પૂરી થાય તે પછી જશ કે અપજશ નક્કી થાય. પ્રવૃત્તિ અધૂરી રાખો તો અપજશ નક્કી જ સમજવાનો. તમે ધારો તો ઘણાં કામ સારી રીતે નીપટી શકો છો. તમે નથી કરતા. આળસમાં રહી જાય છે બધું.

બીજા મહેનત કરે છે તે તમે જોયું નથી. બીજા જશ મેળવે છે તે તમે જોયું છે. બીજાને મળેલો જશ તમારે મેળવવો છે. બીજાએ કરેલી મહેનત તમારે કરવી નથી. તમે ભૂલા પડેલા મુસાફર નથી. તમે અટકીને ચોતરફ ફાંફાં મારવા બેસો ત્યારે મૂરખા સાબિત થાઓ છો. તમને તક મળી છે. તાકાત મળી છે. તમારે તમારાં કામ પર તૂટી પડવાનું હોય. કામ કરતા પહેલા પૂરેપૂરો વિચાર કરી લો. કામ કરવામાં તકલીફો પડશે તેની સામે માનસિક તૈયારી કરી લો. કામ હાથમાં લીધું નથી ત્યાર સુધી તમે સ્વતંત્ર છો. કામ સ્વીકાર્યું એ પછી તમારે વિચારવાનું રહેતું નથી. તમે કામ કરવામાં અધૂરા છો કેમ કે તમે વિચાર્યા વિના કામ શરૂ કરો છો અને કામ ચાલુ થયા પછી વધારે પડતું વિચારવા લાગો છો. તમારું કામ તમારાં



વર્તમાનને અને ભવિષ્યને ઘડે છે. તમારું કામ તમારાં જીવન ઉપર ઊંડી અસર મૂકે છે. તમારું કામ તમારી ગઈગુજરીને ભૂલાવે છે. તમે જો કામને સાચવો છો, સજાવો છો તો તમારું નામ આપોઆપ બને છે. તમે નામના ચાહો છો અને કામમાં કંટાળો છો તો કામ અધૂરા નામ અધૂરા—એવો ઘાટ ઘડાય છે. તમારી માટે કામ એ જ જિંદગી હોવી જોઈએ. તમે રમતી વખતે હાર કે જીતને વિચારો તે ચાલે. જીતવા માટે જ રમો તે ચાલે. પરંતુ તમે રમત રમો છો ત્યારે રમવાનો આનંદ મુખ્ય હોવો જોઈએ. તમને રમતા આવડે છે અને તમને રમવાનો સારો મોકો મળ્યો છે તે મહત્ત્વની વાત છે. તમને રમતી વખતે કંટાળો આવતો હશે તો તમે જીતી શકવાના નથી અને રમવાનો આનંદ માણી શકવાના નથી.

કામ કરનારા લોકો કામને એક મજબૂરી સમજીને ચાલે છે તે ખોટું છે. તમારું કામ તો તમારા કલાકોને અજવાળે છે. તમે કામ કરો છો માટે તમારી જિંદગી સમી સૂધરી છે. તમે કામ કરો છો માટે તમારી નામના છે. તમારું કામ બોજો હોઈ ના શકે. તમારું કામ તમારો યશ બની શકે. તમારો જુસ્સો જેટલો તીવ્ર હશે તેટલું તમારું કામ સરસ. તમારું કામ સરસ થતું હોય તો તમને નામ દામ તમામ મળી શકે છે.

સબૂર, તમારે કામ કરતી વખતે બે જ બાબતનો વિચાર કરવાનો છે. તમારી કાર્યક્ષમતાનો અને તમારી કાર્યપદ્ધતિનો. કામ કર્યા પછી યશ મળે કે ન મળે તેને તમે મહત્ત્વ આપતા નહીં. તમે કામ કરો છો તે જ તમારી સફળતા છે. પરિણામ તો દૂરની વાત છે.

# ધાર્યું ધણીનું થાય છે

તમે પરિણામની કલ્પના સાથે કામ શરૂ કર્યું છે. કામ માંડીને બેઠા છો. કામ સંપન્ન થાય તે સાથે જ એક પરિણામ આવવાનું છે. તમે પરિણામ નક્કી કરી રાખ્યું છે અને મહેનત દ્વારા પરિણામ સુધી પહોંચવા માંગો છો. તમે મહેનત પૂરી કરી દીધી. પરિણામ આવ્યું નથી. તમે અવઢવમાં છો. મહેનત તો કરી લીધી. પરિણામ જોવા મળતું નથી. પરિણામ તમે ધારેલું તે નથી આવ્યું, તમે ન ધાર્યું હોય તેવું જ આવ્યું છે. અણધાર્યું પરિણામ સારું હોય તો વાંધો ન આવે. અણધાર્યું પરિણામ અણગમતું હોય તો બે આંચકા લાગે. ધાર્યા મુજબ ન થયું તેનું દુઃખ. મહેનતનું ફળ મળ્યું નહીં તેનું દુઃખ. આ બે દુઃખ જુદા પાડવા જ જોઈએ. મહેનત કરતી વખતે નજર સમક્ષ કલ્પનાનું ચિત્ર દોર્યું હતું એ પ્રમાણે કશું મળ્યું નથી તે સહન નથી થતું, આ દુઃખ. જે પરિણામ મળ્યું છે તે સ્વીકારવા મન તૈયાર નથી, આ દુઃખ. બંનેનો અર્થ એક છે. બંનેનો અર્થ અલગ પણ છે. મહેનત માટેની દિશા જુદી હતી. પરિણામની દિશા જુદી છે. જૂની દિશા ભૂલાતી નથી. નવી દિશા માન્ય થતી નથી. આ સમસ્યા તો લગભગ દરેક વખતે સર્જાય છે. તમારા હાથમાં પરિણામ આવે તેવું તમે માનો છો. પરિણામ તમારી ધારણા મુજબ જ આવે તેવું તમને લાગે છે. હવે ધારણા અને વાસ્તવિકતા વચ્ચે જોજનોનું અંતર છે. આ ખાડો ભરાવાનો નથી. આ ખાડામાં કૂદીને મરવું છે કે મગજ ઠેકાણે રાખવું છે કે તમે નક્કી કરો. તમારી ધારણા મુજબ જ બન્યા કરતું હોય તો તમારામાં અને ભગવાનમાં ફરક નથી. તમારી ધારણા ખોટી પડે છે તે વખતે તમને તમારું પુણ્ય નબળું છે તેની સમજ પડે છે. આ જરૂરી બાબત છે. તમે તમારાં પુણ્યને વધારે પડતું ઉચ્ચ માનો છો. સાધન નબળું હોય તો સિદ્ધિ નબળી જ રહેવાની. બીજી વાત. તમારી ધારણા મુજબનું પરિણામ તમને



ના મળ્યું તેનો અર્થ એ પણ થાય કે તમારો પુરુષાર્થ અધૂરો છે. તમે મહેનત કરવામાં કચાશ રાખી તેથી જ કામ બરોબર પાર ના પડ્યું. તમે સો ટકા પસીનો નથી પાડ્યો. તમે કેવળ સિત્તેર ટકા જ પસીનો પાડ્યો. તમે મોણ ઓછું નાખો તો રોટલી બરોબર ના જ બને. તમારે કેવળ તમારી મહેનત પર ધ્યાન આપવાનું છે. તમે મહેનતના છેવાડે સાવ શૂન્ય પરિણામ મેળવતા હશો તો પણ તમારી મહેનત તમારું જમાપાસું. તમે મહેનતમાં ઢીલા પડો તે તમારી અવનતિ છે. એક પથ્થર પર સો વખત, લોખંડી ઘણ મારનારો મજૂર હારી ગયો. પથ્થર ના તૂટ્યો તેની હતાશા. તેને માર્ગદર્શન મળ્યું. થોડો પરિશ્રમ અને પથ્થર તૂટી ગયો. મહેનત હતી. થોડી કચાશ હતી તે નીકળી ગઈ. પરિણામ હાજર થયું. તમે મહેનત કરતી વખતે કચાશ ન રાખો. પરિણામની બાબતમાં પઝેસિવ ના બનો. નવા પરિણામને સ્વીકારવાની તૈયારી રાખો. તમે મહેનત કરવા સક્ષમ છો તે બદલ ગૌરવ અનુભવો. તમારી જવાબદારી આટલી છે. પરિણામ ન આવે, પરિણામ ઊંધુ આવે, ફળ મળે જ નહીં એમાં તમારો વાંક નથી. મહેનત મુજબ પરિણામ ન મળ્યું તેવું વિચારવાનું નહીં. મહેનત કરવાની જિમ્મેદારી મારી હતી. મેં મહેનત કરી લીધી. હવે પરિણામ જે આવે તે મુજબ નવી મહેનત કરીશું, એમ વિચારો. ધાર્યું ધણીનું થાય છે, તમારું નહીં.

* * *

# ક્રોધની તીનપત્તી

તમે ગુસ્સો કરો છો. તમને ક્રોધ ચડે છે. તમે કચકચાવીને સામા માણસ પર તૂટી પડો છો. તમને આ રીતે ગુસ્સામા ખેંચી જનારાં પરિબળો તો ઘણાં હશે. તમે ધ્યાનથી જોશો તો તમને સમજાશે કે ક્રોધ કરતી વખતે કુલ ત્રણ નિયમોનું પાલન થતું હોય છે. આ નિયમો સારા નથી. આ નિયમોને આધીન રહીને જ ગુસ્સો બહાર આવે છે.

ગુસ્સા માટેનો પહેલો નિયમ : તમે જેનો વિચાર કરો છો તેની પર જ તમને ગુસ્સો આવે છે. તમે જેનો વિચાર કરતા નથી તેની પર તમને ગુસ્સો આવી શકતો નથી. તમને જે લોકો દેખાય છે તેનો જ તમે વિચાર કરો છો. તમને જે લોકો મળે છે તેમનો જ તમે વિચાર કરો છો. તમને ન મળે અને ન દેખાય તેવા લોકોનો વિચાર તમે નથી કરતા. એટલે જ એ લોકો માટે તમારાં મનમાં ગુસ્સો પણ હોતો નથી. ચીનમાં રહેતો એંસી વરસનો ડોસો તમને મળ્યો નથી કે દેખાયો નથી માટે તમે એની પર ગુસ્સો કરવાના જ નથી. તમારો ગુસ્સો તમારા વિચારો સાથે જોડાયો છે. તમે જેનો જેનો વિચાર કરો છો તે દરેક પર તમને ગુસ્સો હોય છે તેવો નિયમ નથી. તમે જેની પર ગુસ્સો કરો છો તેનો વિચાર તમે કરેલો જ હોય છે તેવો નિયમ છે.

ગુસ્સા માટેનો બીજો નિયમ : ગુસ્સો કરવાની ક્ષણોમાં તમારી પાસે સુખ હોતું નથી. ગુસ્સો કરવાના સમયે તમારી લાગણી દુઃખભરી હોય છે. ગુસ્સો કરવાનો સમય સુખનો અવસર નથી. ગુસ્સો મનના ત્રાસની અભિવ્યક્તિ છે. ગુસ્સો મનના રોષની રજૂઆત છે. તમે ગુસ્સો કરો છો ત્યારે સુખ દૂર જઈને ઊભું હોય છે. ગુસ્સો ચાલુ હશે ત્યાર સુધી દુઃખની બળતરા હશે. ગુસ્સો હાજર હશે ત્યાર સુધી અશાંતિ હશે. ગુસ્સો કરતી વખતે આનંદ હોય, પ્રસન્નતા હોય, રાજીપો હોય તેવું બનતું નથી. ગુસ્સો



કરો છો તે સમયે તમે તમારી જાતને દુઃખી બનાવો છો.

ગુસ્સા માટેનો ત્રીજો નિયમ : ગુસ્સો કરો છો ત્યારે તમે કર્મના પ્રભાવ હેઠળ આવો છો. આઠ કર્મોમાં એક કર્મ છે મોહનીય કર્મ. આ કર્મનો એક અંશ છે કષાય મોહનીય કર્મ. નિમિત મળે, તમે તેની અસરનો ભોગ બનો ત્યારે આ કર્મ ઉદયમાં આવીને તમારી પર વર્ચસ્વ જમાવી દે છે. કર્મનો તીવ્ર ઉદય તમારી માનસિકતાને કલુષિત કરી મૂકે છે. તમે ભૂતકાળમાં એ કર્મ બાંધ્યું છે. તમારી ભીતરમાં એ કર્મ જમા થયેલું છે. તમે છંછેડાયા છો ત્યારે તમારી પર એ કર્મનું ઝેર ચડી આવ્યું છે.

તમે માનો કે ન માનો. આ નિયમોની આધીન રહીને જ ક્રોધ થતો હોય છે. તમારા ક્રોધને તમારે જીતવો હોય તો તમારે ક્રોધને આ રીતે ઓળખવાનો રહેશે. તમે તમારા ક્રોધ વિશે વિચારો તે મહત્ત્વનું છે. તમે તમારા ક્રોધને સમજો તે જરૂરી છે. તમારી સમક્ષ તમારો ક્રોધ છે. તમારી સમક્ષ આ ત્રણ નિયમ છે. તમે ક્રોધને વશમાં લેવા માંગતા હો તો પહેલું કામ એ કરો કે કામ વિનાના વિચારો ન કરવા. જે માણસો કામના નથી તેમની પાછળ દિમાગનું રોકાણ ન કરવું. બીજું કામ એ કરો કે ક્રોધ કરીને સુખથી વંચિત થવું નથી અને દુઃખને આધીન થવું નથી તેવો સંકલ્પ કરો. ત્રીજું કામ એ કરો કે કર્મનો ઉદય તમને દબાવે છે તેની ફરિયાદ પ્રભુને કરો.

કદાચ ક્રોધમાંથી રસ્તો જડી આવશે.

✿ ✿ ✿

# સ્પર્ધા પરાધીન બનાવે છે

તમારી શક્તિ અને તમારું ભાગ્ય તમારી સફળતાનાં મૂળમાં રહે છે. તમારા હાથમાં આવેલું કામ તમે કરો છો એ તમારી શક્તિનો ઉપયોગ છે અને તમારા ભાગ્યનું ઘડતર છે. તમે કામ કરવા માટે સ્વતંત્ર નથી. બીજાને સાથે રાખીને ચાલવાનું હોય છે. પરંતુ કયું કામ કરવું તે નક્કી કરવા માટે સ્વતંત્ર છો. તમે આ વાત ભૂલી જશો તો ફસાશો. બન્યું છે આવું.

તમારે કામ કરવું છે તે કામ બીજા પણ કરે છે. તમારી સામે એ બીજો માણસ આવ્યો નથી, એ પોતાની જગ્યાએ કામ કરે છે. તમે તમારી જગ્યાએ છો. હવે એક કામ છે એટલે બંને વચ્ચે સ્પર્ધા શરૂ થઈ. દુકાન દસ છે અને દસે દુકાનમાં માલ એ જ વેચાય છે તો દુકાનો વચ્ચે સ્પર્ધા રહે છે. આમાં બને છે એવું કે તમે કામ કરો છો તેમાં તમારી નજર તમારાં કામ પર નથી રહેતી, બીજાનાં કામ પર રહે છે. તમે એ બીજા કરે તેથી વધારે સારું કરવાનું નક્કી કરો છો. તમે એ બીજાથી આગળ નીકળવા માંગો છો. તમારા નિર્ણયના કેન્દ્રમાં એ બીજો માણસ આવી ગયો. કામ તમે કરો છો. તમારી કામ કરવાની સ્વતંત્રતામાં એ માથું મારવા આવ્યો નથી. તમારે તમારાં કામને વળગી રહેવું જોઈએ. તમારી શક્તિની સરખામણીમાં તમારું કામ ઓછું થયું કે પ્રમાણસર થયું તે તમે વિચારો. તમે કામ કરવા માટે મળતાં સાધનોનો પૂરેપૂરો ઉપયોગ કર્યો કે નહીં તે વિચારો. કામ કરવામાં કચાશ ક્યાં રહે છે તે તમે શોધી કાઢો. તમે તમારાં કામની આસપાસ જ વિચારો. બીજાની સાથે સરખામણી કરવા જશો તો તમારા વિચારો કુંઠિત થઈ જશે. તમને જે મળ્યું છે તે તમારું ભાગ્ય છે. તેમાં કોઈ વિશેષ ઉમેરો તમે કરવા માંગો છો તો પુરુષાર્થ કરો. બીજા જે કરે તે મારે કરવું આ સ્પર્ધા છે. બીજા જે ન કરી શકે તે મારે કરી બતાવવું આ સ્પર્ધા છે. સ્પર્ધા ભાવનાથી કામ થાય છે પરંતુ માનસિકતા સ્વાધીન નથી હોતી. સ્પર્ધામાં રહીને કામ કરવું એનો અર્થ સામા માણસને જવાબ આપવા માટે કામ કરવું. સ્પર્ધામાં



રહીને કામ કરવું એનો મતલબ સામો માણસ ના જીતે તે માટે કામ કરવું. તમે લડાઈ માટે જનમ્યા નથી. તમે સંઘર્ષ માટે આ દુનિયામાં અવતાર લીધો નથી. તમારા માટે નક્કી થયેલાં ભવિષ્યને તમારે સાકાર કરવાનું છે. બીજાની સફળતા જોઈને તમને સફળ થવાનું મન થાય તે ખોટું છે. તમે બીજાના હવાલે જીવો છો. તમે બીજાના હવાલે વિચારો છો. તમારી ખરીદી બીજાની ખરીદી કરતાં સારી ના હોય તો તમને એમ લાગે છે કે તમારી હાર થઈ. બીજાની ખરીદી કરતાં તમારી ખરીદી સારી હોય તો તમને એમ લાગે છે કે તમારી જીત થઈ. આનો સાર એ નીકળે છે કે તમારી જીત અને હાર બીજા માણસની ખરીદી પરથી નક્કી થાય છે. આ સરાસર પરાધીનતા છે.

તમારું જીવન તમે જીવો છે. તમે શ્વાસ લો છો તેમાં બીજાની સાથે સ્પર્ધા નથી. તમારી આંખ જોઈ શકે છે તેમાં બીજાની જોવાની ક્ષમતા સામે કોઈ સ્પર્ધા નથી. તમે જે કાંઈ કરો તેમાંથી સ્પર્ધાતત્ત્વની બાદબાકી કરી દો. તમારે સ્પર્ધામાં હારવાનું નથી, તમારે સ્પર્ધાને હરાવવાની છે. માનસિક તનાવ સાથે કામ કરવા પડે છે સ્પર્ધામાં. ઊંચી અપેક્ષા સાથે જ મેદાનમાં ઉતરવું પડે છે, સ્પર્ધામાં. અને હાર થઈ તો ભયાનક હતાશા ભોગવવી પડે છે સ્પર્ધામાં.

બીજાનાં મોઢાં જોઈને પોતાનો નિર્ણય ના કરાય. તમારો નિર્ણય તમારી તાકાત પર નિર્ભર હોવો જોઈએ. એમાં સ્પર્ધા પણ ના ચાલે.

✳ ✳ ✳

# ભૂલ થાય છે ત્યારે

તમે કામ કરો છો. તમે મહેનત કરો છો. ભૂલ થવાની સંભાવના છે જ. તમને બીજાની ભૂલ દેખાય છે તેમ બીજાને તમારી ભૂલ અવશ્ય દેખાશે. તમે બીજાને એની ભૂલ બતાવો છો તેમ બીજા તમને ભૂલ બતાવશે જ. તમે આ ખમી શકતા નથી. તમને કોઈ ભૂલ બતાવે છે તો તમે ગુસ્સો કરી બેસો છો. તમે ભૂલ બતાવનાર માણસને દુશ્મન માની લો છો. ભૂલ બતાવનારો તમને દબાવી રહ્યો છે તેવું માની લો છો. તમે પોતાની સલામતી માટે એ ભૂલ બતાવી રહેલા માણસ સાથે ઝઘડી બેસો છો. તમારી નજર તમારા હાથે થયેલી ભૂલ પર રહેતી નથી. તમારી નજર સામા માણસ પર રહે છે. તમે એ માણસને એની ભૂલ બતાવીને ઉતારી પાડો છો. તમે એ માણસને ખરાબ ચીતરો છો. તમે વિચારો કે એ માણસે તમને તમારી ભૂલ બતાવી તેમાં ખોટું શું છે ? તમે ભૂલ કરી છે માટે જ તે ભૂલ બતાવે છે. તમે ભૂલ કરી જ ના હોય તો એ ભૂલ બતાવવા આવે જ નહીં. તમારા હાથે કોઈ ગડબડ થઈ છે. તમને એનો ખ્યાલ રહ્યો નથી. તમે સાહજિક રીતે એ કામ કર્યું છે. એમાં કશીક ભૂલ થઈ છે તેવું તમારાં ધ્યાનમાં નથી માટે તમને તમારું કામ સારું લાગે છે. તમને તમારી ભૂલ બીજાની પાસેથી જાણવા મળે છે તો તમે અકળાઈ ઊઠો છો. તમે એ ભૂલ કરવા માંગતા નહોતા. કદાચ, તમે જે કર્યું તેને તમે ભૂલ માનતા ન હતા. હવે તમારી સમક્ષ કડવી વાત આવી. તમને કહેવામાં આવ્યું કે આ ભૂલ થાય છે. તમે આ આક્ષેપને ખોટા અર્થમાં પકડી લીધો. તમે સમજવા તૈયાર નથી. તમારી સમક્ષ થયેલી રજૂઆતમાંથી તમે ઝઘડો શરૂ કરી દો છો. જરા અટકો. વિચારો.

ભૂલ બતાવનારો તમને અપમાનિત કરવા માંગે છે ? ભૂલ બતાવે છે તે માણસ તમારો દુશ્મન છે ? ભૂલ બતાવીને તે તમને બદનામ કરવા માંગે છે ? એવું કશું નથી. તમે જે ભૂલ કરી તે ફરી ન થાય માટે તે તમને સમજાવી રહ્યો છે. તમારે વિચારવું જોઈએ તે તમે વિચારતા નથી. તમે વિચારો કે તમને જે



ભૂલ બતાવવામાં આવી છે તે ભૂલ સાચી છે ? તમે જે ભૂલ કરી છે તે જ તમને બતાવી હોય તો પછી આગળ વિચારો. તમે આ ભૂલ જાણ બહાર કરી છે કે જાણી જોઈને કરી છે ? જો આ ભૂલની તમને ખબર નથી તો તમારે ખુશ થવું જોઈએ. તમે જે જાણતા નહોતા તે જ તમને જાણવા મળ્યું છે. ભૂલ બતાવનારે તો તમારી પર મોટો ઉપકાર કર્યો છે. તમે ભૂલ કરી તે એણે બતાવી ન હોત તો તમે ખરેખર ફસાઈ જવાના હતા. તમારી ભૂલ તમને નુકશાન કરી જાય છે તે તો સમજો. ભૂલ બતાવનારે તમને નુકશાન થવાનું છે તેનાથી તમને બચાવ્યા છે. તમારો આ સાચો મિત્ર છે. ગુજરાતીમાં એક કવિતા છે.

**મિત્ર સાચી વાત કહી શકતા નથી.**
**કોઈ દુશ્મન, કોઈ વૈરી જોઈએ.**

તમે સાચી જાણકારી મેળવી તે સારી ઘટના છે. ભૂલ બતાવનારે તમારી બાજી બગડતી અટકાવી છે. ભૂલ બતાવે તે તમારું અજ્ઞાન દૂર કરે છે. તમે તેની પર ખીજવાશો નહીં. બીજી વાત પણ છે. તમે ભૂલ કરી તે તમે જાણી જોઈને કરી હોય તો તમે ગુનેગાર છો. તમારી પાસે ભૂલ કરવાનું વ્યાજબી કારણ હોય તો વાત જુદી છે. બાકી ખોટાં કારણે તમે ભૂલ કરવાનું પસંદ કર્યું છે. તમારી ભૂલ પકડાઈ ગઈ છે. તમે એ ભૂલ ખાતર ઝઘડો કરો છો તે ખોટું છે.

ભૂલ કરનારે ભૂલનો બચાવ કરવો ના જોઈએ. ભૂલ કરો અને એ ભૂલનો સ્વીકાર ના કરો તે સજ્જનતા નથી. ભૂલ કર્યા પછી એ ભૂલ સુધારવાની હોય. તમારે તમારા હાથે આ ભૂલ સુધારી લેવી જોઈએ. ભૂલથી બચવાનું હતું. એ ના બન્યું. બીજાની પાસેથી ભૂલની જાણ થઈ. હવે તો સુધારી લો. ભૂલ સુધારશો નહીં તો કાયમ હેરાન થશો.

# ભૂલ બતાવીએ ત્યારે

તમે બીજાને તેની ભૂલ બતાવો. સારી વાત છે. ગુજરાતી ભાષા મુજબ ભૂલ બતાવીએ તેનો અર્થ ભૂલ કાઢી એવો થાય છે. શબ્દ સરસ છે. ભૂલ ફક્ત બતાવવાની નથી. ભૂલને કાઢી મૂકવાની છે. ભૂલને સાચવી રાખવાની નથી. ભૂલને રવાના કરવી જોઈએ. ભૂલ કરનારો જો ભૂલને સમજી શકતો નથી તો તમે એની પાસે જઈને તેને એ ભૂલ બતાવશો. સવાલ એ છે કે તમે ભૂલ બતાવો છો તે વખતે શું કરો છો ? તમે એને ઉગ્ર ભાષામાં ઝાટકશો કે એને અપમાનિત કરી દેશો તો વાત બગડશે. તમે ભૂલ બતાવો તે પહેલા મનમાં પ્લાનીંગ કરો. ભૂલ બતાવવા માટે કેટલાં વાક્ય વાપરશો તે નક્કી કરી લો. તમે વાતો કરતાં કરતાં જ ભૂલ બતાવવાના છો. ભૂલની વાત કેટલી મિનિટ સુધી ચલાવવી છે તેની રૂપરેખા ઘડી કાઢો. હમણાં એક નવો શબ્દ આવ્યો છે : વન મિનિટ મૅનેજમૅન્ટ.

આ થિયરીમાં ઘણી વાતો છે. તમારાં કામની વાત એક છે. તમારે કોઈને ઠપકો આપવાનો હોય તો એક મિનિટમાં એ વાત પૂરી કરી દેજો. તમારી ફરિયાદ એક જ મિનિટની હોવી જોઈએ. વધારે સમય માટે તમે ઠપકો આપો તો એ ઝઘડો છે. આ મુદ્દો સરસ છે. તમે ભૂલ બતાવો ત્યારે લાંબી લાંબી પિંજણ કરવા બેસતા નહીં. ટૂંકી અને ટચ વાત કરજો. જે ભૂલ થઈ તે બતાવજો અને તેને લીધે થઈ શકે છે તે નુકશાનની યાદ આપજો, બસ. ભૂલ બતાવતી વખતે ખ્યાલ રાખજો કે તમારે ગુસ્સો કરવાનો નથી. તમારે તો ફક્ત ભૂલ જ બતાવવાની છે. ગુસ્સો કરવાથી કે કડવા શબ્દો વાપરવાથી તમે સાચા પૂરવાર થવાના નથી. તમારો મુદ્દો વ્યાજબી હોય તે જ એકમાત્ર મહત્ત્વની વાત છે. બની શકે તેટલી મીઠાશ વાપરજો. તમે ભૂલ કાઢવા બેઠા છો માટે કડવાશ તો લાગશે જ. પણ એ કડવાશ બને તેટલી ઓછી હોવી જોઈએ. તમે ભૂલ કાઢો છો ત્યારે એ માણસને આખેઆખો ખરાબ ચીતરો છો તેવું ના બનવું જોઈએ.



તમારી રજૂઆત શાલીન હોવી જોઈએ. તમે સામા માણસને સારો માનો છો તે જણાવજો. એણે કરેલી આ એક ભૂલ જ ખોટી છે એમ તમે કહેજો. એ જે કરે છે તે બધું ખોટું છે તેમ કહેશો નહીં. તમારે એને ભૂલમાંથી બહાર લાવવો હશે તો એને રાજી રાખવો પડશે. એનાં વખાણ કરવાપૂર્વક ભૂલ બતાવજો.

ભૂલ બતાવ્યા પછી ફરી વખાણ કરજો. તમારા શબ્દો એનાં દિલમાં જખમ પાડે એવું થવા દેશો નહીં. તમારે સારી રીતે એને સમજાવવાનો છે. કેવળ ભૂલ કહીને છૂટા થઈ જવાનું નથી. તમારે એને એ ભૂલમાંથી બહાર આવી શકે તેવું માર્ગદર્શન આપવાનું છે. આદર્શ શિક્ષક વિદ્યાર્થીને તૈયાર કરે તે રીતે તમારે એને ભૂલમાંથી મુક્ત કરવાનો છે. તમે બોલવામાં વિવેકી ન રહ્યા તો સાચી વાત મારી જશે. એક ભૂલ બતાવતી વખતે જૂની દસ ભૂલો ઉખેડશો નહી. જૂની ભૂલ સુધરવાની નથી. આ નવી ભૂલ બદલાઈ શકે છે. ફક્ત એ જ એક ભૂલનો ઉલ્લેખ કરજો.

એના પગમાં કાંટો છે. તમારે એને કાંટો કાઢી આપવાનો છે. તમે એને ઉતારી પાડશો તો કાંટો નહીં નીકળે. તમારે એની પાસે બેસવું પડશે. નરમાશથી કામ લેવું પડશે. કાંટાને ખેંચતી વખતે એને દુખશે, તે સાચું. તમારે કાંટો કાઢવાનો છે, શરમ રાખવાની નથી. કાંટો નીકળી ગયો, કામ પતી ગયું. ભૂલ બતાવ્યા પછી એ ભૂલ ન થાય તેવી સમજાવટ કરી ના શકો તો તમને ભૂલ કાઢતા નથી આવડતી.

ભૂલ જણાવી દેવી એ વાચાળતા છે.

ભૂલ સમજાવી શકીએ એ જવાબદારી છે.

ભૂલમાં સુધારો લાવી શકીએ તે સફળતા છે.

તમે શું કરો છો ?

# ભૂલ દેખાય છે ત્યારે

વાંકદેખા માણસો વગોવાય છે. પારકી પંચાત કદી સારી મનાતી નથી. ચૌદસની તિથિ વિશેષ આરાધના માટે હોય છે પરંતુ ચોવટ કરનારા લોકોને ચૌદસિયા ગણવામાં આવે છે. બીજાનાં જીવનમાં સદ્‌ગુણો હોય છે તે જોઈને અનુમોદના કરવા જેટલી સજ્જનતા કેળવી લેવી. બીજાના દોષ કદી જોવા નહીં. બીજાની ભૂલ કદી શોધવી નહીં. આ સામાન્ય સમજણ છે. આંખ મળી છે તો નજર સામે જે આવશે તે બધું દેખાશે. સારું દેખાશે, અનુમોદના કરીશું. બૂરું દેખાશે, ફરિયાદ કરશું. એવું કરવાનું નથી. બીજાની ભૂલ દેખાય છે ત્યારે સારા વિચાર આવી શકે છે. બીજી વ્યક્તિ ભૂલ કરી રહી છે તે નજર સામે દેખાય છે. તમે તેને કશું કહી શકવાના નથી. તે તમારું કાંઈ સાંભળે તેમ નથી. તમારો એની સાથે એ કક્ષાનો સંબંધ જ નથી. એ ભૂલ કરે છે અને એને નુકશાન થવાનું છે તે તમે જોઈ રહ્યા છો. તમે મનમાં વિચાર કરજો, આ ભૂલ મારે કરવાની નથી, આ ભૂલને લીધે તે નુકશાની વેઠવાનો છે, મારે તેવી નુકશાની વેઠવી નથી. ભૂલ કરનાર માણસ ખરાબ છે તેમ ના વિચારશો. તમે એમ વિચારજો કે આ માણસ ઘણો સારો છે. બિચારો આ ભૂલ કરીને હેરાન થવાનો છે. તમારે વિચારવું હોય તો એમ પણ વિચારજો કે આના જેવો સારો માણસ આમ ભૂલ કરે છે તો મારે સાવધાન બનવું જોઈએ. સારો માણસ જો ભૂલ કરી શકે છે, સમજદાર વ્યક્તિના હાથે જો ભૂલો થઈ શકે છે તો મારે જાગતા રહેવું પડશે.

ભૂલ કરનારે ભૂલ કરી તેમાં તેની સમજફેર કયાં થઈ તે શોધી કાઢજો. ભૂલના મૂળ ક્યાં પહોંચે છે તે શોધજો. કેવળ ભૂલ જોવી તે સહેલું છે. ભૂલનાં મૂળ સુધી પહોંચવું અઘરું છે. ભૂલ કર્યા પહેલા તે માણસ સારો અને સુખી હતો. ભૂલ કર્યા બાદ તે માણસ હેરાન થઈ રહ્યો છે તે જોઈને કરુણા અનુભવજો. ભૂલ કરનારો પોતાનાં મનમાં પોતાની ભૂલનો પસ્તાવો રાખતો હોય તે સંભવિત છે. તમે એ ભૂલને યાદ રાખીને એને ખરાબ માન્યા કરશો અને ભૂલ કરનાર પસ્તાવો કરીને ખરાબીમાંથી બહાર આવી ગયો હશે.



એક સંતની કથા છે. એ શહેરમાં આવ્યા. તેમનાં મકાનની સામે વેશ્યાનું ઘર હતું. સંત વેશ્યાને તુચ્છકારથી જોતા. એને વગોવતા. એક દિવસ સંત મરી ગયા. ચિત્રગુપ્ત પાસે પહોંચ્યા. જાણવા મળ્યું કે તેમની નરકગતિ નક્કી થઈ છે. સંત છંછેડાયા. પૂછે : મેં આટલી બધી સાધના કરી અને મારી નરકગતિ ? ચિત્રગુપ્તે કહ્યું : તમે બધી રીતે સારા હતા. તમે એક જ જગ્યાએ થાપ ખાધી. તમે વેશ્યાની ખરાબીનો જ વિચાર કરતા રહ્યા. તમે એની માટે એલફેલ બોલતા રહ્યા. આ પાપે નરકગતિ આપી છે. સંત પૂછે છે : હું જો નરકમાં છું તો વેશ્યા કંઈ ગતિમાં છે ? ચિત્રગુપ્ત કહે છે, વેશ્યા સ્વર્ગમાં છે. સંત પૂછે છે : આવો અન્યાય ? આવા હીનકર્મીને સ્વર્ગ ? ચિત્ર ગુપ્ત કહે છે, એ વેશ્યાની નજર તમારી સાધના પર હતી, એ હંમેશા તમારી પવિત્રતાનો જ વિચાર કરતી હતી. એ પોતાના ઘરાકોની સમક્ષ તમારી પ્રશંસા કરતી હતી. એણે સારું જોયું. એને સદ્‌ગતિ મળી. તમે ખરાબ જોયું, તમને દુર્ગતિ મળી.

તમે બીજાને ખરાબ માની લેશો તો તમારી દોષદષ્ટિને પ્રોત્સાહન મળશે. પણ બીજો માણસ ભૂલ કરે છે તે દેખાય તો મનને સાચવીને સમજાવજો. જે માણસની જવાબદારી તમારી નથી તેની ભૂલની ચર્ચા તમે કરશો નહીં. જે માણસને તમે ઓળખતા નથી તેની ભૂલની પંચાત તમે કરતા નહીં. ભૂલ દેખાય ત્યારે પોતાની જાતને સાવચેત બનાવજો. આ ભૂલ મારે કરવી નથી. આ ભૂલથી મારે દૂર રહેવું છે. બીજાની ભૂલમાંથી બોધપાઠ મેળવજો. ફાવી જશો.

# ભૂલનું પુનરાવર્તન

ઇતિહાસનું પુનરાવર્તન યાદગાર હોય છે. ભૂલનું પુનરાવર્તન કડવું હોય છે. ભૂલ કર્યા બાદ એની સજા તો મળે જ છે. દેર થાય, અંધેર ન થાય. એ સજા ભોગવી લીધી પછી ફરીવાર ભૂલ કરવાનું યાદ આવે ત્યાંથી જ કમઠાણ શરૂ થઈ જાય છે. ભૂલ કરનારો માણસ ભૂલને પસંદ કરીને ચાલે છે. ભૂલ પકડાય એ પહેલા તે છટકી જવા માગે છે. ભૂલ કરનારો ચેતીને ચાલે છે. પણ ભૂલ તો પરચો બતાવે જ છે. થોડો માર પડે છે. ભૂલ કરનાર અનુભવમાંથી સારો પાઠ લેતો નથી. માર પડ્યો છે તેથી હવે ભૂલ કરવાની નથી તેવો વિચાર એને નથી આવતો. માર ન પડે એવી રીતે ભૂલ કરવાનો કારસો એ ગોઠવે છે. માર ખાવાની તૈયારીપૂર્વક ભૂલ કરનારા પણ હોય છે. ભૂલને આવશ્યક માનીને ચાલનારા તો હજારો માણસો હોય છે. ભૂલ અને ઝેર વચ્ચે તફાવત છે. ઝેરને યોગ્ય માત્રામાં લો તો એ દવાનું કામ કરે છે. ભૂલની કોઈ માત્રા હોતી નથી અને ભૂલ દવા તરીકે કામમાં આવતી નથી. ભૂલ કરો અને ભૂલને વ્યાજબી માનો તેમાં તો વળી ભૂલ ભૂલામણી સર્જાય છે. પહેલી વાર કરેલી ભૂલની માફી મળે. બીજી વખત કરેલી ભૂલનો ખુલાસો સાંભળી શકાય. વારંવાર થનારી ભૂલોનું તો કોઈ ઓસડ નથી. ઘણા તો ભૂલ કરવા માટે જ જીવતા હોય છે. નિર્ણયો ખોટા કરવા, પસંદગી કરવામાં થાપ ખાવી, માણસને ઓળખવામાં સમજફેર થવી, ખોટા વિશ્વાસે રહેવું આ બધી માનસિક ભૂલો છે. ગુસ્સો વ્યક્ત કરવો, અપમાન કરવું, બીજાની બદનામી કરવી, જૂઠં બોલવું, છળપ્રપંચ કરવા આ બધી વાચિક ભૂલો છે. હદથી વધારે ખાવું, કારણ વગરની મહેનત કરવી, પરિણામ વિનાની પ્રવૃત્તિ કરવી, ખોટી જગ્યાએ જવું આ બધી શારીરિક ભૂલો છે. ભૂલો તો ઘણી હોય છે. ભૂલ કરનારો પોતાની ભૂલને જોઈ શકે, સમજી શકે તો ભૂલને છોડવી આસાન છે. મોટે ભાગે ભૂલને ભૂલ તરીકે જોવાની તૈયારી હોતી નથી. લાચારીને લીધે કે ચોક્કસ કારણને લીધે ભૂલ કરવી પડે છે તેવો મોઘમ ખુલાસો કરીને ભૂલને ચાલુ રાખવામાં આવે છે. ભૂલનો રસ્તો જોખમી છે. બહાદુર માણસો જોખમથી નથી ડરતા. ભૂલથી ડરે છે. નબળા માણસો જોખમથી ડરે છે. ભૂલથી નથી ડરતા. ભૂલને લીધે બદનામી થાય તેનાથી ન ડરો તેમાં બહાદુરી નથી, મૂર્ખામી છે. બદનામી તો સારા આદર્શો માટે કડવા થઈને વહોરવાની હોય. નક્કામાં કામો માટે બદનામી વહોરનારો બુદ્ધિનું દેવાળું ફૂંકે છે. ભૂલો ન કરી હોય તો ભૂખ્યા રહેવું પડે છે ? ના. ભૂલો કેવળ શોખથી થતી હોય છે. દેખાદેખીમાં આવીને જરૂર વિનાનો બોજો ઉઠાવવાના કોડ જાગે છે. તેમાંથી ભૂલો થવા લાગે છે. ભૂલો કરતી વખતે ભૂલનો ડંખ હોય તો માનસિક પ્રામાણિકતા જળવાય છે. પરંતુ ભૂલો કર્યા વગર ચાલી શકતું હોય તો પણ ભૂલો થતી હોય તો એમાં પ્રામાણિકતા જળવાતી નથી. તમને તમારી ભૂલ સજા કરવાની છે તે નક્કી સમજજો. તમે ભૂલ કરવાનું ટાળી શકશો તો જ સજાથી બચશો. ભૂલ કરીને પછી બહાનું બનાવી દેવાથી ભૂલ મટી જતી નથી. ગાળ આપી દીધી પછી માફી માંગી લેવાથી ગાળ, પ્રશંસા બની જતી નથી. ગાળનો જખમ તો લાગે જ છે. ભૂલોને જાતે સમજવી જોઈએ. ભૂલો ઓળખવા માટે નમ્ર અને નિખાલસ સ્વભાવ ઘડવો જોઈએ. તમે ભૂલ કરો ત્યાં સુધી ઠીક છે. માણસ માત્ર ભૂલને પાત્ર. તમે ભૂલનું પુનરાવર્તન કરો તે તમારાં ભવિષ્ય પરનો ક્રૂર અત્યાચાર છે.

# ખુલાસો અને દિલાસો

સંબંધે સંબંધે ભૂલની વ્યાખ્યા બદલાય. તમારાં મનમાં કોઈ સંબંધ વિશે કોઈ અસંતોષ હશે તો એનાં મૂળ તમે ધારો તેથી વધુ ઊંડાં હશે. તમારો સંબંધ કદી પરિપૂર્ણ હોઈ શકે નહીં. તમે અને તમારા સંબંધી એમ બે અંતિમ વચ્ચેનો દોર એ જ સંબંધ છે. તમે માણસ છો, ભગવાન નથી. એ માણસ છે, ભગવાન નથી. ભૂલ તો થશે જ. ભૂલની સમજણ પડે તે પહેલાં ભૂલને લીધે ગેરસમજ ઊભી થઈ જશે. તમે તમારી ભૂલ સુધારી લો તો પણ તમારા માટેની ગેરસમજ ભૂંસાય નહીં તેવું બને. તમે એક ભૂલમાંથી બહાર આવી ગયા છો અને એ ભૂલને લીધે તમારા વિશે ઊભી થયેલી ગેરસમજમાંથી તમારા સ્વજન બહાર નથી આવ્યા. તમારી હાલત કફોડી છે. તમે ભૂલની માફી માંગી લીધી છે અને તમને એ જ ભૂલની સજા કરવામાં આવે છે. તમે ભૂલનો ખુલાસો કરી લીધો તો પણ તમને ગુનેગાર માનવામાં આવે છે. તમારા નજદીકના સંબંધમાં આવી બે પાંચ ભૂલો અને એકાદ-બે ગેરસમજ આવી ગઈ છે જે તમને સતત ટૅન્શનમાં રાખે છે. તમે ભૂલથી પણ કંટાળો છો અને સજાની સામે તમે વિદ્રોહ કરી બેસો છો. ન ઘરના રહો છો, ન ઘાટના. તમે તદ્દન એકલા પડી જાઓ છો. ફરીવાર ભૂલ નથી કરવાના. તમે તેની ખાતરી આપી શકો તેમ છો. તમે ભૂલ સાથેનો નાતો તોડી જ ચૂક્યા છો. તમે ભૂલ કરી હોય તો પણ તમે સારા છો તેવું તમારે સાંભળવું છે. તમે ભૂલ કરી તેને લીધે તમે નકામા નથી બની ગયા તેવો વિશ્વાસ તમને જોઈએ છે. તમે ભૂલ કરી તેનો તમે બચાવ નથી કરવા માંગતા. પરંતુ તમારી ભૂલને એક કમનસીબી તરીકે ભૂલી જવાય તે તમને ગમે છે. તમે ભૂલ સુધારી તે મહત્ત્વનું નથી. તમે ભૂલ કરી તેને માફ કરી દેવામાં આવી છે તેવું તમારે સાંભળવું છે. તમે પ્રમાણિક છો માટે ભૂલ કબૂલી. તમે પ્રામાણિક છો માટે ભૂલમાંથી બહાર આવ્યા. હવે તમારા સ્વજનો સાથે તમારી અપેક્ષા શું છે તે વિચારો. ભૂલને ગૌણ ગણીને બાજુ



પર મૂકી દેવાય તે તમારી લાગણી છે. તમારી ભૂલને પંપાળવાની વાત નથી. તમારી ભૂલને યાદ ન રાખવાની વાત છે. તમે ભૂલ કરી તે વખતના સંયોગો જુદા હતા. આજના સંયોગો જુદા છે. તમારી ભૂલની શરૂઆત ખોટી હતી. તમે ત્યારે ખરેખર થાપ ખાધી અને વધુ વેતરી બેઠા. આજે તમને જે સમજાય છે તે ત્યારે સમજાયું હોત તો એ ભૂલ થઈ જ ન હોત. તમને ન સમજાયું તે ભૂતકાળ છે. આજે તમને કંઈક સમજાઈ રહ્યું છે તે વર્તમાન છે. ન સમજાયું તેની ફરિયાદ પૂરી થઈ ગઈ તે સાથે જ ભૂલ નામની ઘટના ખતમ થઈ ગઈ. તમારી સમજણ તમે સુધારી રહ્યા છો તે બતાવવાની ફરજ તમારી છે. એટલું જ નહીં તમે ખરેખર ખોટી સમજમાંથી બહાર આવી શકો તે તમારી માટે અગત્યનું છે. તમે ખુલાસો કરીને છટકવા માંગો તે ખરાબ. તમે ખુલાસો કરીને ભૂલથી અટકવા માંગો તે સારું. તમારાં મનની સચ્ચાઈ માટે તમે ભૂલને ઓળખી લો. તમે એ ભૂલને લગતી વિચારણામાં તટસ્થ બની જાઓ. તમારી જાતને એ ભૂલમાંથી બહાર કાઢવાનું સાચું વચન આપો. તમે તમારી જાત સાથે આટલી હદે સ્પષ્ટ થઈ જાઓ તે પછી સામી વ્યક્તિને, સ્વજનને તમારી માટેની શું ભાવના છે તે ઓળખવા માંડો. તેમની ભાવનામાં જામી ગયેલી ગેરસમજને દૂર કરવા તમે પ્રયાસ કરો. તમે ગેરસમજને દૂર તો જ કરી શકશો જો તમે ભૂલને દૂર કરી શકશો. તમે ભૂલને ભૂંસ્યા પછી ગેરસમજને દૂર કરવા બેસશો તો તમારો ખુલાસો માન્ય થશે અને તમને સાચો દિલાસો મળશે. ભૂલ થયા પછી ખુલાસો કરીએ તે તમારી જવાબદારી. ભૂલ થઈ ગઈ તે બદલ દિલાસો આપે તે તમારાં સ્વજનની જવાબદારી. તમારો ખુલાસો મજબૂત હશે તો તમને દિલાસો મજબૂત મળશે.

# એકલા એકલા વિચારવું

**બી**જા તમને સમજાવે અને ખોટા પૂરવાર કરે તે તમારો અહં સ્વીકારી નથી શકતો. તમે એકલા હાથે સમજી શકતા નથી. તમે ખોટા છો અને તમે ભૂલ કરો છો તેવું તમને પોતાને દેખાતું નથી. તમારું ખોટાપણું અને તમારી ભૂલ બીજાનાં મોંઢે સાંભળતી વખતે તમને કડવું લાગે છે. તમે દરેક બાબતમાં સ્વતંત્ર છો. તમે ખોટા રહેવા માંગતા જ હો તો તમારી પાસે તેવા રહેવાની સ્વતંત્રતા છે. તમે ભૂલ કરવા માટે સદાના સ્વતંત્ર છો. તમારી સ્વતંત્રતા પર કોઈનો હસ્તક્ષેપ થાય તે તમને નથી ગમતું. તમે સ્વતંત્ર રહેવા માંગો છો અને તમારી ભૂલને લીધે સતત પૂરવાર થયા કરે છે કે તમારી સ્વતંત્રતાનો તમે યોગ્ય ઉપયોગ કરતા નથી. તમે સ્વાધીન છો અને મૂરખ ઠરી રહ્યાં છો. તમારે એકલા એકલા વિચારવું. તમને કોઈ જ કાંઈ ન કહે તો તમે કર્યા જ કરો તેવી મૂર્ખામીઓ તમારાં જીવનમાં છે ? તમારી લાગણીઓને વ્યક્ત કરવાની તમારી પદ્ધતિને જુઓ. તમે તમારી રીતે જ મનફાવે તેવું બોલો છો. સામે પક્ષે દુ:ખનાં ઘણ જેમને વાગતા હતા તે આ પદ્ધતિ બાબત તમને સમજાવતા રહ્યા. તમે સમજતા ગયા તેમ તમારી આ પદ્ધતિ બદલાતી ગઈ. તમારી ભૂલ હતી. તમને ખબર નહોતી. તમને સામી વ્યક્તિએ જણાવ્યું. તમને એ ખરેખર સમજાયું. તમે થોડો ફેરફાર કર્યો. તમે જે કરો છો તે કરવા માટે તમે સ્વતંત્ર છો. તેમ તમે જે કરો છો તેમાં ફેરફાર કરવા માટે પણ તમે સ્વતંત્ર છો. તમે કોઈ કામ છોડી દો કે કોઈ કામ શરૂ કરો તે વખતે તમારી બીજી સ્વતંત્રતાની ભાવના ઘવાતી નથી. તમે ભૂલને સમજી ન શકો, તમે પોતાને જ સાચા માણસ માનીને ચાલો તો સ્વતંત્રતાની ભાવના નડે. તમે નાના બાળક નથી. તમે પથારીવશ વૃદ્ધ નથી. તમે કાર્યક્ષમ વ્યક્તિ છો. કોઈ તમને દબાવીને કે દબડાવીને કામ કઢાવી લે તેવા કમજોર તમે નથી. તમે બદલાઈ શકો છો. અનુકૂલન શબ્દ મજાનો છે. રબરને દબાવો તો એ ઓછી જગ્યામાં રહે છે.



રબરને ખેંચો તો વધારે જગ્યા રોકે છે. રબર એમને એમ પડ્યું હોય તો સામાન્ય જગ્યા રોકે છે. તમારી પાસે આવી ગોઠવાઈ શકવાની આવડત છે. તમને ભૂલ બતાવીએ તો તમે સ્વીકારી શકો છો. તમને ટેકો ન આપીએ તો તમે એકલા હાથે લડી શકો છો. તમે બીજાનો સાથ મળે તો દશગણો જુસ્સો બતાવી દો એમ છો. તમારી સ્વતંત્રતાની અનુભૂતિ તમને બધું જ કરવાની તાકાત આપે છે. તમે દબાયેલા રહો, છૂપાડતા રહો, શરમાતા રહો અને તમારી સ્વતંત્રતાને અન્યાય થતો જ રહે. તમારી સમક્ષ થતી રજૂઆતને તમે કંઈ રીતે મૂલવો છો તે પણ પ્રશ્ન છે. તમને કોણે કહ્યું અને કેવી રીતે કહ્યું તે જ વિચારતા રહેશો તો સ્વતંત્રતા તમને ખોટી દિશામાં લઈ જશે. તમે જે જાણ્યું તે તમને શું કામ જણાવવામાં આવ્યું તે વિચારશો તો તમે તમારી સ્વતંત્રતા પાસેથી જ હિંમત મળશે. તમે ધંધો કર્યો. તમે સ્વતંત્ર હતા. તમે નુકશાનકારી નિર્ણય લીધો. તમે સ્વતંત્ર હતા. તમે હવે નુકશાન જોઈ રહ્યા છો. તમે એ નુકશાન ભોગવવા સ્વતંત્ર છો. તમારે એ નુકશાન વેઠવું હોય તો તમને કોઈ રોકતું નથી, તમને. એ નુકશાનમાંથી બહાર આવવું છે તો એ નુકશાન સામે લડવા માટે તમે સ્વતંત્ર છો. પરિણામ નક્કી કરવા માટે તમે સ્વતંત્ર નથી. તમે નુકશાન ટળી જાય તે પછી ભૂલનું પુનરાવર્તન થાય તે માટે સ્વતંત્ર છો. તમારી આ સ્વતંત્રતા જ તમને તમામ તકલીફો વચ્ચે કામ લાગે છે. તમારી આ સ્વતંત્રતા જ તમને પરિવર્તન માટેની હૂંફ ને હિંમત આપે છે. તમે ભગવાન નથી. તમે ઈન્સાન છો. તમે તકલીફો આવે તેમાંથી બહાર આવી શકો છો. તમે ભૂલો થાય તેને બદલી શકો છો. તમે ભૂલ કરી તે મહત્ત્વનું નથી. તમારી પાસે ભૂલ સુધારી લેવાની સ્વતંત્રતા છે તે મહત્ત્વનું છે.

# છાંયડો રે છાંયડો

તમારાં માથે તડકો પડે છે. અસહ્ય ઉકળાટ છે. પગ દાઝી રહ્યા છે. તમે દૂર એક ઝાડને જોયું. તમે ઝડપથી એ ઝાડ નીચે પહોંચી ગયા. તમને છાંયડો મળે છે. તમે હાશકારો અનુભવો છો. છાંયડો સ્વતંત્ર નથી. છાંયડો તડકાની પાછળ પાછળ આવે છે. તડકો આગ જેવો છે. છાંયડો બાગ જેવો છે. તડકા સાથે આવનારો છાંયડો તડકાથી તદ્દન વિપરીત છે. તડકો સોનેરી છે. છાંયડો કાળો ઘટ્ટ છે. તડકો ભડભડતો હોય છે. છાંયડો શીતળ હોય છે.

તમે છાંયડાને જોઈને વિચારજો. તમે તડકા જેવા કે છાંયડા જેવા ? તડકો અજવાળું આપે છે તે સારું પાસું. ઉજાસ આપવાનાં અભિમાનમાં તડકો આકરો બની જાય છે તે ઉધારપાસું. છાંયડો આકરો નથી. છાંયડો અંધારું નથી. છાંયડામાં બેસીને નિર્દોષ કોયલ મીઠો ટહુકો કરે છે. છાંયડે ખાટલો ઢાળીને આરામ કરવાનો રિવાજ જૂના જમાનામાં હતો. તમારે છાંયડો બનવાનું છે. તમે પરિવાર સાથે બેસો છો. છાંયડો બનવું હોય તો તમારે બે કામ કરવાના રહેશે. બચાવી લો અને બચાવ કરો.

ઘરનું માણસ ભૂલ કરતું હશે. તમે તે જોઈ શકશો. તમે તેને કહી નહીં શકો તો એ ફસાઈ જશે. તમે એને કહો તે પહેલાં એના હાથે ભૂલ થઈ જ ગઈ. તે ખાડામાં પડી ગયો. તમે વડીલ છો. તમે એની પાસે જજો. એને ઠપકો નથી આપવાનો. એની પાસે બેસજો. એને હિંમત આપજો. ભૂલનું કડવું પરિણામ એનાં માથે વાગ્યું જ છે. તમે એને એમ કહેશો કે અમે તો પહેલેથી કહેતા હતા, તો એને નવો જખમ લાગશે. તમારે એનાં દુઃખમાં વધારો નથી કરવાનો. એની ભૂલની તમારે સજા કરવાની નથી. તમારે એનાં દુઃખમાં સહાનુભૂતિ પૂરી પાડવાની છે. તમે એની સાથે વાત કરશો તેમાં કોઈ જ ફરિયાદ નહીં હોય. તમારી વાતમાં કેવળ સધિયારો હશે. એ પડી ગયો છે. એને પગે વાગ્યું છે. એ ચાલવાને બદલે દોડ્યો માટે પડ્યો છે. તેની ભૂલ છે. પણ હવે એ પટકાયો છે



તો એને નવી લાત મારવાની ના હોય. હવે એને સાચવી લો. એ તમારો પ્રેમ જોઈને આપોઆપ પોતાની ભૂલને સમજશે.

બીજી વાત. એની ભૂલ બદલ એને કોઈ ઠપકો આપવા આવે તો તમે એનો બચાવ કરજો. તમારે એની ભૂલનો બચાવ નથી કરવાનો. તમારે પેલા ઠપકા આપનારાને રોકવાનો છે. ઠપકો મળે તો એનું દુઃખ વધશે અને એ ભૂલમાંથી બહાર આવવાને બદલે ભૂલની તરફેણ કરશે. તમારી વાત કેવળ એટલી જ છે કે તમારે એને ભૂલમાંથી બચાવવો છે માટે તમે એને વિશેષ પ્રેમ, વિશેષ લાગણી આપો છો. કોઈને ઠપકો આપતા રોકજો. એને ભૂલમાં જે તકલીફ પડી છે તેમાં સાચવી લેજો. ત્યારબાદ એની સાથે પ્રેમાળ વાતો કરજો. એને આ ભૂલ ફરીવાર ન કરવાની ભલામણ કરજો. એ ભૂલ કરે છે માટે તેની સાથે ઝઘડો થાય છે તેવું વાતાવરણ ના બનાવશો.

તમે ભૂલ કરનારી ઘરની વ્યક્તિને સાચવી લેજો.

એને ભૂલને લીધે પડેલી તકલીફમાંથી બચાવી લેજો. એને ભૂલમાંથી બહાર લાવવા પ્રેરણા આપજો. એને બીજા કોઈનો ઠપકો ન મળે તેવી રીતે બચાવજો.

તમારો આ પ્રેમ તેને ભૂલમાંથી ઉગારી લેશે. મોટો વડલો જ છાંયડો આપી શકે છે. વડીલની જ આ જવાબદારી છે. વડીલ અને જવાબદાર વ્યક્તિ છાંયડો પાથરે તો લાભ જ લાભ છે.

# સત્ય અને અસત્ય

તમે બોલો છો તે સાચું હોય અને તમે જે બોલો છો એ પાછળનો આશય સાચો હોય આ બે વાતની વચ્ચે તમારા વહેવારની નૈતિકતા મપાય છે. તમે મોટા જૂઠને છૂપાવવા નાનું સત્ય ઉચ્ચારો છો ત્યારે તમે હરિશ્ચંદ્ર રાજા નથી રહેતા. ભયાનક રાજરમતના ભાગ તરીકે બોલાયેલી સાચી વાત તમને યુધિષ્ઠિર બનાવે છે, જેનો રથ જમીન સાથે અથડાઈ ગયો હતો. નીતિમત્તામાં નિયમો મહત્ત્વના નથી. નિયમોની પાછળ રહેલી ભાવના મહત્ત્વની છે. તમારી દરેક વાતો તમારા ઉદ્દેશને પોષતી હોય છે. પંખી કલરવ કરે છે, તેનો આનંદ વ્યક્ત કરવા. રાતે શિયાળ રડે છે, તેના દુઃખને જાહેર કરવા. કૂતરું ભસે છે, વિરોધ બતાવવા. કોયલ ગાય છે, છાંયડામાં મળેલી શીતળતાનો સંતોષ પ્રદર્શિત કરવા. તમે સાચું બોલો તે તમારી સજ્જનતાની પહેલી નિશાની છે. સાચું બોલવા અંગે બીજું પણ ઘણું સમજવા જેવું છે. તમે સાચું બોલવા દ્વારા તમારા મહત્ત્વને પૂરવાર કરતા હશો તો તમારું સત્ય જ તમારી નબળાઈ બનશે. તમે બીજાને નીચા પાડવા માટે સાચી વાત વહેતી મૂકશો તેમાં સચ્ચાઈ નહીં પણ લડાઈ જ હશે. તમે સહાનુભૂતિ જીતવા સાચું કહી દો તે કમજોરી કહેવાય. સાચી વાતો સોના જેવી છે. સોનાના દાગીનો જ હોય, સોનાની સાવરણી બનાવી ઝાડુ ન બનાવાય. સત્ય માટે મરી ખૂટવાની હિંમત જોઈએ. સત્ય માટે કડવા થવાની તૈયારી રાખવી પડે. સત્ય કદી પણ હારતું નથી. સત્ય માટે મુખ્ય વાત એ છે કે તમારા ઉદ્દેશ હંમેશા સારા હોવા જોઈએ. તમે જે કહો કે જે કરો તેમાં તમારો અંગત સ્વાર્થ જ કામ કરતો હોય તો તમે જે બોલો તે વહેવાર બને છે. તમારી નૈતિકતાને જીવંત રાખે તેવા શબ્દો એ તમારું સત્ય છે. બીજાને બદલે પોતાનું કામ સવિશેષ સારું થાય એવી ધારણા એ અસત્ય છે. તમને એટલી તો ખબર છે કે સારું શું છે અને ખરાબ શું છે. તમે જાણો જ છો કે ન્યાય શું અને અન્યાય શું છે. તમારા પક્ષે સારું અને ન્યાયી વલણ હોય તો તમારું વાક્ય સત્ય



બને છે. તમારું વલણ ખરાબ અને અન્યાયી છે તો તમે સારા શબ્દો ગોઠવીને અસત્ય જ બોલી રહ્યાં છો. સાચું બોલીને બીજાને અપમાનિત કરવા અને જૂઠું બોલીને બીજાની માનસિક હતાશા દૂર કરવી આ બે અવસ્થામાં અવ્યવસ્થા કશે નથી. તમે જીવો છો તેની આસપાસ સત્યનો તડકો અને અસત્યનું અંધારું રમ્યા જ કરે છે. તમે જે માલ ખરીદશો તેના તમે માલિક છો. તમારે સારા માલની જ ખરીદી કરવાની હોય. તમે બીજાની સમક્ષ જેવા છો તેવા જ રજૂ થઈ જશો તો તમે પકડાઈ જવાના છો. તમારો વહેવાર અસ્તવ્યસ્ત થઈ જશે. તમે તમારી આ મર્યાદાને સમજીને તમારી અનીતિને મનોમન કબૂલશો એ તમારું પ્રામાણિક સત્ય હશે. અને આ અનીતિના ડાઘ ભૂંસવાની ભાવના સાથે જે કરશો તે પણ સાપેક્ષ સત્ય કે સાપેક્ષ અસત્ય હશે. તમારું લક્ષ્ય અને તમારી સમજ એ જ તમારું સત્ય બને છે, સાથોસાથ તમારું લક્ષ્ય અને તમારી સમજ એ જ તમારું અસત્ય બને છે. સત્ય અને અસત્ય સાંભળનારની નજરે પછી છે. સત્ય અને અસત્યનો ખરો અવાજ તો બોલનારનાં મનમાં સંભળાતો હોય છે. તમારા શબ્દો અને તમારી પ્રવૃત્તિ દ્વારા તમે સારી ભાવનાને સમર્થન આપો છો ત્યારે તમે સત્યની કદર કરો છો. તમારી પાસે સારી ભાવનાનું સમર્થન કરવાની લાગણી નથી તો તમે અસત્યના રસ્તે છો. તમારે કેવા અને કેટલા શબ્દો બોલવા એમાં સત્ય છૂપાયું નથી. તમારે કેટલાં વાક્યો બોલવા તેમાં અસત્ય છૂપાયું નથી. તમારે શાંતિથી બોલવું કે નારાજ થઈને બોલવું તેમાં સત્ય છૂપાયું નથી. તમારે જે બોલવું છે તે શા માટે બોલવું છે તેમાં સત્ય છૂપાયું છે. તમારે જે બોલવું છે તે દ્વારા શું મેળવવું છે તેમાં અસત્ય છૂપાયું છે. સત્યનું સરનામું પણ અહીં છે અને અસત્યનું સરનામું પણ અહીં જ છે.

# ઈર્ષાનું તત્ત્વજ્ઞાન

તમને મળ્યા પછી મને સમજાયું કે તમે સારા માણસ નથી. તમે મારી આગળ બીજા ત્રીજા લોકોની કેટલી બધી નિંદા કરતા હતા ? તમે દરેક લોકોની ભૂલો કાઢી રહ્યા હતા. તમે નાની વાતોને ઝીણવટથી કોતરી રહ્યા હતા. તમને કોની પર વિશ્વાસ હશે, ભલા ? જેની જેની વાત નીકળી તે સૌની તમે ફરિયાદ કરી હતી. તમને આખાં જગતના ઉદ્ધારની ચિંતા હોય અને તમે સૌનો અવશ્ય ઉદ્ધાર કરી શકવાના છો એવી હોંશથી તમે બોલ્યા કરતા હતા. સનાન કે સૂતક વિના વાંધા અને વચકા કાઢતા હતા. તમે બીજાનું સારું બોલ્યા તેમાં પણ તમારી ચાલાકી હતી. બીજાને ખરાબ પૂરવાર કરી દીધા પછી તેની દયા કરતા હો તે રીતે તમે એમની ખુશામત કરી. તમારાં મનમાં શું ચાલે છે તે મને સમજાઈ શકે નહીં ? તમે બોલો તેના આધારે હું અનુમાન કરી શકું. મને એમ સમજાઈ ગયું છે કે તમે કોઈ પણ વ્યક્તિનો દોષ તરત શોધી કાઢો છો. બીજી રીતે કહું તો તમે કોઈ પણ વ્યક્તિને દોષપાત્ર પૂરવાર કરવામાં કાબેલ છો. તમારો બોધ અગાધ છે. આટલા બધા લોકો માટે એકબીજાથી તદ્દન જુદી ફરિયાદો રજૂ કરી શકો છો, તમે. તમારી પાસે દલીલો છે. તમારી પાસે જુસ્સો છે. તમને ખોટા સાબિત કરવા અસંભવ. તમારાં મનમાં બધા જ લોકો માટે કેમ આવી નૅગૅટિવ વાતો ભરેલી છે ? મને તમારો વિચાર આવે છે. તમને ખોટું લાગે તો માફ કરી દેજો. હું તો મારો મત રજૂ કરું છું. મને એમ લાગ્યું છે કે તમને જોઈતી હતી તેવી સિદ્ધિ તમે મેળવી શક્યા નથી. તમારે પહોંચવું હતું તે મુકામથી તમે વંચિત રહ્યા છો. બીજા લોકોને સિદ્ધિ મળી છે અને એ મુકામે પણ પહોંચી શક્યા છે. દુનિયા તેમને સફળ માને છે. લોકો તેમનાં વખાણ કરે છે. તમે તેમની સિદ્ધિ કે પ્રશંસાને ખમી શકતા નથી. તમને આ મળવું જોઈતું હતું. ના મળ્યું. એમને આ સિદ્ધિ અને પ્રશંસા નહોતા મળવા જોઈતા. મળ્યા જ મળ્યા. તમારી ધારણાઓ ધૂળમાં ભળી છે. તમે તેમને કમજોર આંકતા હતા. એમણે પોતાની શક્તિ દ્વારા તમને જ કમજોર પૂરવાર કર્યા. તમે એમને તુચ્છ માનતા હતા. આજે એ એટલા બધા આગળ નીકળી ગયા છે કે તમે જ તુચ્છ દેખાઈ રહ્યા છો તેમની આગળ. તમે વાસ્તવિકતા સ્વીકારી લો તો વખાણ કરવા પડે. તમે હાર્યા પછી પણ હાથ ઊંચો રાખવામાં માનો છો. તમને જોઈતું હતું તે બધું એમને મળી ગયું છે. એમને મળ્યું છે તે બધું તમને મળવું જોઈતું હતું. તમે એમને જોઈને સતત કશુંક ગુમાવી દીધાનો રંજ અનુભવો છો. તમારાં નસીબમાં લખાયું છે તે તમને ઓછું પડે છે. તમારા હાથમાં નથી તેવી બધી બાબતો પર અંકુશ રાખવાના તમને કોડ છે. કામ કરીને તમે તમારી પ્રતિભા પૂરવાર કરી શક્યા નથી વાસ્તે તમે બીજાનાં કામમાંથી ભૂલો શોધીને મોટા બનવા માંગો છો. તમે લોકોમાં આદરપાત્ર મહાપુરુષ તરીકે પૂજાઈ રહ્યા નથી. તમે લોકોમાં આદરણીય બની ચૂકેલા મહાપુરુષોની ભૂલો કાઢીને સંતોષ અનુભવો છો. તમે મહાપુરુષ નથી તો એ લોકો પણ મહાપુરુષ બનવાને લાયક નથી, તેવું સાબિત કરવામાં તમને મજા આવે છે. શાંત પાણીમાં પથ્થર નાંખનારા લોકો સાથે તમારી મૈત્રી હોઈ શકે છે, ખાય એનું ખોદે તેવી જમાતના તમે સભ્ય હશો તેવું મને લાગે છે. તમને સમજાવી શકાય તેમ નથી. તમને હું કશું કહીશ તો તમે મારી હાલત ખરાબ કરી દેશો. તમારા જેવા વિચિત્ર માણસે મારી સાથે આટલી બધી વાતો કરી તે જોયા બાદ મને મારી જાત માટે સવાલ થઈ રહ્યો છે કે હું સારો માણસ છું કે નહીં ? ઈર્ષાનું તત્ત્વજ્ઞાન મને ક્યારેય સમજાયું નથી.

# ફરિયાદ સાચી : રજૂઆત ખોટી

તમને મળેલું વાણીનું વરદાન સાચી વાતોના પ્રચાર માટે છે. તમારે બોલવામાં ખૂબ ખ્યાલ રાખવાનો છે. તમને સામા માણસની ભૂલ જોવા મળે છે. એ ભૂલ કરે છે તે ઉપરાંત તમને એ નડી રહ્યો છે. તમને બોલવાની ફરજ પડે છે. તમારે બોલતી વખતે સમાલીને ચાલવાનું છે. તમે બોલો તે વખતે સામા માણસને ઊતારી પાડવાની કશી દાનત મનમાં રાખતા નહીં. એ માણસે કરેલું વર્તન તમને નારાજ કરી રહ્યું હશે તે તદ્દન સાચી વાત. તમારે વર્તનની બાબતમાં સાવધાનીથી વર્તવાનું છે. સામો માણસ ખોટો હોય એટલા માત્રથી તમે સાચા બની જતા નથી. સામા માણસે ભૂલ કરી હોય એટલે એ તમારો કટ્ટર દુશ્મન બની જતો નથી. એ માણસે ભૂલ કરી કે ખરાબ વહેવાર કર્યો કે તમને દુઃખી કર્યા તે પછી તમારા હાથમાં તક આવે છે. તમે તેને શું કહો છો તે પણ મહત્ત્વનું છે. તમે તેને કંઈ રીતે કહો છો તે પણ મહત્ત્વનું છે. તમે એની ભૂલ જોઈ છે. તે માણસનું નબળું પાસું તમારાં ધ્યાનમાં આવ્યું છે. તમને એણે ત્રાસ આપ્યો છે. એ તમારા ચોપડે ગુનેગાર તરીકે નોંધાયો છે. તમે સાચ્ચા છે. તમે કોઈ ગુનામાં નથી. તમારું દુઃખ અસહ્ય હશે તેમ છતાં તમે ઉદાર બનશો. તમે સામા માણસને તોડી પાડશો તો તેમાં તમારો વાંક નહીં ગણાય. તમે તેને પ્રેમથી સમજાવશો તેમાં તમારી મોટાઈ દેખાશે. તમે તમને પડેલી તકલીફને ગળી જશો અને આખી વાતને ટાળી દેશો તો સામા માણસ પર લાગણીનું ભારણ આવશે. તમારો સ્વભાવ સારો છે તે પૂરવાર કરવાનો આ જ અવસર છે. સામો માણસ પ્રેમ આપે અને પ્રશંસા કરે ત્યારે સારા રહેવામાં તમારે કશી ધાડ મારવાની નથી હોતી. તમને પરેશાન કરવામાં આવ્યા છતાં તમે સમતોલ ભાવે તમારા વહેવારને ઉજળો રાખ્યો. તમે અકળાયા હોવા છતાં ધીરજથી અણીનાં ટાંકણે શાંત બની રહ્યા. તમે બોલ્યા તેમાં વેદના હતી. આક્રોશ નહીં. તમે



કહ્યું તે દુઃખનું આત્મનિવેદન હતું, અભિમાનનું આક્રમણ નહોતું જ. તમારી ફરિયાદ કરવાની આ સાચી રીત છે. તમે દુઃખને ખમી શકતા નથી. સામા માણસને લીધે તમને વ્યથા થાય તે તમે સ્વીકારી શકતા નથી. બરોબર. તમારે દુઃખનો ઈનકાર કરવો છે તો દુઃખથી આગળ વધીને ગુસ્સા સુધી જશો નહીં. તમારાં દુઃખને તમે ગુસ્સો બનાવી દેશો તો તમારા હાથમાં કશું બચશે નહીં. તમે દુઃખ વેઠ્યું તેની ઉપર તમારો ગુસ્સો એવો ચડી બેસશે કે દુઃખ તમે વેઠ્યું હશે છતાં ગુનેગાર તમે જ ગણાશો. દુઃખ આપનારો તમારા ગુસ્સાનાં નામે છટકી જશે. તમને પડેલું દુઃખ તમે કરેલા ગુસ્સાનાં પાપે હજારગણું થઈ જશે. તમે આ સમજી લેશો તો સ્વભાવને બદલવાનું સહેલું થઈ પડશે. તમારી સમક્ષ આવનાર દરેક સંયોગોને તમારે તમારી તરફેણમાં ફેરવવાના છે. તમે તમારી રજૂઆતના રાજા બનો. તમે તમારી ભાષાના ભગવાન બનો. તમે બીજાને જે કાંઈ કહો તેમાં તમારું નામ બગડવું ન જોઈએ. તમે બીજાને જે કહો તેમાં તમારી શાલીનતાને કલંક ના લાગવું જોઈએ. પરીક્ષા તો થશે જ. તમારે હિંમત કે સાથ ઊભા રહેવાનું છે. તમારી ફરિયાદ સાચી હોય અને તમારી રજૂઆત ખોટી હોય તો તમે જીતની બાજીને હારમાં ફેરવી રહ્યા છો.

❁ ❁ ❁

# તમે કેટલું બધું બોલો છો ?

તમારી પાસે અવાજ છે. જનાવર પાસે પણ અવાજ છે. તમારી પાસે શબ્દો છે. જનાવર પાસે શબ્દો નથી. તમે માણસ છો માટે તમારી પાસે બોલવાની આવડત છે. માબાપ દ્વારા બોલવાનું શીખ્યા બાદ તમે એટલું બધું ફાસ્ટ બોલો છો કે માબાપ તમારી સમક્ષ બોલી શકતા નથી. તમારાં મોઢે થનારી વાતો દ્વારા તમારું વ્યક્તિત્વ જાહેર થાય છે. તમે સુંદર વાતો કરો છો તો તમે સુંદર વ્યક્તિમત્તા ધરાવો છો. તમે કડવી વાતો કરો છો તો તમારા દ્વારા તમારી છાપ બગડી રહી છે. તમે બોલો તે તમારી તાકાત પણ છે અને કમજોરી પણ છે. તમે સાચવીને સારી વાત રજૂ કરો છો તો તમારો શબ્દ તમારી તાકાત બની જાય છે. તમે આડેધડ રજૂઆત કરી દો છો તો તમારો શબ્દ તમારી કમજોરી બની જાય છે. પહેલા વિચારવું, પછી બોલવું આ ઉત્તમ માણસોનું વલણ છે. પહેલાં બોલી નાખવું, પછી વિચારવું આ સાધારણ માણસોનું વલણ છે.

તમે એક દિવસમાં કેટલી વાતો કરો છો તેનો તમારી પાસે કોઈ હિસાબ નથી. ગઈકાલે આખા દિવસ દરમ્યાન તમે કેટલા કલાક બોલ્યા તે તમને યાદ હોતું નથી. તમે ઑફિસમાં કેટલા કલાક બેઠા, દુકાનમાં કેટલું બેઠા તેનો સમય તમે ગણાવી શકશો. તમે કેટલા કલાક બોલતા રહ્યા તેનો હિસાબ નથી રહેતો. જે ગમે, તે બોલો છો. જે મળે તેની સાથે વાત કરો છો. અતડા માણસો અભિમાની ગણાય છે પરંતુ સમજ્યા વિના બોલનારા તો બેકાર ગણાય છે. તમારે પ્લાનીંગ કરવાનું છે. આખા દિવસ દરમ્યાન તમારે કેટલા કલાક બોલવું તેનો નિયમ થઈ શકશે નહીં. તમારે શોધવાનું રહેશે. આખા દિવસ દરમ્યાન તમે કામવગરની વાતો કેટલી કરો છો અને કામની વાત કેટલી કરો છો ? તમે આખા દિવસ દરમ્યાન પાંચ કલાક બોલતા હશો તો તેમાં કામની વાતો કેવળ અડધો કલાક થતી હશે. નકામી વાતો કરવામાં સાડાચાર કલાકનું ધોવાણ થઈ જાય છે. તમે બોલવાનું છોડી દેશો તો તમારાં કામકાજ અટકી જશે. સાવ



બોલવાનું છોડી શકાય તેમ નથી. તમે નકામી વાતો પર અંકુશ બાંધી શકો છો. તમે જે બોલો છો તેનાથી કશું ફલિત થતું ના હોય, તમે જે બોલો તેનાથી કશું નીપજતું ના હોય તો નહીં બોલવાનું, તમારે. જે બોલ્યા વગર ચાલે તેમ નથી એટલું જ બોલો. મહાભારતમાં દુર્યોધન અને યુધિષ્ઠિર આ બંને રાજાઓની રાજ ચલાવવાની આવડત સારી હતી, તેમ જણાવ્યું છે. ફરક ક્યાં હતો ? દુર્યોધનને ખૂબ બોલવાની આદત હતી. યુદ્ધિષ્ઠિર મિતભાષી હતા, થોડું બોલતા. દુર્યોધનને બોલ બોલ કર્યા વગર ચાલતું નહીં તેથી તે સત્યવાદી ના બની શક્યો. યુધિષ્ઠરજી ઓછું બોલતા, સમજીને બોલતા માટે તે સત્યવાદી બની શક્યા. તમે બોલવાની બાબતમાં તમારી જીભ પર કાબૂ નહીં રાખો તો તમે પણ દુર્યોધન બની જશો. સત્યવાદી બનવા માટે જૂઠું ના બોલવાનો અડગ સંકલ્પ રાખવો પડે છે. જેને ઘણું બધું બોલવાની ટેવ પડી ગઈ છે તે આપોઆપ જૂઠું બોલી બેસે છે. બોલવાની જરૂર ન હોય તો ન બોલવું એવી સ્પષ્ટ સમજણ જેણે મનમાં રાખી છે તે જૂઠું બોલે તેવી શક્યતા ઓછી છે. ચાલાકીથી જૂઠું બોલનારા પણ હોય છે. આવા લોકો જૂઠું બોલવા માટે જ ઓછું બોલતા હોય છે. આ સમસ્યા વળી જુદી છે. તમે કેવળ બોલબોલ કરવાની આદતના ચાળે ચડીને જૂઠું બોલી બેસો છો. બોલવામાં લગામ રાખો. સાચા બનો.

❊ ❊ ❊

# દુઃખના દહાડા

તમારી પર તકલીફોની હારમાળાઓ તૂટી પડી છે. તમે જમીનદોસ્ત બનીને પછડાયા છો. બાપજનમારેય વિચાર્યું ન હોય તેવો કારમો ફટકો લાગ્યો છે. તમારે નિષ્ફળતાની સાથોસાથ આક્ષેપ અને કટાક્ષો સાંભળવા પડે છે. દુઃખના દહાડા ચાલતા હોય ત્યારે દિલાસો પણ વેદના વધારતો હોય છે. તમે અંદરથી ભાંગી પડો છો તે સૌથી મોટી કરુણતા હોય છે. તમારી ઈચ્છા હોય છે, કોઈ તમારો બચાવ કરે. તમારી તરફેણમાં કોઈ બોલે તો તમને નિષ્ફળતાની કડવાશ ઓછી નડે. તમે દુઃખમાં ફસાયા છો. કોઈ સમજનારા કે સમજાવનારા નથી તમારી સમક્ષ. તમે સાવ એકલવાયા છો, દુઃખને લીધે. તમારાં જેવું દુઃખ બીજા કોઈને નહીં પડ્યું હોય તેવું માનો છો. દુઃખી હોવાના પુરાવા શોધી કાઢીને વધારેને વધારે દુઃખી થવાનું તમને માફક આવી ગયું છે. રડવાનું અટકતું નથી. આંસુ ખૂટતાં નથી. સધિયારો સાંત્વન આપતો નથી. તમે માનસિક રોગના દાક્તર પાસે દવા કરો છો. તેમાં ઊંઘવાની ગોળીથી સપનાં ભૂલો છો. ચિંતા ભૂલો છો. રોગને દબાવી દેવાથી રોગ મટતો નથી. દુઃખ આવે તે સહન થાય, દુઃખ લાંબું ચાલે તે નથી ખમાતું, જરા ભારે ભારે લાગે છે.

તમે ગુમાવ્યું હશે, બધું. તમારા જેવું નુકશાન બીજા કોઈને નહીં થયું હોય. આ સમયમાં પણ તમે તમારી વિચારચેતનાને ગુમાવી નથી. દુઃખના દિવસોમાં વિચારો કરવાની શક્તિ જીવતી હોય છે માટે જ તો હતાશા ઊંડી બનતી જાય છે. તમારા વિચારોને સારી રીતે ગોઠવો. તમે બહાર જે ગુમાવ્યું છે તે પાછું મળી શકે જો તમે અંદરથી મજબૂત રહો તો. તમે અંદરથી વેરવિખેર થઈ જશો તો ચારેકોર વેરવિખેર પડેલી ઈમારતની ઈંટો ગોઠવશે કોણ ? કપરા સંયોગોમાં મનને પડકાર મળવો જોઈએ. ગમે તે થાય આ મુશ્કેલ દિવસોને પસાર કરીને આગળ નીકળી જવાનું છે. તમે દુઃખી છો તો શું થયું ? તમે ભવિષ્યમાં દુઃખી જ રહેવાના છો તેવી કોઈ આગાહી થઈ નથી. ચાલતા ચાલતા પડી જઈએ અને



સહેજ લોહી નીકળે તો રોડ પર બેઠા બેઠા રડાય નહીં. ઊભા થઈને દવાખાને જવું પડે. દુઃખતું હોય તો દવા લેવી પડે. વાગ્યું હોય તો મલમપટ્ટા કરવા પડે. પડ્યા ત્યાં બેઠા રહેવાથી તકલીફ ઉકેલાતી નથી. તમને હાર ખમવી પડી છે તે વસમી વાત છે. તમે પહેલીવાર આટલો માર ખાધો છે. ગઈકાલ સુધીની નાની મોટી સફળતામાં તમારું ભાગ્ય તમારી સાથે હતું. તમારાં ભાગ્યને આ વખતે કરવટ બદલવાનું મન થયું. તમે લાચાર છો. ભાગ્ય ફરીવાર કરવટ બદલી શકે છે. ભાગ્યને દોષ આપીને તમે રડતા રહો છો. તમારાં રડવાથી ભાગ્ય સુધરી જવાનું નથી. તમારા નિસાસા તમારી જિંદગીનાં વર્તમાન દુઃખોને ઓછા કરી શકવાના નથી. તમે ઢીલા પડશો તો ભાગ્ય તમારી દયા ખાવાનું નથી. તમે દુઃખમાં ફસાયા છો. તમને ઘણાબધા માણસો પાસેથી ઘણી બધી સહાનુભૂતિ મેળવવાની અદમ્ય ઈચ્છા થતી હોય છે. તમે આ રીતે દુઃખી થયા એ તમે સ્વીકારી શકતા નથી માટે તમને એવું લાગે છે કે મારું દુઃખી થવું બીજા કોઈને ના ગમવું જોઈએ. તમને દિલાસો આપવા ઓછો લોકો મળે છે તો તમે એકદમ અકળાઈ ઉઠો છો. તમે દુઃખી છો તે બધાને કબૂલ છે તેવું તમારા અજ્ઞાત માનસમાં તમે અનુભવો છો. તમારું દુઃખ જોઈને કોઈને દુઃખ થતું નથી તે પણ તમે સહન કરતા નથી. તમે તમારાં દુઃખની ખોટી કલ્પનામાં ફસાયેલા રહો છો. તમને લાગે છે. મારું કોઈ નથી. હકીકત જુદી છે. તમે દુઃખને એટલું બધું ગંભીરતાથી આત્મસાત્ કરી લીધું છે કે તમે કોઈને પોતાના માની શકતા નથી. દુઃખની ફરિયાદો સતત કરતા રહીએ તો નજીકના માણસો દૂર ભાગે છે. તમે તો વળી દુઃખના સમયે સાવ જ વેગળી સૃષ્ટિમાં પહોંચી જાઓ છો. તમે તમારા વિચારોને દુઃખથી થોડા જુદા પાડો. તમે દુઃખને ઘડીબેઘડી માટે ભૂલી શકાય તેવા વિચારો શોધી કાઢો. તમે તમારા મનને તમારા જ વિચારો દ્વારા આશાવાદી બનાવો. તમને જ રડવાનું ગમતું હોય તો કોઈ તમને બચાવી શકવાનું નથી.

# જીવતો જાગતો ચમત્કાર

સુનામી અને કેટરિના તમને ભરખી ગયા નથી. કાશ્મીરી ભૂકંપમાં તમે કચડાયા નથી. બાંગલાદેશના ભૂખડીબારસ લોકોની જમાતથી તમે નોખા છો. ઝૂંપડપટ્ટીનાં છાપરાંમાં તમારો નિવાસ નથી. સાત દિવસની ભૂખે તમારો પડછાયો અભડાવ્યો નથી. અબજોનું દેવાળું ફૂંકાય ને એટલું જ દેવું થાય તેવા ગોરખધંધા તમે નથી કર્યા. તમે ધાર્યા શબ્દો બોલી શકો છો. તમે બધાની વાત સાંભળી શકો છો. તમારી વાત કબૂલ કરાવવાની તમારી આવડત જગજાહેર છે. હજાર દુઃખી લોકો વચ્ચે તમે આટલા બધા સુખી છો તે જીવતો જાગતો ચમત્કાર છે. તમારી આસપાસ વસનારા લોકો હસે છે અને હસાવે છે. તમારી ભૂલ થાય તો તમારો બચાવ કરનારા દોસ્તો બેઠા છે. તમારા અધૂરાં કામોની ચિંતા તમારાથી વિશેષ તમારા સાથીદારોને છે. તમારાં દુઃખને જોઈને રડી પડે તેવા પરિવારજનની તમને હૂંફ છે. તમે પેટ ભરીને જમી શકો એટલી મોટી થાળી તમને પીરસાય છે. મોંઘવારીના જમાનામાં આ જીવતો જાગતો ચમત્કાર છે. તમારી પેઢીએ કામો ખોરંભાયા નથી. તમારાં નામને બટ્ટો લાગે તેવી થાપ તમે ખાધી નથી. તમારી પીઠ પાછળ ખંજર જોરથી ભોંકાયા નથી. તમારાં બજારમાં તમારો માલ આજે પણ લોકપ્રિય છે. તમને ગમે તેવી પ્રવૃત્તિઓ કરતાં તમને કોઈ રોકી નથી શકતું. તમારું મન તમારી વિચારણાને તર્કબદ્ધ રીતે આગળ વધારે છે. તમારી કલ્પનાઓ અવાનવાર સાચી પડે છે. ડિપ્રેશન અને સ્ટ્રેસના જમાનામાં આ જીવતો જાગતો ચમત્કાર છે. તમારા દુશ્મનોને તમે ઓળખી લીધા છે. એ લોકો શું કરશે તેનો વિચાર કરીને તમે અગમચેતી રાખી શકો છો. તમારી સફળતા નાની હોય તો શું ? તમે એ મેળવી તે મોટી વાત છે. તમે રાતે નિરાંતની ઊંઘ લઈ શકો છો. રોજ સવારે તમારી માટે સૂરજ ઉગતો રહે છે. રાતે તારા ચમકતા રહીને તમારા શ્વાસોને ચાલુ રાખે છે. અડધી રાતે ચોરી થઈ જવાનો ખાસ મોટો ભય નથી, તમને. બેવફાઈની દુનિયામાં આ જીવતો જાગતો ચમત્કાર છે. તમારી પાછળ સરકારી જાસૂસો પડ્યા નથી. તમે



બીજાનો સાથ અને હાથ બની રહ્યા છો. તેમ છતાં કોઈનો હાથો નથી બન્યા. તમે સમજવી શકો છો પણ ખોટા પ્રચારોની અંજાતા નથી, તમે. નબળાં લક્ષ્ય નથી. તમે લાજે શરમે ખેંચાવાનું ટાળી શકો છો. તમે હિંમતથી તમારો પક્ષ રજૂ કરી શકો છો. તમે બીજાની વાતને સમજપૂર્વક સ્વીકારવા તૈયાર છો. તમે સ્થિર છો. જીદ્દી નથી. તમે ઝડપી છો, ઉતાવળિયા નથી. તમે પીછેહઠ કરવી પડે તો હારતા નથી અને પ્રગતિ થાય તો પાગલ બનીને ફૂલાતા નથી. ખેંચતાણના યુગમાં આ તો જીવતો જાગતો ચમત્કાર છે. તમારી સહીથી બેંક પૈસા આપે છે. તમારા ઘરાકો બીજે ત્રીજે જતા નથી. તમારી શાખ બજારમાં છે. તમારાં કુટુંબમાં તમને ખાસ્સો બધો સદ્ભાવ મળે છે. તમે કરેલાં આયોજન મુજબ તમે ધીમે ધીમે ચોક્કસ દિશામાં આગળ વધી રહ્યા છો. તમે તમારા હાથે કાગળ લખી શકો છો. તમારી પર આવતા સંદેશાઓ તમે તરત મેળવી શકો છો. તમારી આંખો દૂરલગીનાં દૃશ્યો જોઈ શકે છે. તમારાં વર્તુળમાં તમે હાક પાડો તો એક કહેતા દશ જણા ભેગા થઈ જાય છે. તમારી યાદશક્તિ અકબંધ છે. તમે ઉદાર છો. તમે સમજદાર છો. નિરક્ષર લોકોની બહુમતિવાળા દેશમાં તમે આ વાંચી શકો છો એ પણ જીવતો જાગતો ચમત્કાર છે.

❋ ❋ ❋

# માન-સન્માન

ફૂલોનો હાર પહેરાવ્યો. માઈક પર ખૂબબધી પ્રશંસા થઈ. બહુમાન પત્ર મળ્યું. છાપામાં હેડલાઈન્સ ચમકી. તમારાં નામનો ડંકો વાગી ગયો. તમને ગૌરવનો નશો ચડી જાય તેવો મદમસ્ત માહોલ હતો. તમે આ ક્ષણે શું અનુભવો ? તમને તમારી મહેનતનું ફળ મળ્યું છે તેનો સંતોષ તો થાય જ. તમને વિચારો શેના આવે ? તમે કરેલી મહેનત લેખે લાગી તે સાચું છે તેથી વધુ સાચું એ છે કે તમારી જેમ જ મહેનત કરનારા બીજા કેટલાય લોકોને હજી સફળતા કે સિદ્ધિ મળ્યા નથી. એમનાં અરમાન અધૂરા છે. એમણે તમારા કરતાં વધુ પસીનો પાડ્યો હતો. એમની કશી કદર થઈ નહીં. તમે ફાવી ગયા. એ રહી ગયા. તમારે એ લોકો માટે સહાનુભૂતિ જીવતી રાખવાની છે. તમને આજે સન્માન મળ્યું તે પૂર્વે તમે ઝઝૂમતા હતા. તે વખતે તમે કેવાં ટેન્શનમાં હતાં ? પરિણામની ધારણા નહોતી અને સફળતાની ખાતરી નહોતી. બધું હવામાં અદ્ધર હતું. ઊંઘ હરામ થઈ જાય તેવી તંગદિલી તમે બાંધી બેઠા હતા. એ દિવસો અને એ મનોદશામાંથી પસાર થઈને આજે તમે સફળ જાહેર થયા છો.

તમારો ભૂતકાળ એ લોકોનો વર્તમાન છે, જે આજે સફળતા માટે સંઘર્ષ કરી રહ્યા છે. એમને મળ્યું જ નથી કશું. એમણે ઘણું બધું ચૂકવ્યું છે. એમને આશા છે. એ મનોમન હારી ગયા નથી. તેમને આશંકા સતાવી રહી છે. ધાર્યા મુજબનું કામ ના થયું તો શું થશે તેની ફિકર તેમને નડી રહી છે. તમે તો આજે દમામથી બેઠા છો. તમારી પાસે અનુભવ છે. હવે નવું કામ તમે હાથમાં લેશો ત્યારે તમે જીતવાના આત્મવિશ્વાસમાં હશો. એ લોકોને હજી સો ટકાનો આત્મવિશ્વાસ મળ્યો નથી. તમારી સરખામણીમાં એ ઘણા જ પાછળ રહ્યાં છે. તમને એ લોકો યાદ આવવા જોઈએ. તમે કેવળ તમારો જ વિચાર કરશો તો તમને મજા આવવાની છે તેમાં કોઈ શક નથી. તમે બીજાનો વિચાર કરજો. તમે સફળતા મેળવી છે, તે જ વખતે બીજા નિષ્ફળ બનીને બેઠા રહ્યા છે. તમે મહેનત કરી. એ બીજા લોકોએ આળસ કરીને વરસો ધૂળમાં બગાડ્યા. એમણે પોતાની શક્તિને વ્યર્થ બનાવી. એ લોકોએ સપનાં જોયા જ નહીં અને એટલે જ



સાકાર કર્યા નહીં. એ લોકો સામાન્ય ભિખારીની જેમ ફૂટપાથ જેવી સાધારણ સ્થિતિમાં પડ્યા રહ્યા. એમની માટે પણ દયા રાખજો. જાણી જોઈને હારી જનારા પામર ખેલાડી પર ગુસ્સો કરીશું તો એ જીતશે નહીં. એની દયા કરવાની. આ લોકો ઊંચાં લક્ષ્ય વિના જિંદગીને બગાડી રહ્યાં છે. તમે તેમનાથી હજારો અને લાખો જોજન આગળ અને ઉપર છો. તમને જે મળ્યું છે તે માટે તમે હકદાર છે. તમે રાખેલું સાતત્ય અને સમર્પણ તમને અહીં સુધી લાવ્યું છે. તમે આજના મુકામે પહોંચી શક્યા છો તે ભગવાનનો પ્રભાવ છે. તમે નામી હસ્તિ બન્યા છો. એક વાત યાદ રાખજો. પ્રશંસા અને પ્રસિદ્ધિની અસરતળે સંતોષ જીવતો રાખજો. આ વાતાવરણ તમારી માટે પ્રોત્સાહક છે તેમ જોખમી પણ બની શકે છે. તમે જે કર્યું તેથી વિશેષ કરવાનું બાકી હોય ત્યારે આ સ્યૂગરકોટેડ વિઘન તમારા પગને બાંધી શકે છે. તમને ખોટી નિરાંત થઈ જશે. તમે આજે માની લેશો કે જો પાના થા વો મીલ ગયા. તમે તમારી દિશાઓને ધૂંધળી બનાવી દેશો. તમે આ માનસન્માન માટે ક્યારેય કામ કર્યું નથી. તમે સફળતા માટે કામ કર્યું છે . તમે તમારી તાકાતનાં સન્માન માટે જ કામ કર્યું છે. હારતોરાથી તમારી વરસોની સાધનાનું મૂલ્યાંકન થઈ શકે નહીં. તમારી પર વિશ્વાસ અને શ્રદ્ધા રાખનારા, તમે ખૂબ ખૂબ આગળ વધતા રહો તે માટે તમારું સન્માન કરી રહ્યાં છે. તમે આ માન સન્માનને જમવાની થાળી જેટલું જ મહત્ત્વ આપજો. આખો દિવસ જમવાનું ના હોય. જમી લીધા પછી એને ભૂલીને કામે લાગી જવાનું હોય. નસીબદાર હોય તેને જ માન-સન્માન મળે. હવે નસીબને જોઈને રાજી થયા કરવાનું નથી. નસીબ કરતાં વધુ મહિમા પુરુષાર્થનો છે. નસીબનું કોડિયું છે. તેમાં પુરુષાર્થનું તેલ પૂરો. સફળતાની જ્યોતિ ઝળહળશે. માન-સન્માન તો આસપાસ ઉડતા ફૂદાં છે. દીવો ફૂદાં માટે નથી. દીવો તો દૂર દૂર સુધીના અજવાસ માટે છે. તમારી સફળતા તમારાં ભવિષ્યની નક્કર નવરચના માટે છે. માન-સન્માન તો ઠીક, મારા ભાઈ.

❊ ❊ ❊

# ભૂતકાળ

યાદશક્તિ એ નિસર્ગનું વરદાન છે. જે આપણી સાથે બને છે તે ભુલાઈ જતું હોય તો જીવન મરવા જેવું બની જાય. તમે ખાઈ લીધા પછી શું ખાધું તે ભૂલી શકો. ખાધું છે અને પેટ ભરાયું છે તે તો યાદ રાખો જ છો અને તો જ બીજાં કામ કરી શકો છો. તમે સેંકડો નામો યાદ રાખ્યા છે તે યાદ ન હોય, તમને અગણિત શબ્દો મોંઢે છે તે યાદ ન હોય, તમને દરેક અનુભવમાંથી મળેલો બોધપાઠ યાદ ન હોય, તમને તમારી કમાણીનો અને ઉઘરાણીનો અને લૉનનો આંકડો યાદ ન હોય તો તમારી પાસે શું બચવાનું છે ? તમને મળેલો પ્રેમ તમે યાદ રાખ્યો છે માટે જ તમે પરિવારને સાચવો છો. પ્રેમ ભૂલી જશો તો ઘેર જવાનું મન જ નહીં થાય. તમે આદરેલાં કામ આગળ ચલાવવાના છે તે તમને યાદ છે માટે જ તમે દુકાને કે ઑફિસે જાઓ છો. જવાબદારીનાં કામ ભૂલી જશો તો ઘેર પડ્યા રહેશો. તમે યાદ રાખી શકતા ન હો, જે જોયું કે મળ્યું કે સાંભળ્યું તે તરત ભૂલી જતા હોત તો તમે જડ અને જુદા હોત. તમે સમજદાર છો અને તમારું વ્યક્તિત્વ વજનદાર છે કેમકે તમે બધું યાદ રાખી શકો છો. યાદ રાખવાની મહાન્ શક્તિને તમે શેમાં વાપરો છો ? તમે ભૂતકાળમાં બનેલું હતું તે બધું યાદ કરો છો. પરંતુ નકામું જ વધારે યાદ રાખો છો. સારું હોય તે યાદ રાખતા નથી. ભૂતકાળમાં નઠારું હતું તે ઘણુંય યાદ છે. ભૂતકાળ બદલાતો નથી. ભૂતકાળ દ્વારા દુઃખ પામવા કે સુખ મેળવવા તે આપણા હાથમાં છે. વીતી ગયેલાં વરસો અને જેમાં ફેરફાર થવાનો નથી તે ભૂતકાળને યાદ કરીને પસ્તાવો પણ થાય છે. કેવી રીતે ? આ રીતે કર્યું હોત તો આમ થાત. આ ન કર્યું માટે આમ થયું. અને આમ કર્યું માટે આમ થયું. ભૂતકાળ તરફથી આવતી આ બળતરાનો કશો જ મતલબ નથી. રડો કે માથું પછાડો. ભૂતકાળમાં જે થયું તે નહીં જ બદલાય. જે તમે કર્યું તેનો પડઘો પણ પડ્યા જ કરશે. ભૂતકાળને યાદ કરીને વૈરની જ્વાળા જીવતી રાખવાનો પણ મતલબ નથી. ભૂતકાળ તમને અડે છે તે નક્કી છે. ભૂતકાળ તમને નડે તે જરૂરી નથી. ભૂતકાળની ભૂલ નડે, ભૂતકાળનો ડંખ ન નડવો જોઈએ. ભૂતકાળને માફ કરી દો. ભૂતકાળ બદલ તમારી જાતને માફ કરી દો. ભૂતકાળને યાદ કરતા રહેશો અને તેની પદ્ધતિ ખોટી જ હશે તો તમે તમારા હાથે દુઃખી થયા જ કરશો. તમને ભૂતકાળ તરફથી નવું કશું મળવાનું નથી. જે બન્યું તે હવે ત્યાં જ ભલે પડી રહ્યું. ભૂતકાળનો સોજો ચડશે કે ભૂતકાળ બોજો બનીને માથે ચડશે તો તમારા ફાળે દુઃખ જ છે. તમે ભૂતકાળમાં બનેલા સુખ અને સંતોષના પ્રસંગો સતત યાદ કરો. નાની નાની હસવા જેવી મીઠી વાતો, સફળ બનેલા ત્યારે મળેલો જુસ્સો, એકલે હાથે જીતેલી બાજી, એકાગ્ર બનીને માણેલા સંતોષના દિવસો, થાક પછીની નિરાંત ભરી ઊંઘ, ભરપૂર પૈસાની પાછળ રહેલું સદ્‌ભાગ્ય, ભૂતકાળમાં ઘણું બધું સારુ બન્યું છે. ભૂતકાળમાં ઘણું મેળવ્યું છે. ભૂતકાળમાં ક્યાંકથી છૂટકારો પણ થયો છે. ભૂતકાળમાં નિખાલસ હાસ્ય મળ્યું છે. ભૂતકાળમાં એવું અને એટલું સુંદર સુંદર મળ્યું છે કે યાદ કરતા રહો તેમ રોમાંચ વધતો રહેશે. ભૂતકાળ તમારો શેઠ નથી. ભૂતકાળ તમારો અનુયાયી છે. એને તમારી પાછળ રાખો. એને સાથે સાથે રહેવા દેશો તો તમે ભૂતકાળમાંથી બહાર આવી નહીં શકો.

# તમે કહો છો કે

તમારી સાથે વાતો કરનાર દશ-બાર માણસોને તમે જે કહેવા માંગો છો તે કહી દો છો. તમને લાગે છે કે તમારે કહેવાનું હતું તે તમે કહી દીધું છે. તમે બોલી ગયા તે બધું બરોબર હતું એમ માનીને તમે ચાલો છો. તમને ખબર નથી. તમે બોલવા માંગો છો તે વાત અને તમે બોલી રહ્યા છો તે વાત એક હોતી નથી. તમે બોલો છો તેમાં તમારા શબ્દો અને તમારી દેહમુદ્રા મોટો ભાગ ભજવે છે. તમે હા પાડો છો તેમાં ના પણ વાંચવા મળે. તમે ના પાડો છો તેમાં હા પણ વાંચવા મળે, તમે બોલી શકો છો તેમાં તમારો આવેશ ઊભરાતો હોય. તમે બોલો તેમાં તમારો રાજીપો અને તમારી નારાજગી જોડાય. તમે શું બોલો છો તે અગત્યનું છે તેમ શી રીતે બોલો છો તે અગત્યનું છે. તમે કોઈ વાતમાં તમારો સહકાર જાહેર કર્યો હશે તે હકીકતમાં તમારો વિરોધ હોઈ શકે છે. તમે કોઈ મુદ્દે વિરોધ કર્યો હોય તે હકીકતમાં સ્વીકારની જાહેરાત હોઈ શકે છે. તમે નાના બાળક નથી. મનમાં આવે તે જેમનું તેમ બોલવાની પ્રકૃતિ નથી તમારી. તમે બોલો છો તે પાછળ તમારી ચોક્કસ ધારણા હોય છે. તમે જે નથી બોલવા માંગતા તેની માટે પણ તમારો પોતાનો તર્ક હોય છે. તમને લાગતું હોય કે તમારી અઘોષિત ધારણા અને મનોગત તર્ક છૂપા રહે છે તો એવું નથી હોતું. તમે કહો નહીં તો પણ તમારાં મનની વાત વ્યક્ત થઈ જ જાય છે. તમે કેવળ તમારા શબ્દો દ્વારા તમારો બચાવ કરી શકતા નથી. તમે જે કાંઈ બોલ્યા તે અક્ષરો અને વાક્યો તો ભાષાનું સ્તર હતાં, તમે જે રીતે બોલ્યા તે ભાવનાનું સ્તર હશે. તમારી ભાવનાઓમાં શું છે અને શું નથી તેની સામા માણસને ખબર નથી પડવાની. બોલતી વખતે તમે કેવી ભાવના સાથે બોલો છો તે સામા માણસને સમજાશે. સામો માણસ તમારો અવાજ સાંભળીને તમને સમજતો નથી. એ તમારા શબ્દોની ભીનાશ કે ખારાશ પામે છે. બોલનાર માટે નિયમ નથી કે એ મનમાં હોય તે જ બોલે. મનમાં ન હોય તેવું પણ બોલી જવાય છે. સાંભળનારનું પણ એવું જ છે. સાંભળનારો જે બોલાયું હોય તેને જ સાંભળે છે



તેવું નથી.

સાંભળનારો પોતાના મનમાં ચાલતા વિચારોમાં રમતો હોય છે. એને તમે શું બોલો છો તેમાં રસ ઓછો છે. એને તમારી પાસેથી સાંભળવા મળે છે એમાં રસ છે. તમે બોલો છો તેમાં તમારો રસ કામ કરે છે. તમે બોલશો તેમાં તમારું મન ના પણ જોડાયું હોય. એ સાંભળશે એમાં એનું મન ના પણ જોડાયું હોય. સામા માણસને શું સાંભળવું છે તેની કલ્પના તમને ન હોય અને તમારે જે બોલવું છે તે તમારી રજૂઆત દ્વારા સો ટકા સ્પષ્ટ થઈ જશે તેનો તમે વિશ્વાસ ન હોય તો તમારા શબ્દો જરૂર એળે જવાના છે. તમારી વાતોમાંથી કોઈ અધૂરપ શોધી કાઢવામાં આવે છે તે તમને સમજાતી નથી કેમકે તમારે શું બોલવું છે અને સામા માણસને શું સાંભળવું છે એની સમજૂતી તમારાં મનમાં થઈ હોતી નથી. તમે અવાજ અને શબ્દોનો મેળ ગોઠવીને વાત કરો છો તો વાતચીત કહેવાય. તમે શબ્દો અને ભાવનાનો સુમેળ રચીને બોલો તે સંવાદ કહેવાય. તમે વાતચીત કાયમ કરો છો. તમે સંવાદ જવલ્લે સાધો છો.

# કોઈ જોડે કોઈ તોડે

ઉમાશંકર જોશીના શબ્દો છે : **પ્રીતડી કોઈ જોડે કોઈ તોડે.** લાગણી અને સદ્‌ભાવની વ્યાખ્યા માણસે માણસે બદલાય છે. તમે લાગણીની અભિવ્યક્તિ માટે શબ્દો, વહેવાર અને વસ્તુઓનો ઉપયોગ કરો છો. તમે લાગણીની અનુભૂતિ શબ્દો દ્વારા, વહેવાર દ્વારા અને વસ્તુઓ દ્વારા પામો છો અને શબ્દો વહેવાર અને વસ્તુ કરતાં લાગણી તદ્દન અલગ છે તે સમજો છો. લાગણી નામનો સંબંધ થોડાક માણસો સાથે હોય છે. તમને બધા જ માણસો માટે એક સરખી લાગણી રહેતી હોય તો તમે ભગવાન અથવા પાગલ બેમાંથી એક છો. તમે ભગવાન નથી. તમારે પાગલ રહેવાની જરૂર નથી. તમારી લાગણી ચોક્કસ વ્યક્તિઓ સાથે જ કેળવાયેલી છે. તમારે આ લાગણી ઉપર તમારી સભાનતાને બીછાવવાની છે. લાગણી તો ઊંચા પહાડ પરથી કૂદતાં ઝરણાં જેવી છે. તે ધસમસાટ વહેતી જાય છે. તેને રોકાતી નથી. તેના પર અંકુશ રાખતા નથી આવડતું તમને. લાગણીમાંથી અપેક્ષાઓ જાગે છે. લાગણીની લેવડદેવડમાંથી અહંકાર જાગે છે. લાગણીની અભિવ્યક્તિ પછી અધિકાર ભાવ આવે છે. લાગણીને કેવળ લાગણી તરીકે જ જોવાની હોય. અપેક્ષા અને લેવડદેવડ અને અધિકાર લાગણીમાંથી નીપજે છે. એ લાગણીના અવિષ્કાર છે. એમને લાગણીનાં પૂર્ણ રૂપ તરીકે જોવાની ભૂલ કરાય નહીં. લાગણી કેવળ લાગણી છે. લાગણીને અપેક્ષામાં બાંધી લેશો નહીં. લાગણીને લેવડદેવડનાં બંધારણમાં જકડી લેશો નહીં. લાગણીમાં અહંકારની જમાવટ થવા દેશો નહીં. લાગણીની ભાષામાં શબ્દોનું કામ નથી હોતું. લાગણીનું ઘડતર સ્વાર્થની બાદબાકી દ્વારા જ કરી શકાય છે. તમારો સ્વાર્થ સાધી આપે, તમારો અહં કે તમારી અપેક્ષાને સાચવી લે તેની સાથે જ લાગણી હોય તો વાત આખી ખોટી ઠરે છે. લાગણીની દુનિયામાં વિશ્વાસ હોય. સુખ આવશે તો વહેંચી લઈશું અને દુઃખ આવશે તો સાથે રહીશું એ લાગણીની સમજ છે. એકબીજાની ભૂલને માફ



કરવાની અને એકબીજાનો સાથ જાળવીને પોતપોતાની ભૂલ સુધારવાની તૈયારી તે લાગણી. સારાં કામમાં સો ટકાનો ટેકો. ખરાબ કામમાં પ્રેમાળ વિરોધ. સલાહ માંગવામાં શરમ નહીં. માફી માંગવામાં સંકોચ નહીં. પોતાની વાત છોડવામાં ખચકાટ નહીં. પોતાની બાદબાકી કરીને સાથીદારનો સાચો વિચાર કરવાની ઉત્કંઠા. આ લાગણી છે. માંગ્યા પછી ન મળે તેવી વસ્તુઓ માટે તૂટી જનારો સંબંધ એ લાગણી નથી. ક્ષુલ્લક અપેક્ષાઓ માટે સંઘર્ષ વહોરી લેનારો મનોભાવ લાગણી ન હોઈ શકે. લાગણી આપવામાં માને, પકડાવી દેવામાં નહીં. લાગણી પામવાની વસ્તુ છે, મેળવવાની નહીં. લાગણી જીવવાની હોય છે, બતાવવાની નથી હોતી. લાગણી અંદર વસતો આત્મા છે. એ શરીર કે ભાષા નથી. લાગણીની અંતરંગ અનુભૂતિ તરીકે માવજત કરશો તો તમને સંબંધોમાં કોઈ અડચણ આવશે નહીં. લાગણીને હક અને મોટાઈનો મામલો બનાવશો તો ડગલેપગલે હેરાન થયા કરશો.

તમારી સાથે સંકળાયેલી વ્યક્તિઓ લાગણી રાખે છે. બંને પક્ષે અને બેમાંથી એક પક્ષે લાગણીનું અર્થઘટન ખોટી રીતે થયું હશે તો તમારા હાથમાં દુઃખ અને નિરાશા આવશે. પોતાની લાગણીને યોગ્ય રીતે નહીં ઘડો અને બેફામ બનીને વહેવાર ચલાવતા રહેશો તો સામા પક્ષે સંબંધ તૂટશે અને તમારા પક્ષે સંબંધ બગડશે. તમે દીનહીનભાવે સુરેશ દલાલના શબ્દો બોલશો :

**મારે નવા નવા સંબંધો બાંધવા નથી**
**મારે તૂટેલા ધાગા ફરી સાંધવા નથી.**

❖ ❖ ❖

# મીઠાઈ અને રસોઈ

જમવા બેસું છું. રોટલી, દાળ, ભાત, શાક ને બીજું ઘણું ખાવા મળે છે. મોટો દિવસ હોય તો મીઠાઈ પણ મળે છે. જમવાનું છે એટલે પેટ ભરીને ખાવું છે. હું જમવા બેસું ત્યારે મને મીઠાઈ વધારે ભાવે તેવું બને. મીઠાઈનો સ્વાદ અને તેના રંગરૂપ સરસ હોય છે. બીજી બધી રસોઈનાં આકર્ષણમાં અને મીઠાઈનાં આકર્ષણમાં તાત્ત્વિક રીતે ફરક નથી. માનસિક રીતે ફરક છે. તમે પેટ ભરવા માટે રસોઈ ખાઓ છો અને દિલ ભરવા માટે મીઠાઈ ખાઓ છો. મીઠાઈ ખાવાથી પેટ ભરાય છે પરંતુ એકલી મીઠાઈ જ ખાય અને દાળ, ભાત, શાક રોટલીને અડે પણ નહીં તે માણસ બુદ્ધિનો બળદ ગણાય છે. તમારાં જીવનને આ નજરે તપાસો. તમે થોડાક લોકો સાથે લાગણીથી સંકળાયેલા છો. ઘણા બધા લોકો સાથે ઓળખાણથી સંકળાયેલા છો. આ હકીકતની સાથે એવું પણ છે કે તમે એકાદ વ્યક્તિ તરફ વિશેષ રીતે આકર્ષિત છો. તમારાં જીવનનો આધાર-સ્તંભ કે રૉલમૉડેલ તમે કોને માનો છો તે તો તમે જ કહી શકો. એ જે કોઈપણ હોય તેને તમે આદર અને સન્માન આપો તે સારું છે. મીઠાઈ અને રસોઈનો ફરક હવે સમજવાનો છે. તમને ગમતો આદમી એ તમારી મીઠાઈ છે. હજી સ્પષ્ટતાથી વિચારીએ તો તમે જેમના માટે સૌથી વિશેષ લાગણી રાખો છો તે તમારી મીઠાઈ છે. સિવાયના બીજા પરિવારજનો તો કેવળ રસોઈ છે. મીઠાઈ ખાવાની ના નથી. મીઠાઈ માટે રસોઈને તરછોડવાની ના છે. મીઠાઈ અને રસોઈની થાળી એક હોય છે. પ્રિયજન અને પરિવારજન માટેનું ઘર તો એક જ હોય છે. તમે પ્રિયજનને પ્રેમ પ્રદર્શિત કરવા માટે પરિવારજનને તુચ્છકારો તે વહેવારુ નથી. તમારા પ્રિયજન સિવાયના તમામ લોકો માટે તમે પ્રિયજનને ફરિયાદ કરતા રહો છો તે તમારે પ્રેમ નથી. એ મૂર્ખામી છે. વધુ પડતી મીઠાઈ ખાઈએ પછી ઉબ આવી જાય છે. રોટલી રોજ ખાઈએ છીએ અને ભાવે છે. રસોઈને વફાદાર રહેનારને જ મીઠાઈનો ખરો સ્વાદ મળે છે. પરિવારજનોને



સાચવનારાને જ પ્રિયજનનો સાચો પ્રેમ મળે છે. એકાદ વ્યક્તિને અંગત રીતે મહત્ત્વ આપી દેવાથી બાકીનાં પરિવારજનોનું મહત્ત્વ તૂટી જતું હોય છે. મીઠાઈનું આકર્ષણ કબૂલ. વ્યક્તિવિશેષનું સામીપ્ય કબૂલ. વહેવારમાં સમતુલા ન તોડો તે મુદ્દાની વાત છે. તમે જે સંબંધ દ્વારા આત્મસંતોષ મેળવી રહ્યા છો તે સંબંધ દ્વારા જ વગર કારણે કોઈ નિરપરાધી વ્યક્તિનો આત્મસંતોષ ઘવાતો હોય છે. તમે ન સમજી શકો તો તમારાં જીવનમાં મોટી આંધી આવવાની છે તે નક્કી સમજજો. તમારી લાગણીની અભિવ્યક્તિનો આ મામલો છે. તમને લાગણી હોય તે જુદી વાત છે. તમારી લાગણીની અભિવ્યક્તિ ખોટી રીતે થતી હોય છે તે તમને કેમ નથી સમજાતું ? તમે જીવન જીવો છો તે દ્વારા, તમે વર્તન કરો છો તે દ્વારા, આસપાસના લોકોને તમારા તરફથી સતત કંઈ ને કંઈ મળતું રહે છે. તમારાં મનમાં જે ભાવના છે તે તેમની માટે દુઃખદાયક ન બનવી જોઈએ. તમારી ભાવનાની અભિવ્યક્તિ તેમની માટે દુઃખદાયી નીવડવી જોઈએ નહીં. તમને લાગણીથી બંધાવાની અને લાગણીમાં બાંધવાની ઉભયપક્ષી સ્વતંત્રતા ભલે મળી. તમારી લાગણી દ્વારા અંતરંગ પરિવારજનોમાં ગેરસમજની ગાંઠ બાંધવાનું પાપ તમે ના કરો. કોઈને પોતાની ઉપેક્ષા ગમતી નથી. અલબત્, ઉપેક્ષા કરનારો જાણી જોઈને ઉપેક્ષા કરે છે તેવું પણ નથી. પ્રશ્ન કેવળ પસંદગીનો છે. તમારી માટે લાગણીની ભૂમિકાએ કોઈ વ્યક્તિ મહત્ત્વની હોય તો પણ વહેવારનાં સ્તરે મોટી અસમતુલા ઊભી થવા દેશો નહીં. રોટલી અને મીઠાઈની જેમ બધાને એક જ થાળીના મૅમ્બર સમજો.

# પ્રેમની પરિભાષા

ખૂબ જ વગોવાયેલો અને વપરાયેલો અમર શબ્દ છે : પ્રેમ. તમને સામા માણસ પાસેથી માનસિક સંતોષ મળે અને એ માણસને માનસિક સંતોષ આપવા તમે કંઈ પણ કરી છૂટવા તૈયાર રહો તે સાધારણ રીતે પ્રેમ ગણાય છે. તમે સુખ આપો છો માટે તમે પ્રેમ કરો છો. તમે સુખ મેળવો છો માટે તમને પ્રેમ પામ્યાનો અહેસાસ થાય છે. મનમાં માનેલી ઈચ્છાઓ પૂરી થયા કરે અને પ્રેમ ચાલ્યા કરે આ ટીનેજર્સ કક્ષાનો પ્રેમ છે. પ્રેમનું પરિણામ ઈચ્છાઓ પૂરતું સીમિત નથી. પ્રેમ સ્વભાવને સ્પર્શતી અનુભૂતિ છે. તમારા સ્વભાવ અનુસાર જ તમારો પ્રેમ ઘડાશે. ઈચ્છા સર્વસામાન્ય હોય છે પ્રેમમાં. બધા જે કરે છે તે જ તમે કરો છો. આ તૃપ્તિ સાથે જ પ્રેમને સંપૂર્ણ રીતે જોડી શકાય નહીં. પ્રેમને તમારા સ્વભાવનો પડઘો બનાવો. તમારો સ્વભાવ સારો છે તે તમારા વહેવાર દ્વારા વ્યક્ત થાય અને તમારા સ્વભાવ થકી સામા માણસને આનંદ મળે તે ખરો પ્રેમ છે. પ્રેમમાં આપવા કરતાં સોંપવું મહત્ત્વનું છે. પ્રેમમાં શું કરવું તે અગત્યનું છે, એમ શું ન કરવું તે પણ અગત્યનું છે. પ્રેમમાં ત્રણ વસ્તુનો સતત ખ્યાલ રાખવો જોઈએ. પ્રેમ, અહંકારમાંથી બહાર આવવાનો સુખદાયક માર્ગ છે. પ્રેમને અધિકારમાં બાંધી શકાય નહીં. પ્રેમને મર્યાદાની બહાર જવા દેવાય નહીં. પ્રેમ સ્વાર્થથી વિખૂટા પાડીને નિજાનંદ સુધી પહોંચવાનું ભાવનાત્મક માધ્યમ છે. પ્રેમમાં સામી વ્યક્તિ મહત્ત્વની છે જ. તેથી વિશેષ મહત્ત્વ એ વ્યક્તિ માટેના તમારા અભિગમનું છે. બે મળેલા જીવનો પ્રેમ સમજીને તમે આ વાતને અવળે પાટે ના લઈ જશો. તમારી પર લાગણી રાખનારા માટેની તમારી સચ્ચાઈ એ તમારો પ્રેમ છે. પરિવારજનો, સ્નેહીજનો અને મિત્રો માટે તમારો વહેવાર ત્રણ રીતે સ્પષ્ટ રાખો.

એક, તમારા તરફથી કે તમારા લીધે એમને દુઃખ થાય તેવું કાંઈ જ બનવું ન જોઈએ. તમને એમના તરફથી દુઃખ થયું હોય તેનો અનુભવ તમારી માટે



દર્દનાક જ હશે. એમણે દુઃખ આપ્યું છે માટે એમને દુઃખ આપવાનું તમે વિચારશો તો નુકશાન તમારે જ ભોગવવાનું રહેશે. તમે સુખ આપ્યું છે અને આપો છો એટલા માત્રથી તમે દુઃખ આપો છો તે સ્વીકાર્ય બની શકે નહીં. દુઃખ એ દુઃખ જ છે. જેને દુઃખ પડે તે બળવો પોકારે. તમે જેમની સાથે સુખનું આદાનપ્રદાન કરો છો તેમને દુઃખ દીધા કરો છો તે તમારી ભૂલ છે. તમે આપેલાં દુઃખ જ તમે આપેલાં સુખને નકામા બનાવી દે છે. પદ્ધતિ બદલો. સુખ આપી શકો તો આપો. ન આપી શકો તો ચાલે. દુઃખ તો હરગિઝ ના આપશો.

બે, તમે ઘણાં બધાં દુઃખો નથી આપ્યા. તમે આપેલ દુઃખો તમારા પ્રેમના ભાવિને અવશ્ય ધૂંધળું બનાવે છે. એવું કાંઈ બને તે પહેલાં તમે આપેલાં દુઃખો યાદ કરીને માફી માંગી લો. ઉપરાંત તમારા વિશે એમનાં મનમાં જે જે દુઃખો છે તે એમને પૂછી લો. તે ખુલ્લાં દિલે કહી શકે તેવી મોકળાશ આપો. તે કહેશે એ મુજબ ફરક આવશે એવો વિશ્વાસ આપો. તમે જાણતા નહોતા એવાં દુઃખો જાણીને એનું નિમિત્ત એકમાત્ર તમે જ છો એવી કબૂલાત સાથે માફી માંગો.

ત્રણ, માફી માગ્યા બાદ તમે જવાબદારીઓમાંથી મુક્ત બની શકતા નથી. તમારા હસ્તક એમને થયેલાં નાનામોટાં તમામ દુઃખોને વિગતવાર યાદ રાખી લો. તમારા પ્રેમમાં તમે આ મામલે ગુનેગાર પૂરવાર થયા છો તેનો સતત પસ્તાવો મનમાં જીવતો રાખજો. તમે એમને પડેલાં દુઃખોને તમારી જવાબદારીપૂર્વક યાદ રાખી લો. તમે એમને પડેલાં દુઃખોને તમારી જવાબદારીપૂર્વક યાદ રાખશો તો તમારામાં નવાં દુઃખો આપવાની હિંમત નહીં જાગે. તમે આપેલાં દુઃખોની યાદ તમારા પ્રેમની ખોવાઈ ગયેલી ખૂટતી કડી બનીને સતત તમને સચ્ચાઈના દોરથી બાંધી રાખશે. પ્રેમ એ ઘડીબેઘડીની મૌજ નથી. પ્રેમ જુવાનીનો ઉભરો નથી. પ્રેમ અંતરંગ અહેસાસ છે. અવ્યક્ત રહે તો આનંદ આપે અને વ્યક્ત થાય તો વધ્યા કરે તેને પ્રેમ કહેવાય.

# સંબંધમાં પ્રેમ : પ્રેમમાં સંબંધ

પ્રેમ. મનમાં સદ્‌ભાવ અને લાગણી જાગે તેને પ્રેમ કહે છે. પરંતુ સંબંધમાં બે વ્યક્તિ હોય છે. મા અને દીકરો, ભાઈ અને ભાઈ, બાપ અને દીકરી, સાસુ અને વહુ. બે વ્યક્તિ છે. બે સ્વભાવ છે. બે વિચારધારા છે. પ્રેમ છે. બે વ્યક્તિત્વનું મિલન થાય છે. ભૌતિક સ્તર ગૌણ હોય છે. માનસિક, ભાવનાત્મક સ્તરે બે વ્યક્તિમત્તાનું જોડાણ થાય છે. તમારો સંબંધ જેમની જેમની સાથે જોડાય છે તેમની પાસેથી તમે અપેક્ષાઓ રાખો છો. તમે સંબંધને માધ્યમ બનાવીને તમારી અપેક્ષાને વધુ મહત્ત્વ આપતા હશો તો તમે પ્રેમમાં સફળ થઈ શકશો નહીં. સંબંધમાં સામી વ્યક્તિને મહત્ત્વ આપવાનો મતલબ એ છે કે, તમારી અપેક્ષાને ગૌણ માનવાની શક્તિ કેળવવી. સંબંધ સાથે સંકળાયેલા વહેવારો દ્વારા તમને સંતોષ મળે છે. તમને મહત્ત્વ મળે, તમારા અહંને સંતોષ મળે તેનાથી તમારો સંબંધ સમો સાજો રહ્યો હોય તો તમે પ્રેમ નથી રાખતા બલ્કે અભિમાન રાખો છો. પ્રેમ અભિમાન પોષવાનો સંબંધ નથી. પ્રેમ અભિમાનને ભૂલવાનો સંબંધ છે. આમાં બંને પક્ષે સમજવું જોઈએ. તમારા તરફથી અપેક્ષા રાખવામાં નથી આવતી અને સામા પક્ષે અપેક્ષાઓ રહ્યા જ કરે છે તો પ્રેમ જોખમમાં છે. સામો પક્ષ તમારી પર કોઈ જ દબાણ કરતો નથી અને તમે સામી વ્યક્તિને દરેક વખતે પ્રૅશર કરો છો તો પ્રેમમાં ધ્રુજારો આવે છે. તમે લાગણી રાખો છો તો તમને અભિમાન યાદ આવવું જ ના જોઈએ. તમારાં મનમાં રહેલી લાગણી તમે સામી વ્યક્તિનાં મન સુધી સુપેરે પહોંચાડી શક્યા હો તો તમારે ના સાંભળીને નારાજ થવાનું ના હોય. તમારી લાગણીનો અસ્વીકાર તમને દુઃખી બનાવે તે ખોટું. તમારી લાગણી તમે જણાવી ના શકો તો જ દુઃખી થવું પડે. તમારી એ લાગણી સામી વ્યક્તિ સુધી પહોંચી ત્યારબાદ તમારે વર્ચસ્વ સ્થાપવાનું ન હોય. તમારાં મનમાં ઈચ્છા જાગી તેનું મૂળ તમારી



લાગણી છે. તમારી ઈચ્છા પૂરી ના થઈ તો ઈચ્છાને ભૂલી જવાની. લાગણી તો વ્યાપક અનુભૂતિ છે. એકાદ બે પ્રસંગમાં તે ન સચવાઈ તો દુઃખી થવાનું ના હોય. તમે સામી વ્યક્તિને લાગણી આપો છો તેનો સાચો અર્થ એ છે કે, તમે તમારા અહંને આ સંબંધમાં ગૌણ માની રહ્યા છો. અહં માટે ધંધો છે. અહં માટે બજારની સ્પર્ધા છે. લાગણીના સંબંધમાં અહં, ન જાગવો જોઈએ, ન તો વાગવો જોઈએ. તમારો સંબંધ તમારાં દિલમાં જીવી રહેલા પ્રેમ ઉપર નિર્ભર છે. તમારો અહં તમારા પ્રેમને વ્યાકુળ બનાવી દે અને છેક તમારા સંબંધ સુધી વિક્ષેપ ઊભો કરે છે. સંબંધમાં પ્રેમ હોય તો હા કે ના મહત્ત્વની રહેતી નથી. અપેક્ષા તો બહાનું છે. ઈચ્છા પ્રેમની માવજત કરવાનું તો કેવળ માધ્યમ છે, પ્રેમને સામા માણસ સુધી પહોંચાડવાનું માધ્યમ. તમારાં મનમાં સામી વ્યક્તિ માટેનો પ્રેમ છે તે જ મુખ્ય બાબત છે, તમારી માટે. તમારી ઈચ્છા અને અપેક્ષા અને તમારા અહં સાથે બાંધછોડ કરીને પણ તમે તમારા પ્રેમને નિઃસ્વાર્થ અને નિર્દોષ ભૂમિકાએ જીવતો રાખજો. પ્રેમમાં સંબંધનું મહત્ત્વ હોય તેથી વધુ સંબંધમાં પ્રેમનું મહત્ત્વ છે. સંબંધ પરાવલંબી છે. પ્રેમ સ્વાવલંબી છે.

❁ ❁ ❁

# અધિકાર ભાવના

તમારો આત્મવિશ્વાસ કમજોર હશે ત્યારે તમને કશુંક ગુમાવી દેવાનો ડર લાગવા માંડશે. તમારી ધારણા મોટી હશે. તમારી અપેક્ષા ઘણી હશે. એકંદરે બધું સમુસૂતરું ચાલતું હશે. ત્યાં અચાનક કશુંક જુદું બનશે. તમને ફાળ પડશે. આમ બનવું ના જોઈએ, તેવું તમે વિચારશો. તમે અંદરથી ગભરાશો અને બહારથી ગુસ્સો કરશો. તમારી માટે આ સમસ્યા એક પડકાર હશે. તમે જે નક્કી કર્યું છે તેનાથી અલગ કાંઈક બને ત્યારે તમે તેવું બનવા દેવા તૈયાર નથી હોતા. દીકરાને ડૉક્ટર બનાવવાની ઇચ્છા રાખનારો બાપ, દીકરાને પત્રકાર બનવા નથી દેતો. દૂધીનું શાક બનાવવાનું નક્કી કરી બેસેલી સાસુ, વહુને તુરિયાનું શાક બનાવવા નથી દેતી. નક્કી કરેલા નિર્ણયોને વડીલો છોડી શકતા નથી. અધિકારભાવ કામ કરે છે. તમારાથી નાની ઉંમરના યુવાન પુત્રોની સ્વતંત્રતામાં તમે હસ્તક્ષેપ કરતા રહો છો. પોતાના ધંધામાં સૅટ થઈ ગયેલા મહેનતુ માણસને કોઈ વડીલ સલાહ આપતા રહે છે. પોતાના વિના બીજાને ચાલવાનું નથી તેનો અહં અને પોતાની બુદ્ધિ પ્રમાણે બીજા નહીં ચાલે તો એમને નુકશાન થશે આવો મિથ્યા આત્મવિશ્વાસ. તમને પૂછ્યા વિના કરાયેલું સારું કામ તમને પ્રશંસા કરવા લાયક લાગતું નથી. બીજા ભૂલ ન કરે તો તમારી મોટાઈ બતાવી શકાતી નથી. મમતાની ખોટી ગાંઠ અધિકાર ભાવના છે. તમને જેમની પર લાગણી હોય તેમની પર હક જમાવવાનું ગમે છે. તમે જેમને સાચવો છો, તેમને તમારા ઉપકારોની યાદ આપો છો, તમે. તમને તમારી કિંમતનું વધારે પડતું ભાન થઈ ચૂક્યું છે. તમને લાગે કે તમે તટસ્થ છો અને તમે સારી રીતે વિચારી રહ્યા છો. હકીકતમાં તમે તમારી વિચારશૈલીના શિકાર બની ચૂક્યા છો. તમારો દંભ તમને સમજાતો નથી. તમારી જીદ તમને સચ્ચાઈનો પ્રેમ લાગે છે. તમે સામા માણસને જવાબદારીપૂર્વક સંભાળી રહ્યા છો, તેવું માની લો છો. જાતે ને જાતે તમે પરિસ્થિતિ પર તમારી પકડ જમાવી રાખવા માંગો છો. તમે તમારી કાર્યક્ષમતા દ્વારા બધાં કામો પર કબજો જમાવી લેવાનું



વિચારો છો. તમારી પાસે અનુભવ ઓછો હોવા છતાં તમે દરેક વિષયોમાં પોતાને એકદમ નિષ્ણાત માની લો છો. તમે ગુમાવવા તૈયાર નથી. તમે બીજાને સુધારવા અને બદલવા એટલા બધા તત્પર છો કે તમારા સ્વભાવમાં જે સુધારવા અને બદલવા જેવું છે તે તમે યાદ કરી શકતા નથી. તમે તો બસ, તમારા હાથમાં જ બધું રાખવા માગો છો.

તમને ન પૂછાય તે ખોટું જ હોય છે. તમને ન ગમે તે ખરાબ જ હોય છે. તમારું ન માને તે નકામો જ હોય છે. તમારું ન સાંભળે તે બદમાશ જ હોય છે. તમારા અભિપ્રાય મુજબની દુનિયા તમને ખપે છે. તમારી મુઠ્ઠીમાં કેદ રહે તેવા માણસો જ તમને ચાલે છે. તમારા કરતાં બીજા વધુ સફળ હોય તે તમારાથી ખમાતું નથી. તમારી ગેરહાજરીમાં બધું સહી સલામત રહી શકે છે તે તમે માની નથી શકતા. તમારી દુનિયાના તમે મંડૂક છે. તમને બીજાનું સારું દેખાતું નથી. તમારાથી બીજાનું સારું સંભળાતું નથી. તમે સતત ડરો છો કે મારો કબજો જતો રહેશે. તમે સતત વિચારો છો કે મારા વિના એમને ચાલવું ના જોઈએ. તમે તમારી તાકાતને સમજ્યા વિના બીજાની તાકાતને ઓછી આંક્યા કરો છો. તમારું ગજું ન હોય ત્યાં માથાં મારો છે. તમે સંબંધોમાં સંઘર્ષ અને સફળતામાં સ્પર્ધા અનુભવતા રહો છો. તમને મુક્ત મને વિચારવાનું આવડ્યું નથી. તમને ઉદારદિલે પ્રશંસા કરવાનું ગમ્યું નથી. તમને તમારી મોટાઈ સિવાય બીજું કશું ખપતું નથી. તમને તમારાં વર્ચસ્વને જમાવી રાખવા સિવાય બીજો કોઈ વિચાર જ સૂઝતો નથી. તમે અધિકાર ભાવના રાખો છો. તમે કડક નથી, પણ કડવા છો. તમે સ્પષ્ટ નથી, પણ આકરા છો. તમે મજબૂત નથી, પણ જડસુ છો. તમે તમારાં અસંતુષ્ટ અભિમાનનો ભોગ બની ચૂક્યા છો. અધિકારભાવના એ મનોમન ચાલતું મહાપાપ છે.

# આનંદ કી ઘડી આઈ

હસતા રહેજો. હસવા માટે મનને સમજાવતા રહેજો. દરેક વાતને સીધા અર્થમાં લેજો. તમે ધાર્યું હોય તે મુજબ થાય ત્યારે તો હસી શકાય જ. તમે ધાર્યું તે મુજબ ના થયું તો નિરાશ ના થશો. અત્યાર સુધી ધાર્યા મુજબ ઘણું થયું છે. પાછળ, આખી જિંદગી પડી છે જોવા માટે. સારા પ્રસંગો યાદ કરજો. ધાર્યા કરતાં વધુ સફળતા મળી છે. ગઈકાલે અને તેની પહેલા ઘણી સફળતા પામી લીધી છે. આ વખતે જરા મુશ્કેલી પડી છે. હોય એ તો. દર વખતે આપણા ધાર્યા મુજબ ન પણ થાય. અદલાબદલી થઈ જાય. હા સાંભળવાને બદલે ના સાંભળવા મળે તો ખોટું શું લગાડવાનું ? વિદેશમાં એક સામયિક બહાર પડે છે. તેમાં સમાચારો પોઝિટીવ એપ્રોચથી છપાય છે. અકસ્માતના સમાચાર છાપવાના હોય તો આપણાં છાપાં શું છાપે ? પચાસ માણસોથી ઠસોઠસ ભરેલી બસને નડેલો ગંજાવર અકસ્માત. ચાલીસના મોત. દસની હાલત ગંભીર. એ છાપું જરા જુદી રીતે સમાચાર છાપે છે. પચાસ માણસોથી ભરેલી બસનો અકસ્માત થયો. દસ જીવતા બચી ગયા. તબિયત સુધારા પર છે.

દરેક વાતને આશ્વાસનનો મુદ્દો બનાવો. દરેક ઘટનામાંથી રાહતની લાગણી શોધો. જે કાંઈ બને તેને સુખી થવાનું નિમિત્ત બનાવો. કોઈ ગાળ આપે તો એમ વિચારો કે એણે મને તમાચો નથી માર્યો. કોઈ તમાચો મારે તો એમ વિચારો કે મને બંદૂક નથી બતાવી. કોઈ બંદૂક બતાવે તો એમ વિચારો કે મને ગોળી નથી મારી. કોઈ ગોળી મારે તો ? સબૂર. આવું સોચવાનું નથી. ગોળી મારવા સુધીની કલ્પના કરવી તે પણ નિરાશાવાદ છે. તમે રાહત શોધો. તમે ખુશી શોધો. તમે રાજી થવાનું બહાનું ખોળી કાઢો. આખરે આ જગત પાસે સુખ કે દુઃખ નથી. તમારાં મનમાં સુખ છે. તમારાં મનમાં દુઃખ છે. તમે સુખ શોધવા જશો તો સુખ મળશે. તમે સુખ



નહીં શોધો તો દુઃખ મળવાનું જ છે. તમારે સુખની ખોજ માટે જીવવાનું છે. તમે જરા દુઃખલક્ષી બની ગયા છો. તમને આનો ખ્યાલ નથી રહ્યો. સુખ માનસિક અવસ્થા છે. તમે એ બહાર શોધો છો. શોધો નહીં. મેળવો. આ પ્રસંગ દુઃખનો નથી એટલું નક્કી કરીને તેમાં સુખ શોધો. આ પ્રસંગ તનાવનો નથી તેમ વિચારી તેમાંથી રાહત મેળવો. તમારું મન દરવખતે નિતનવાં બહાનાં શોધી શકે છે. તમે નક્કી કરશો કે સુખી હોવાના મુદ્દા શોધવા છે તો તમે તે પણ શોધી શકશો. અલબત્ત, આ રીતે વિચારવા માટે થોડી માનસિકતા ઘડવી પડે છે. મારે દુઃખી થવું છે તેવું વિચારતું નથી કોઈ. પરંતુ દુઃખી હોવાના મુદ્દા શોધીને લેવાનું ફાવે છે બધાને. વાતે વાતે રડનારા દુઃખનાં બહાનાં શોધે છે. પગલે અને પગલે હેરાન થનારો હકીકતમાં દુઃખને શોધી કાઢનારો બળદ હોય છે. દુઃખી થવાનો વિચાર ન હોવા છતાં દુઃખ પર કેન્દ્રિત થઈને વિચારતા રહે છે સૌ. વિચારોનો ઢાંચો બદલો. તમને જે દુઃખ નથી મળ્યું તે શોધી રાજી થાઓ. તમારી પાસે જે સુખ સહીસલામત છે તેને નિહાળીને રાહત મેળવો. આસમાન તૂટી પડ્યું નથી આસમાન તૂટવાનું પણ નથી. તમે આનંદના માલિક છો. તમે દરેક જગ્યાએ, દરેક સમયે આનંદને શોધો. શોધે તેને મળે, ના શોધે તેને ના મળે.

# પ્રતિભાવ અને પ્રત્યાઘાત

**સ્ટી**ફન કોવીનું વિશ્વપ્રસિદ્ધ પુસ્તક છે. સફળ થવાના નહીં પરંતુ સારા બનવાના સાત મુદ્દાની તેમાં ચર્ચા છે. કરોડો બુક્સ વેંચાઈ છે. વેંચાયા કરે છે. હમણા એમનું નવુ પુસ્તક આવ્યું છે. એમાં આઠમી આદતની ચર્ચા છે. આ વિચારકની રજૂઆત એક મુખ્ય પાયા પર ઊભી છે.

તમારી સાથે જે બને છે તે બધા સાથે બને છે. તમે જે કરો છો તે બધા કરે છે. તમે બીજાથી અલગ નથી પડતા. તમારી તે કમજોરી છે. તમે વાતમાં આવી જાઓ છો. તમે પ્રભાવમાં ખેંચાઈ જાઓ છો. તમારે નવેસરથી તમારું ઘડતર કરવાનું છે.

તમારી સમક્ષ કોઈ પ્રસંગ આવે છે. તમે તરત પ્રતિભાવ આપો છો. તમે ગાળ સાંભળી અને તરત તમે ગુસ્સો કર્યો. તમને માર પડ્યો અને તરત તમે સામો હુમલો કર્યો. તમને નિષ્ફળતા મળી અને તરત તમે બહાનાબાજી શરૂ કરી. તમને સફળતા મળી અને તરત તમે પાર્ટી આપી દીધી. તમારી સમક્ષ સંયોગ આવે. તમે એનો પ્રતિભાવ આપી દો. આ ચીલાચાલુ પદ્ધતિ છે. સ્ટીવન કોવી કહે છે તમારી સમક્ષ સંયોગ આવે છે અને તમે તેનો પ્રતિભાવ આપો છો આ બે વાક્યની વચ્ચે ખાલી જગ્યા હોય છે. તમે ત્યાં ઊભા રહીને વિચારી શકો છો. તમે પ્રતિભાવ આપતા પહેલાં અટકી શકો છો. તમે એ ખાલી જગ્યાને શોધવાની આદત પાડો. ગાળ સાંભળી અને ગુસ્સો આવવાનો છે. આ બે વાત છે. ગાળ સાંભળી એ તાજો ભૂતકાળ છે. ગુસ્સો આવવાનો છે. આ નજીકનો ભાવિકાળ છે. આ બંનેની વચ્ચે એક વર્તમાનક્ષણ આવે છે. તમે આ ક્ષણને મળતા નથી. તમે આ ક્ષણને સમય આપતા નથી. તમારું ધ્યાન આ ક્ષણ પર કેન્દ્રિત થતું નથી. તમે આ ક્ષણને ગુમાવી દો છો. તમે આ ક્ષણ પર અટકીને સાવધાનીથી વર્તી શકો છો. તમારા પ્રતિભાવ પર તમારો કાબૂ ન હોય તો તે તમારી કમજોરી બની જાય છે. તમને જે સૂઝ્યું તે તમે બોલી નાંખો એ પ્રતિભાવ



નથી. એ તો પ્રત્યાઘાત છે. તમે ગાળ સાંભળ્યા પછી વિચારો કે આ માણસને જવાબ આપવાનો અર્થ નથી તો તમારો પ્રતિભાવ બદલાશે. પછી એ પ્રત્યાઘાત નહીં, એ કેવળ પ્રતિભાવ હશે. તમે ગાળ સાંભળ્યા પછી વિચારો છો કે આ માણસને જવાબ આપીશું તો એ સુધરવાનો નથી. તમે ટાળી દો છો. આ પ્રત્યાઘાત નથી. આ પ્રતિભાવ છે.

તમારી સામે અણગમતી વાત આવે છે. તેનો જવાબ આપતા પહેલા તમે તમારી રીતે સાચવી સંભાળીને બોલવાનો આશય જાળવી રાખો છો. આવું બનશે તો પ્રતિભાવ આવશે. તમે તરત જ વળતો જવાબ આપી દેશો તો એ પ્રત્યાઘાત હશે. તમારી પાસે ધીરજ હશે તો તમે પૂર્વતૈયારી કર્યા બાદ રજૂઆત કરશો. તમે ડર્યા વિના આક્રમણ કરો તે પ્રત્યાઘાત છે. તમે ડરતા નથી પરંતુ સાચવીને રજૂઆત કરો છો તો એ પ્રતિભાવ બની છે. તમારું રિએક્શન વિચાર્યા વગરનું હોય તો એ પ્રત્યાઘાત છે. તમારું રિએક્શન વિચારપૂર્વકનું હોય તો એ પ્રતિભાવ છે.

# તમે આપેલાં દુઃખોની દુનિયા

દુકાનો અને કંપનીઓ સારા માલના આધારે ચાલે છે. ખરાબ માલ વેંચનારી દુકાન કે કંપની બજારમાં શાખ ગુમાવે છે. ઘરાકો અને ઍજન્ટોને સારો માલ આપવાથી વિશ્વાસપાત્રતા વધે છે. ખરાબ માલ આપનારી દુકાન અને કંપની, ઘરાકો અને એજન્ટોને ગુમાવે છે. ખરાબ માલનું વેચાણ દુકાન અને કંપનીને નુકશાનમાં ઉતારી દે છે.

તમારો સ્વભાવ એ કંપની છે. તમારો વહેવાર એ પ્રોડક્શન છે. તમારી ભાવનાઓ તમારી દુકાન છે. તમારી રજૂઆત એ તમારો માલિક છે. તમારી સમક્ષ આવનારા લોકોને તમારા વહેવાર કે તમારી રજૂઆતમાંથી હંમેશા મધુરતા મળવી જોઈએ. તમે જેમની સાથે બોલો છો તેમને તમારા શબ્દો દ્વારા કડવાશ મળી હોય તો તમે ખરાબ માલ વેચી રહ્યાં છો. તમારા વહેવારથી તમારી વાતોથી, તમારા શબ્દોથી સામા માણસને દુઃખ પહોંચ્યું હોય તો તમે તમારી કંપનીની આબરૂ બગાડી છે.

તમે પાછળની તરફ નજર નાખો. તમારી સાથે સતત જીવી રહેલા સ્વજનોને તમે સારો માલ આપ્યો છે કે ખરાબ માલ આપ્યો છે. દુકાનમાં થોડો ખરાબ માલ આવી જાય તો અજાણ્યા માણસને હળવેથી પધરાવી દો છો. જોકે ખરાબ માલ આ રીતે પણ વેચાય નહીં. પણ, સમજો કે એ રીતે પધરાવી દો છો તો એ વખતે પણ તમને યાદ હોય છે કે મારે આ કચરો નિયમિત ઘરાકને આપવાનો નથી. ખરાબ માલ નિયમિત ઘરાકને આપશો તો એ આવતો બંધ થઈ જશે. તમને નુકશાન થશે. ખરાબ શબ્દો અને ખરાબ વર્તન આપણા નિયમિત ઘરાકોને એટલે કે સ્વજનોને આપતી વખતે તમને આ માર્કેટિંગ ફોર્મ્યુલા યાદ નથી રહેતી. તમે અધિકારની ભાષામાં વાત કરો છો. તમે હક જમાવો છો. તમારી દાદાગીરી જબરી હોય છે. તમે સામા માણસને ગાંઠતા જ નથી. તમે તમારું જ વિચારો છો. સામા માણસનું વિચારતા નથી. સરવાળે



તમારા દ્વારા બીજાને દુઃખ પહોંચ્યા કરે છે. તમે તમારી ખરાબ પ્રોડક્શનને શોધી કાઢો. તમારા સ્વજનોને તમે વારંવાર અપશબ્દો ઉચ્ચારીને દૂભવતા રહ્યા છો. તમારા સ્વજનોનાં કાળજે ડામ ચંપાય તેવી વાણી તમે ઓચરતા રહ્યા છો. તમને તમે ગુસ્સો કર્યો છે તે યાદ નથી. તમને એ માણસોને પહોંચેલા જખમોનો કોઈ જ અહેસાસ નથી. તમે તમારી જિંદગીની દુકાનમાંથી ખરાબ માલ વહેંચીને તમારી દુકાનને જ નુકશાન પહોંચાડો છો.

તમે તમારા પતિ કે પત્નીને ખરાબ શબ્દો કહ્યા છે.

તમે તમારા મા કે બાપને ખરાબ શબ્દો કહ્યા છે.

તમે તમારા ભાઈ કે બહેનને ખરાબ શબ્દો કહ્યા છે.

તમે તમારા દિકરા કે દિકરીને ખરાબ શબ્દો કહ્યા છે.

તમે તમારા જમાઈ કે વહુને ખરાબ શબ્દો કહ્યા છે.

તમારા ખરાબ શબ્દોએ તમારી ગુણવત્તા બગાડી છે. તમારા આક્રોશે તમારી મીઠાશને ખાખ કરી છે. તમારા રોષે તમારા પ્રેમનું બાષ્પીભવન કર્યું છે. તમારી રજૂઆત અને તમારી વાતો દ્વારા તમે બીજાને હેરાન કર્યા છે અને એ રીતે તમારી જાતને તમે નુકશાન કર્યું છે. તમારા દ્વારા તમારા સ્વજનો કેટલી બધી વાર દુઃખી થયા છે તેનું તમને ભાન નથી. તમે આપેલાં દુઃખોની દુનિયા બહુ મોટી છે. તમારા સ્વજનો તમારી આ ઉગ્રતા ખમીને તમારી સાથે રહે છે તે એમનો બહુ મોટો ઉપકાર છે.

# જરા યાદ કરો કુરબાની

તમને બીજા દુઃખી બનાવે છે. તમારી પાસે ઘણાં નામ છે. તમને હેરાન કરનારા એ લોકો માટે તમને ગુસ્સો છે. બીજી બાજુ તમારા હાથે દુઃખી થયેલા લોકો પણ છે. એવા અનેક માણસો છે જેમને તમારા હાથે ખલેલ પહોંચી છે. એ લોકોને તમારી માટે ફરિયાદ છે.

આ સિવાય ત્રીજી બાજુ છે. તમને ખબર ન હોય તે રીતે તમારી માટે દુઃખી થનારા પરિવારજનો છે. એમને તમારી ચિંતા છે. એમને તમારો વિચાર આવે છે. એ લોકોએ તમારી માટે પસીનો પાડ્યો છે. એમણે તમારો બચાવ કરવા માટે ઝઘડો વહોરી લીધો છે. તમારી માટે એમણે પોતાની ઇચ્છા સાથે બાંધછોડ કરી છે. તમારી માટે એમણે પોતાની ઊંઘ હરામ કરી છે. એ લોકો તમારી સાથે જીવી રહ્યા છે. એમને પોતે આપેલી કુરબાની યાદ નથી. એમણે તો તમારી માટેની લાગણીથી આ બધું કર્યું.

એ તમારી માટે ઘસાયા છે. તમારી માટે દોડધામ કરીને એ થાક્યા છે અને હરખાયા છે. તમારી ભૂલને માફ કરીને એ તમને ચાહતા રહ્યા છે. તમે કરેલા ગલત આક્ષેપો ગળી જઈને એ તમને પ્રેમ આપતા રહ્યા છે. તમારી જીદ સામે ઝૂકીને પણ એ તમારાં મનને રાજી રાખવા માંગે છે. તમે એમની સાથે જૂઠું બોલ્યા તો પણ એ તમને સાચા માની રહ્યા છે. તમે એમનાથી ઘણી વાતો છૂપાવી છે તો પણ એ લોકો તમને પોતાના અંગત સ્વજન તરીકે સન્માન આપે છે. તમે એમને કાંટા આપ્યા છે, એ તમને ફૂલ આપે છે. તમે એમની ટીકા અને સમીક્ષા કરી છે, એ તમારી પ્રશંસા કરી રહ્યા છે. તમે એમને ઉતારી પાડ્યા છે. એ તમને સમાજમાં ખૂબ ઊંચાં સ્થાને બેસાડવા માંગે છે. તમે એમની વાત સમજવા તૈયાર નથી. એ તમને બરોબર સમજી શકે છે.

તમારાં ઘરમાં રહેનારા સ્વજનો તમારા ઉપકારી છે. એમણે તમને પ્રેમ આપ્યો છે. એમણે તમારી પર વિશ્વાસ મૂક્યો છે. એ તમારાં હિતની ચિંતા કરી



રહ્યાં છે. સામે પક્ષે તમે એમને ધિક્કાર આપ્યો છે, અપમાન આપ્યું છે અને એમની સાથે નવો ઝઘડો કરવાની તમારી તૈયારી છે. આપણને પ્રેમ આપનારને આપણે દ્વેષ આપીએ તો ગુનેગાર આપણે જ છીએ.

તમે બીજાને દુઃખ આપ્યું હોય તે તમને યાદ હોઈ શકે છે. તમારી માટે કોઈ દુઃખી બન્યું છે તેની તમને ખબર ના પણ હોય. તમે નવી નજરે તલાશ કરો. તમે સુખી છો તે માટે કોઈને દુઃખી થવું પડ્યું છે. નાનું બાળક મોંઘાં કપડાની હઠ પકડે છે. ગરીબ માબાપ, મહામહેનતે એ કપડાં લાવી આપે છે. બાળક રાજી થાય છે. બાળકને પોતાનું સુખ જોતી વખતે માબાપને પડેલું દુઃખ યાદ નથી આવતું. માબાપ પણ બાળકને સુખ મળ્યું છે તે જોઈને પોતાનું દુઃખ ભૂલી જાય છે. બાળક અને માબાપના કિસ્સામાં બન્યું તે તમારા કિસ્સામાં બની રહ્યું છે. તમને સુખ મળી રહ્યું છે તે માટે કોઈ દુઃખ ભોગવી રહ્યું છે. તમારાં સુખ માટે કોઈ પોતાનું સુખ છોડી રહ્યું છે. તમારા અહંને સંતોષવા કોઈ પોતાના અહંને છોડી દે છે. તમારી ઇચ્છાને પૂરી કરવા માટે કોઈ પોતાની ઇચ્છાને કોરાણે મૂકી રહ્યું છે. તમારી ખાતર કોઈ પોતાનાં મનની કુરબાની આપી રહ્યું છે. તમને એ દેખાય છે કે કેમ એ તમારી ભાવનાનો સવાલ છે. તમને ખબર ન હોય તો એ તમારી સ્વાર્થી ભાવના છે. તમે તમારી પાછળ દુઃખી થનારાની કુરબાની યાદ કરશો તો તમારી જિંદગી ઉજમાળ બનશે. બીજાની પાછળ તમે દુઃખી થાઓ તે તમારી લાગણી અને નિષ્ઠા છે. તમારી પાછળ તમારા સ્વજનો દુઃખી થયા હોય તે એમની લાગણી અને નિષ્ઠા છે. તમારે એની કદર કરવી જ જોઈએ.

# રાતે સૂતા પહેલાં

સવારથી છેક સૂવાના સમય સુધી ઘણા લોકો મળ્યા છે. તમને ગમ્યું હોય, તમે રાજી થયા હો એવા મુલાકાતનો સમય યાદ કરજો. તમારાં જીવનમાં દુઃખ હાજર છે તેમ છતાં થોડાક સારા માણસોને તમે મળી શકો છો એ તમારું સદ્ભાગ્ય છે. તમે મનની વાત જણાવી શકો તેવી એક બે વ્યક્તિ તમારાં જીવનમાં છે તે રોજની જેમ આજે પણ પૂરવાર થયું છે. રાતે સૂતાં પહેલા તમારી માટે લાગણી રાખનારા માણસોનો આભાર માનજો. તેમણે તમને સદ્ભાવના આપી છે માટે જ તમારામાં દુઃખો સામે લડવાની હિંમત જીવતી રહી છે. તેમના વિના તમારી જિંદગીના ચારે ખૂણા ખાલી જ રહેવાના હતા. તેમણે તમારી જિંદગીને સંતોષપૂર્ણ બનાવી છે.

આખા દિવસ દરમ્યાન તમને જ્યારે જે જોઈએ તે મળ્યું છે. થોડા પૈસા હાથમાં આવ્યા છે. પેટ ભરીને જમવા મળ્યું છે. વારંવાર પાણી પીને સતત તરસ છીપાવી છે. રહેવા માટેનું ઘર તૂટ્યું નથી. ગામમાં પૂર આવ્યું નથી. આજે કોઈ મોટો ઝઘડો નથી થયો. આજે મિત્રો સાથે ખુલ્લાદિલે હસીમજાક થઈ છે. ફૉન કે લૅટર દ્વારા સારા સમાચાર આવ્યા છે. તમે નિરાશા રાખો તેવું કશું નથી. તમે ખુશહાલ રહો. રાતે સૂતા પહેલા તમારાં ભાગ્યને યાદ કરીને રાજી થજો. આજનો દિવસ સરસ વીત્યો છે તે માટે તમારાં પુણ્યનો આભાર માનજો.

દિવસના ઘણા કલાકો હતા. થોડી મિનિટો આવેશને લીધે બગડી છે. ન શોભે તેવા શબ્દો મોંઢેથી નીકળ્યા છે. ખોટા આક્ષેપો કરી નાંખ્યા છે. જેમને સાચવી લેવા જોઈએ તેમનું અપમાન કર્યું છે. તમારી જીદ ખાતર પ્રિય સ્વજનો સાથે બોલાચાલી થઈ છે. તમારા લીધે આજે એક બે વ્યક્તિનું દિલ દૂભાયું છે. રાતે સૂતા પહેલા મનોમન તેમની માફી માંગજો. આવતી કાલે આવો આવેશ નથી કરવો તેનો સંકલ્પ કરજો.

તમે ડરપોક નથી. તમે વાસ્તવને જોઈને જીવો છો. આજે રાતે ઊંઘી ગયા



પછી કાલ સવારે તમે જીવતા જાગો તો સારું છે. કાલ સવારે તમે કદાચ ન ઉઠ્યા તો તમારી પાછળ કોઈ કાર્ય અધૂરા લટકવા જોઈએ નહીં. તમારી જવાબદારી બનતી હોય તેવાં નાનામોટા કામોની ફાઈલ ચોખ્ખી નહીં હોય તો તમારી ઊંઘ સારી નહીં પણ હરામની ગણાશે. તમે કાર્યકુશળ માણસ છો. કામો લટકતાં રાખીને ઊંઘો તો તમારી ઈજ્જત શું ? રાતે સૂતા પહેલાં આજે હાથમાં લીધેલાં કામો પૂરા થઈ ગયા છે તેની ખાતરી કરી લેજો.

તમે તમારાં જીવન માટે એક મિશન બનાવ્યું છે. આજના દિવસે તે મિશનની દિશામાં કેટલા આગળ વધ્યા તેની જાતતપાસ કરજો. તમે હિસાબ નહીં લો તો કોઈ હિસાબ લેવાનું નથી. તમે કરેલી ભૂલો બદલ તમારી જાતને નાનો ઠપકો આપજો. આવતી કાલે તમે વધુ મજબૂત બનીને આગળ વધી શકો તેનું પણ નાનું આયોજન કરજો. રાતે સૂતા પહેલાં કાલની સવારને સજાવી લેજો.

રોજ રાત પડે છે. રોજ ઊંઘ આવે છે. સપનાં અને નસકોરાં બંને ઊંઘની પેદાશ. સાધારણ આદમી જેવી ઊંઘ લેવાથી જનમારો સાર્થક નહી કરી શકો. રાતે સૂતા પહેલા તમે માણસાઈની માવજત કરજો. દિવસભરમાં ઈન્સાનિયત આચરી તેનો રાજીપો અનુભવજો અને હેવાનિયત આચરી હોય તેનો રંજ અનુભવજો.

તમારો આખો દિવસ સક્રિય રહે છે તે રાતે નિરાંતની ઊંઘ માટે. તમારી અડધોઅડધ જિંદગી આ રાતે સૂવાના સમયમાં પસાર થઈ જાય છે. સૂવાનો સમય અગત્યનો છે. સૂવાની ક્રિયા મહત્ત્વની છે. સૂવા માટેની પૂર્વતૈયારી નહીં કરો તે ઊંઘ બગડશે અને જિંદગી બગડશે.

રાતે સૂતા પહેલા સરસ તૈયારી કરજો.

❊ ❊ ❊

# જાગ રે જુવાન

પ્રિય યુવાન,

આજે તારે જાગવાની જરૂર છે. મીંઢા રાજકારણીઓ દેશને બરબાદ કરી રહ્યા છે. કહેવાતા મોભ્ભી લોકોને પૈસા અને પ્રતિષ્ઠાથી વિશેષ કાંઈ દેખાતું નથી. તંત્રમાં પાર વિનાની અવ્યવસ્થા છે. બોલી શકે તેવા લોકોને ચૂપ કરી દેવાયા છે. સુગઠિત રીતે તમને અને અમને મૂર્ખ બનાવવાનો કારસો રચાયો છે. તારી પ્રતિભાને ઘરરખ્ખુ બનાવીને રુંધી રાખીશ તો આગળ જતા તું ઘર સિવાય કશે કામ નહીં લાગે. તારી તાકાત જો. તારો જુસ્સો બઢાતે રહેના. તારે કામ કરવાનું છે સંઘ અને સમાજ માટે. તારી પાસે પાંચ હજાર લોકોનાં દુઃખ સુધી પહોંચવાની શક્તિ છે અને તું ઘરના દશ પંદર માણસોનાં દુઃખને જ ગણ્યા કરે છે. તારી નજર આસમાનને તાકી શકે છે અને તું થોડાક હજાર રૂપિયા માટે મરી રહ્યો છે. તારી દુનિયામાં ઈતિહાસની ફોરમ નથી. તારા હાથમાં અન્યાય સામેના હથિયાર નથી. તારાં મગજમાં સંસ્કૃતિનો સાર સંદેશ નથી. તું અટવાયો છે ફિલ્મ અને ક્રિકેટમાં. તું ફસાયો છે રૂપ અને રૂપિયામાં. તને જાણી ખૂબ આશ્ચર્ય થશે. કેવળ પોતાના સ્વાર્થ પર જ કેન્દ્રિત રહેનારા લોકો મનોવિજ્ઞાનની નજરે ભવિષ્યમાં અતિશય દુઃખી થવા નિર્માયા હોય છે. તારાં દુઃખમાં તારો સ્વાર્થ ભળેલો હોય તો તારે દુઃખને બદલે સ્વાર્થને ઘટાડવો જોઈએ. તારી ધારણાઓમાં અહંને બદલે ભલાઈ ભળેલી હોવી જોઈએ. તારી હાજરીમાં બીજાં પ્રસન્ન બને, બીજાને તારા દ્વારા ખુશમિજાજ મળે અને તું દરેક પાસેથી પ્રેમપૂર્વક પ્રેમ ઉઘરાવી શકે. તારી મુઠ્ઠીમાં વિશાળ ભવિષ્ય કેદ છે. તારી માટે સેંકડો સહભાગીઓ જાન કુરબાન કરવા તૈયાર છે. તારી પાસે અર્જુનનું લક્ષ્યવેધી બળ અને કર્ણની દરિયાવદિલી છે. તારો આત્મા કશુંક ઊંચું કામ કરવા તલસી રહ્યો છે. તને ખબર નથી કે તારી હેસિયત કેટલી બધી ઊંચી છે ? તારે એક ઘર અને એક દુકાનમાં જનમારો પૂરો નથી કરવાનો. તારે ઘર ઘરની



સમસ્યા શોધવાની છે. અને દુકાને દુકાને પહોંચેલી અનીતિ સામે જંગ છેડવાનો છે. તું તારી જાતને સાધારણ આદમી સમજી બેઠો રહે છે. તારામાં વસેલું સિંહ સત્ત્વ તું નહીં ફોરવશે તો તને પણ નુકશાન છે અને સંઘને પણ નુકશાન છે. તારે જાગવાનું છે અને ચારેકોર જાગૃતિનો જુવાળ સરજવાનો છે. તારી પાસે સંસ્કૃતિને ખૂબ બધી ઉમ્મીદ છે. તું નાની અમથી અડચણોમાં અટવાતો નહીં. તું જાગતો પરચો બની શકે છે. તું ધખી રહેલી ધૂણી બની શકે છે. આ જગતમાં થયેલી ક્રાંતિઓ યુવાનોએ કરી છે. આ જગતમાં ઘડાતા વિક્રમો જુવાનો પર નિર્ભર છે. આ જગતનું અર્થતંત્ર જુવાનોના કબજામાં છે. જુવાન જાગે તો જગત જાગે. જુવાન શરમાળ હોય, ડરપોક નહીં. જુવાન લડાયક હોય, ઝઘડાળુ નહીં. જુવાનમાં આક્રોશ હોય, આવેશ નહીં. તું યુવાન છે. તારા પગમાં યુગોના યુગોને હલાવી દેવાનું ધીંગું બળ છે. તારી આંખોમાં સાત સાગરને પાર પહોંચતી દિવ્યદૃષ્ટિ છે. તારાં જીવનમાં ન કરવા જેવી પ્રવૃત્તિઓ તું કરે છે. તારે બીજાની પાસે કેટલાય કામો કરાવવાના છે. તું જ સ્પષ્ટ અને સ્વસ્થ ન હોય તો બીજાને તું શું કામ લાગવાનો ? તું એક લક્ષ્ય નક્કી કરી લે. તું તારા જાનની બાજી લગાવી દઈશ તો દુનિયામાં ઉથલપાથલ મચી જશે. આપણાં વાતાવરણમાં ગંધાતી બદીઓને સામે તું બંડ પોકારીશ તો જબરદસ્ત પરિવર્તન આવશે. મારે તને એક જ સૂત્ર આપવું છે. જાગ રે જુવાન.

# યુવાની

હવે તમને ઘણી ખબર પડવા લાગી છે. તમે ધારદાર દલીલો કરીને વડીલોને ચૂપ કરી શકો છો. તમે નક્કી કરેલા સંબંધોમાં તમે મક્કમ રીતે આગળ વધો છો. સપનાઓ જોઈ શકો છો અને પડકાર ઝીલી શકો છો. તમે જીતી શકો છો અને હાર થાય તો બમણા ઝનૂનથી કામે લાગી જાઓ છો. તમારાં શરીરની રૂપરેખા સૌંદર્યને સ્પર્શી રહી છે. તમારી પ્રશંસા થાય છે. કોઈ તમારી માટે વિશેષ રીતે લાગણી રાખી રહ્યું છે. આ બધું યુવાનીમાં બને છે. યુવાન થયા બાદ બીજાની સાથે સ્પર્ધા રાખીને જીતી જવાનું ગમે છે. ભણવામાં વધુ ગંભીરતા આવે અથવા ભણવામાં નવો કંટાળો આવે તે યુવાનીની નિશાની છે. ઘટમાં થનગનતા ઘોડાની વાત મેઘાણી સાહેબે કરી છે. એ ઘોડાની લગામ એમણે શોધી નથી આપી. ઘોડો શક્તિશાળી જનાવર છે. એની દોડવાની ગતિનો જવાબ નથી હોતો. યુવાનને દોડવું હોય છે. એની માથે કુશળ સવાર બેઠો હોય તો કેટલાય વિક્રમો તૂટી જાય. ઘોડાની સ્વતંત્રતા ઘોડાની તાકાતને કમજોર બનાવે. યુવાનની સ્વતંત્રતા યુવાનની શક્તિને કમજોર બનાવે. યુવાની આવે ત્યારે જ ખરેખર વડીલની જરૂર પડે છે. તમે નાના હતા ત્યારે કશું વિચારી શકતા ન હતા તેથી વડીલને પરાધીન હતા. તમે યુવાન થયા. હવે તમે ઘણું વિચારી શકો છો, તેમાં ન વિચારવા જેવું શું છે તેની તમને ખબર પડતી નથી. તમે તો તમારા વિચારોને જરૂરી માનશો. તમારે ન સોચવાનું હોય તે તમે સોચવા લાગશો. તમારા વિચારોને સમર્થન આપે એવા મિત્રો તમને મળી રહેશે. વિચારવાનું અને સમજી શકવાનું સામર્થ્ય તમને હમણાં હમણાં મળ્યું છે માટે તમે રાજીપો રાખીને તમારું સામર્થ્ય કામે લગાડશો. તમે બીજાને રોકી શકશો પણ બીજા તમને રોકશે તે નહીં ગમે. તમે બીજાને સમજાવી શકશો પણ કોઈ તમને સમજાવવા બેસે તે તમને મંજૂર નહીં હોય. યુવાનીમાં શક્તિ મળે છે. શક્તિનો ઉપયોગ કરવાની સ્વતંત્રતા મળે છે. શક્તિનું નિયંત્રણ કરનારું છત્ર યુવાનીમાં મળતું નથી. એ શોધવું પડે છે. તમે યુવાન હો તો સારી વાત છે. તમે તમારાથી



ઉંમરમાં મોટા હોય, અનુભવી હોય તેવા વડીલને મિત્ર બનાવો. એ તમારી માતા કે તમારા પિતા પણ હોઈ શકે, એ તમારા દાદા કે દાદી પણ હોઈ શકે. તમે આ સંબંધને પ્રેમથી સંભાળી રાખો. તમારા વિચારોને વહેંચવા માટેનો શ્રેષ્ઠ તબક્કો જુવાની છે. તમે વિચારોને એ વડીલ મિત્ર સુધી પણ પહોંચાડો. તમારી ઉંમરના મિત્રો કેવળ તમારી હા સાથે પોતાની હા ભળાવશે. વડીલ મિત્ર તમારી વાતને પોતાના અનુભવથી વાંચશે. તમારા વિચારોમાં કોઈ ભૂલ હોય તો જુવાન દોસ્તારો સમજી શકશે નહીં. તમારા વડીલ મિત્ર એ સમજી શકશે. તમે શું કરવા માંગો છો ? તમે શું કામ આ કરી રહ્યાં છો. તમારાં મનની ભાવના શું છે ? તે તમારે નિખાલસતાથી જણાવવાનું. તમે માનો છો એટલા જડ નથી હોતા વડીલો. ગઈકાલે આ વડીલો જુવાન હતા. તેમણે તમારી જેમ જ યુવાનીના જુસ્સામાં કેટલુંય વિચાર્યું હતું અને સપનાઓ સાકાર કરવાના રસ્તાઓ પણ ઘડી કાઢેલા. એમણે ત્યારે માથે વડીલ રાખ્યા નહોતા. સમાન વયના મિત્રોની સોબત ખોટી નથી. અનુભવથી ખામી ભૂંડો ભાગ ભજવે છે. એ વડીલો પોતે જ્યાં માર ખાધો ત્યાં તમને બચાવવા માંગે છે. તમે સામે ચાલીને મળતા અને પૂછતા રહેશો તો તમારી યુવાનીને તમારી ધારણા કરતાં વધુ સફળતા મળશે. યુવાની રણકતો સિક્કો છે. તમારા હાથોમાં જબરદસ્ત શક્તિ છે. તલવાર જેવી તીવ્ર અને આગ જેવી ભભૂકતી. મુદ્દાની વાત એ છે કે, એકલી આગ સર્વભક્ષક બને છે. તલવાર માણસના હાથમાં હોવી જોઈએ અને આગ માણસના કાબૂમાં હોવી જોઈએ. યુવાની તમારી છે. તેની શક્તિ તમારા વડીલના હાથમાં હોય અને તમારી સ્વયંભૂ શિસ્ત સાથે એ વડીલો દ્વારા સંચાલિત બનતી હોય તો ઈતિહાસને નવો જન્મ લેવો પડે.

* * *

# આવતી કાલે સવારે

**મ**ને ખબર નથી આવતી કાલે સવારે શું થશે ? મારી ધારણા સાચી પડે તો આવતી કાલે સવારે સોનાનો સૂરજ ઉગશે. આજ સવારે જે ખુશી અને રાજીપો છે તેનો તો હિસાબ નથી જ. આવતી કાલે સવારે ખુશીઓનો દરિયો લહેરાતો હશે. મને મળેલું સદ્‌ભાગ્ય, મને મળેલું જીવન આજ સુધી તો મારી પાસે સારી ખુશખબર લાવ્યું છે. મને સારા સમાચારો પર અટકતા નથી આવડતું. હું સારા ન હોય તેવા સામાચારો પર ધ્યાન કેન્દ્રિત કરું છું. સારા સમાચારો મન પર અમીટ છાપ મૂકતા નથી. ખરાબ સમાચારના લીસોટા ઊંડા મુકાય છે. સારા સમાચારનો અર્થ સારી ન હોય તેવી ઘટનાઓ. મારી સાથે જે કાંઈ બને છે તેમાં શુભકારી અને સુખકારી મને યાદ નથી રહેતું. એવું જે કાંઈ બને છે તે ઝડપથી ભૂલી જવાય છે. જેમાં દુઃખ અને નિરાશા છે તેવું લાંબા સમય સુધી યાદ રહે છે. દુઃખ મળે છે તેને લીધે સુખ ભૂલી જવાય છે. સુખ મળે છે તેને લીધે દુઃખ ભૂલાતા નથી. સુખમાં ઊંડાણ નથી, દુઃખમાં તીવ્રતા છે. સુખમાં વિશ્વાસ નથી, દુઃખ રહેવાનું છે તેની ખાતરી છે. સુખ જશે તેનો ભય છે. દુઃખ જશે જ નહીં તેની પાકી ખબર છે. બહારના સંયોગો જે હોય તે. મારાં મનના સંયોગો અવળા છે. આવતી કાલે સવારે મારાં મનને નવો વિષય આપવો છે. સુખોની વચ્ચેથી દુઃખ શોધી કાઢવાની આદત ઘટાડવી છે. દુઃખોની વચ્ચેથી સુખ શોધી કાઢવાની આદત બનાવવી છે. તમને જે મળે છે તેમાં સુખ અને દુઃખ રહેતાં નથી. તમે જે માનો છો તેમાં સુખ અને દુઃખ હોય છે. તમે વિચારો છો તેની આસપાસ સુખાનુભૂતિ અને દુઃખાનુભૂતિ વસે છે. આવતી કાલે સવારે સૂરજ ઊગશે ત્યારે મારા વિચારો પર ધુમ્મસ નહીં હોય. બીજાને ના મળ્યું હોય તેવું ઘણું બધું મને મળ્યું છે. મારાં વ્યક્તિત્વની વિશેષતાઓની બીજાઓને ભલે કદર ન હોય, મને તો છે. હું મારી ભૂલોનો બચાવ ક્યારેય નથી કરતો. ભૂલો મારી પ્રતિભાને બગાડે છે તે હું કબૂલું છું. તેમ છતાં મને મારી જાત માટે પૂરેપૂરી શ્રદ્ધા છે. હું મારી જાતને જેટલી હદે ઓળખી શકું તેટલું બીજું કોણ ઓળખવાનું હતું ? મારાં વહેવાર અને વર્તનનો સારોનરસો પડઘો સાથી-દારોનાં વહેવાર અને વર્તનમાં પડે છે. એટલે મારી જાતને વારંવાર નવેસરથી જોવા માટે હું મારા સાથીદારોને સૂચવું છું. મને લાગણી અને વિશ્વાસ છે સૌની ઉપર. મારી પોતાની પ્રતિભાની માવજત કરવાનું હું ચૂકવાનો નથી. આવતી કાલે સવારે હું મારી વ્યક્તિમત્તાની સૌથી વધુ કિંમત કરીશ. મેં મારી જાતને સતત અન્યાય કર્યો છે. મારાં સ્તર કરતાં મેં ઓછી કાર્યક્ષમતા દાખવી છે. મારાં ગૌરવને અનુરૂપ મેં કાંઈ જ કર્યું નથી. હું મારી જાતને તદ્દન સાધારણ માણસ સમજતો રહ્યો છું. મારી ઉપલબ્ધિઓને મેં આત્મવિશ્વાસનું માધ્યમ નથી બનાવી. મારી સફળતાને મેં આત્મસંતોષનો સેતુ બનાવી દીધી નથી. મારી નજરે હું મહાન્ નથી. ખરેખર હું મહાન છું પણ નહીં. મારી નજરે હું નબળો છું કેવળ મારે જાતે મારું સ્વયંસમર્થન કરવાનું છે. હું બીજાના અભિપ્રાય પ્રમાણે મારી જાત માટેના અભિપ્રાય ઘડવાનો નથી. હું પહેલા મારી સાચી મૂલવણી કરીશ. મેં કરેલી ભૂલોના ખુલાસા હું મારી જાતને આપી દઈશ. મેં ગુમાવ્યું હોય તેનું દુઃખ રાખવાને બદલે મેં જે નથી ગુમાવ્યું તેનો સો ટકા ઉપયોગ કરીશ. મને બે હાથ વચ્ચે દશ આંગળી મળી છે. દશ આંગળી ભેગી થાય ત્યારે અંજલિ મુદ્રા રચાય છે. આ મુદ્રા પ્રાર્થના અને સંકલ્પની મુદ્રા છે. મારી દશ આંગળીઓ સહી સલામત છે. તે મારી માટે પૂરતું છે. આવતી કાલે સવારે મારા હાથની દશ આંગળીઓની સાથે હું આત્મ ઉત્થાન સાધવા નવેસરથી પુરુષાર્થ કરવાનો છું. મારી સાથે સૂરજનાં હજાર હજાર કિરણો ચમકતા હશે.

❁ ❁ ❁

# લો અમે તો આ ચાલ્યા

**આ**જે આપણે વિખૂટા પડીએ છીએ. તમે અને હું ઘણા સમયથી મળતા રહ્યા છીએ. મારી વાતોને તમે ધ્યાનથી સાંભળી છે. મારી પાસે પૈસા નથી કે પહેચાન નથી. થોડા શબ્દો છે મારી પાસે. તમને મારા શબ્દો ગમ્યા હશે. તો જ તમે રોજ મારી પાસે આવ્યા. મને મારા શબ્દો ગમે છે. મને જે ગમે તે મારે તમને આપવાનું હતું. મને વાંચવાનું ગમે છે. મને વિચારવાનું ગમે છે. મારું વાંચન અને મારા વિચારો તો ઘણાં છે. તેમાં તમને સૌથી વધુ શું ગમે તે હું રોજ નક્કી કરતો. તમને ન સમજાય તેવું કાંઈ કહેવાનું નહોતું. તમને સમજવામાં તકલીફ પડે એવા શબ્દો વાપરવાના નહોતા. તમારાં મનમાં ઉતરે અને તમારા વિચારોને બદલે તેવું જ મારે કહેવાનું હતું. હું કહેતો રહ્યો. તમે સાંભળતા રહ્યા. મારી પાસે તો આત્મવિશ્વાસનું ધન છે. હું જે કહીશ તે સારું જ હશે તેવી ખાતરી સાથે મેં કહ્યું છે. તમે મને સાંભળતી વખતે મારી પર વિશ્વાસ મૂક્યો કે આ જે કહેશે તે સારું જ હશે. તમારો મારી પરનો વિશ્વાસ એ મારી મોંઘી મૂડી છે. તમારી સાથે મારી ઓળખાણ નહોતી. તમે મારા વિચારોને જાણતા નહોતા. તમને મારી પાસેથી મળેલા વિચારોએ જે આનંદ આપ્યો તે બીજા કોઈએ કદાચ, નહીં આપ્યો હોય. મારી જેવા વિચારો અને સારા શબ્દોના સૌદાગરો તમને ઘણા મળ્યા હશે. તેમણે મારા કરતા વિશેષ સારું પ્રદાન કર્યું હશે. તમને મારી પાસે ન હોય તેવી ઊંચાઈ અને તેવું ઊંડાણ તેમની પાસે હશે. તમે મારી વાતને સાંભળતા રહ્યા એ મારી જીત છે. બીજા સમજદાર લોકોની સારી વાતો તમે સ્વીકારી તે રીતે મારી વાતો તમે સ્વીકારી. મારી સમજદારીની આ જીત છે. તમે સતત મને સ્વીકારતા રહ્યા. મારી વાતોએ તમારામાં, તમારાં વ્યક્તિત્વમાં થોડો ઉમેરો કર્યો છે. મને લાગે છે કે મારી વાતો તમને ગમી છે. તમને મારા તરફથી મળેલા વિચારો ગમે તે મારું સૌથી મોટું સન્માન છે. તમે મારા બન્યા વિના મારા બન્યા છો. હું તમારો બન્યા વિના તમારો બન્યો છે. તમારો અને મારો આ



સંબંધ અચાનક શરૂ થયેલો. આજે આપણે છૂટા પડવાનું છે. કાલે હું તમારી પાસે આવીશ નહીં. કાલ પછીના દિવસોમાં આપણી મુલાકાત નહીં થાય. મને વિચાર આવે છે કે તમને મારી પાસેથી નક્કર અને નિશ્ચિત બનેલા સદ્‌વિચારો મળ્યા છે. તમે રોજ મળતા. રોજ મને સાંભળતા. રોજે રોજની મુલાકાત હોવાથી ભૂલવાનો પ્રશ્ન નહોતો. હવે એ પ્રશ્ન આવ્યો છે. તમે મને ભૂલશો તે મહત્ત્વનું નથી. તમે મારી વાતોને ભૂલતા નહીં. મેં તમારી પાસે કશી અપેક્ષા રાખ્યા વગર મારું શ્રેષ્ઠ તત્ત્વ તમને આપ્યું છે. તમારી પર ઉપકારો કરવાનો મારો દાવો હતો નહીં અને હોઈ શકે પણ નહીં. મેં તમને જીવનભર કામ લાગે તેવું કાંઈક તમને આપ્યું છે. તે તમારા દ્વારા આગળ વહેતું જાય તેવી મારી ઈચ્છા છે. મારી વાત તમે યાદ રાખો તો એ તમારા દ્વારા આગળ જશે. મારી વાત તમે જ ભૂલી જશો. તો એ વહેણ આગળ વધી શકશે નહીં. મારી પાસે આવેલી વાત તમારી સમક્ષ મૂકીને મેં વહેણ જીવતું રાખ્યું છે. તમારી પાસે આવેલી વાતો તમે તમારા સ્વજનો સમક્ષ વહેતી રાખજો. મારા તરફથી તમને મળતા વિચારોને હાલપૂરતો અલ્પવિરામ મળ્યો છે. રજૂઆતનો અલ્પવિરામ એ પૂર્ણ વિરામ નથી. મેં કહ્યું તે તમારી ભીતરમાં મંથન ચલાવશે. મારી વાતો તમારાં મનમાં ઘોળાયા કરશે. એનું સારભૂત નવનીત તમે વળી બીજા લોકોને આપશો. તમારી પર આ વિશ્વાસ મૂકીને અટકું છું. મને આજની આ ક્ષણે યાદ આવે છે, તુષાર શુક્લના શબ્દો.

**શબ્દ કેરી પ્યાલીમાં અર્થની સુરા પીને લો અમે તો આ ચાલ્યા**
**મસ્ત બેખયાલીમાં લાગણી આલાપીને લો અમે તો આ ચાલ્યા.**